દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 104 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 May 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૩ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# પહલગામ હુમલામાં પાકની સંડોવણીના પુરાવા મળ્યા


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 86,310/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
આજે સોનુ ખરીદી કરવાનો શુભ દિવસ
પુષ્ય નક્ષત્ર યોગ
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## પાકિસ્તાનનું લશ્કર અને જાસૂસી સંસ્થા હુમલાખોરોના સંપર્કમાં હતા: એનઆઈએ

નવી દિલ્હી: નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ને જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ તાજેતરમાં કરેલા હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા મળ્યા છે.

તપાસના પ્રાથમિક અહેવાલ મુજબ પાકિસ્તાનના ત્રાસવાદી સંગઠન લશ્કરે તૈયબા, પાકિસ્તાનની જાસૂસી સંસ્થા - ઇન્ટર સર્વિસીસ ઇન્ટેલિજન્સ (આઇએસઆઇ) અને પાકિસ્તાનના લશ્કરે મળીને આ હુમલા કર્યા હતા.

કાશ્મીરના ખીણ વિસ્તારમાંના ઓછામાં ઓછા ૨૦ જણે હુમલાખોર ત્રાસવાદીઓને હરફર, આશ્રય સહિતની વિવિધ સુવિધા પૂરી પાડવા ઉપરાંત સ્થાનિક માહિતી આપી હતી અને તેઓની પૂછપરછ હાલમાં ચાલુ છે.

નિશાર અહેમદ ઉર્ફે હાજી અને મુશ્તાક હુસેન હાલમાં જમ્મુની કોટ ભાલવાલ જેલમાં છે અને તેઓની પણ પૂછપરછ થઇ રહી છે. તેઓને અગાઉ લશ્કરે તૈયબા દ્વારા ૨૦૨૩માં ભાટા ધુરિયન અને તોતાગલી ખાતે લશ્કરના કાફલા પર થયેલા હુમલાના સંબંધમાં પણ પકડવામાં આવ્યા હતા.

પાકિસ્તાનના બે નાગરિક હાશમી મુસા ઉર્ફે સુલેમાન અને અલીભાઇ ઉર્ફે તાલહાભાઇ સરહદ પારના હેન્ડલર્સના સતત સંપર્કમાં હતા અને હિલચાલ, હુમલાના સમય તેમ જ તેના અમલને લગતી વિવિધ સૂચના મેળવતા હતા.

ત્રાસવાદીઓએ હુમલાના ઓછામાં ઓછા એક અઠવાડિયા પહેલાં કાશ્મીરમાં ઘૂસણખોરી કરી હતી. તેઓ કેટલાક સ્થાનિક લોકોની સહાયથી પહલગામ ૧૫ એપ્રિલે પહોંચ્યા હતા અને બૈસરન વૅલી, આરુ વૅલી, બેતાબ વૅલી અને સ્થાનિક એમ્યુઝમેન્ટ પાર્કની તપાસ કરી હતી, પરંતુ બૈસરન વૅલીમાં સલામતી દળોની અન્ય વિસ્તારોની સરખામણીમાં ઓછી હાજરી જણાતા ત્યાં હુમલો કરવાનું નક્કી કર્યું હતું.

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીને તપાસ દરમિયાન હુમલાના સ્થળેથી આશરે ૪૦થી વધુ કારતૂસ મળી હતી અને તેને બેલિસ્ટિક અને કેમિકલ એનાલિસીસ માટે મોકલાઇ હતી. ત્રાસવાદીઓએ હુમલાના સ્થળનું થ્રી-ડી મેપિંગ કર્યું હતું. હુમલાની પહેલાં બૈસરન વિસ્તારમાં ત્રણ સેટેલાઇટ ફોન સક્રિય હતા અને તેમાંના બેના સિગ્નલ પકડાયા હતા.

સુરક્ષા દળોએ હુમલા બાદ અંદાજે ૨,૮૦૦ જણની પૂછપરછ કરી હતી અને તેમાંના આશરે ૧૫૦ જણ હજી તાબામાં રાખ્યા છે.

પહલગામના વિવિધ ટ્રાન્ઝિટ પોઇન્ટ્સ, સાર્વજનિક સ્થળો ખાતેના સીસીટીવી કેમેરા અને પ્રાદેશિક ચોકી ખાતેથી

(જુઓ પાનું ૨) ▸▸

## કેરળમાં આંતરરાષ્ટ્રીય સીપોર્ટ રાષ્ટ્રને સમર્પિત કરતા મોદી



**ઉદ્‌ઘાટન:** તિરુવનંતપુરમમાં શુક્રવારે વિઝિનજામ ઈન્ટરનેશનલ સી-પોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તે સમયે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેરળના ગવર્નર રાજેન્દ્ર આર્લેકર, મુખ્ય પ્રધાન પિનારાય વિજયન, અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી અને અન્યોએ હાજરી આપી હતી. (એજન્સી)

તિરુવનંતપુરમ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં અંદાજે રૂપિયા ૮,૮૬૭ કરોડના ખર્ચે તૈયાર થયેલું વિઝિંજમ આંતરરાષ્ટ્રીય સીપોર્ટ શુક્રવારે રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું અને આ પ્રસંગે દાવો કર્યો હતો કે આ સીપોર્ટથી કેરળ દુનિયાના દરિયાઇ વેપારના નકશામાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરશે અને તે આ રાજ્ય સહિત ભારત માટે ભારે લાભદાયક સાબિત થશે.

મોદીએ વિઝિંજમ આંતરરાષ્ટ્રીય સીપોર્ટનું લોકાર્પણ કર્યા બાદ પોતાના પ્રવચનમાં કેરળના મુખ્ય પ્રધાન પિનારાઇ વિજયનને વિપક્ષની યુતિના મહત્ત્વના 'આધાર સ્થંભ' ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે પિનારાઇ વિજયન અને કૉંગ્રેસના સાંસદ શશી થરૂર અહીં મંચ પર મારી સાથે હોવાથી અનેક લોકોની 'રાતની ઊંઘ' ઊડી ગઇ છે.

મોદીના પ્રવચનનું ભાષાંતર કરનારી વ્યક્તિએ આ નિવેદનનું યોગ્ય ભાષાંતર કર્યું નહોતું ત્યારે વડા પ્રધાને જણાવ્યું હતું કે મારો સંદેશો યોગ્ય લોકો (વિપક્ષના અન્ય નેતાઓ) સુધી પહોંચી ગયો છે. મોદીએ જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

### 'ગુજરાતીઓ અદાણીથી નારાજ થયા છે'

તિરુવનંતપુરમ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં વિઝિંજમ આંતરરાષ્ટ્રીય સીપોર્ટ શુક્રવારે રાષ્ટ્રને સમર્પિત કર્યા બાદ મજાકમાં જણાવ્યું હતું કે અદાણી ગ્રૂપના અધ્યક્ષ ગૌતમ અદાણી મૂળ ગુજરાતના હોવા છતાં તેમની કંપનીએ આટલું મોટું બંદર કેરળમાં બાંધ્યું હોવાથી ગુજરાતના લોકો ગૌતમ અદાણીથી નારાજ થયા છે. મોદીએ જણાવ્યું હતું કે બંદરોને લગતા રાજ્ય કક્ષાના પ્રધાન વી. એન. વાસવાને અદાણી ગ્રૂપને રાજ્યની સામ્યવાદી સરકારનું મહત્ત્વનું ભાગીદાર ગણાવ્યું છે અને તે જ બતાવે છે કે દેશમાં પરિવર્તન આવી રહ્યું છે.

## ડેટા ચીન ટ્રાન્સફર કરવા બદલ ટિકટૉકને ૬૦ કરોડ ડૉલરનો દંડ

લંડન: યુરોપિયન યુનિયનના પ્રાઇવસી વૉચડૉગ્સે ટિકટૉક પર યુરોપિયન યુનિયનના ડેટા પ્રાઇવસીને લગતા કડક નિયમનો ભંગ કરીને ડેટા ચીનને મોકલવાનો આરોપ મૂક્યો હતો અને તેને ૫૩ કરોડ યુરો (એટલે કે અંદાજે ૬૦ કરોડ ડૉલર)નો દંડ કર્યો હતો.

ટિકટૉક સામે ચાર વર્ષ તપાસ ચાલી હતી અને બાદમાં તેને દોષી જાહેર કરાઇ હતી.

આયરલૅન્ડના ડેટા પ્રોટેક્શન કમિશનરે પણ ટિકટૉકને ઠપકો આપતા જણાવ્યું હતું કે આ કંપની પોતાના વપરાશકારો કે ગ્રાહકોની અંગત માહિતી કોને મોકલવામાં આવે છે, તે જણાવતું નથી. કંપનીની કામગીરી પારદર્શક નથી. આ કંપનીએ પોતાના દ્વારા સંબંધિત નિયમનું કડક પાલન કરાતું હોવાનું આગામી છ મહિનામાં સાબિત કરવું પડશે.

ટિકટૉકનું ૨૭ દેશના યુરોપિયન યુનિયનમાંનું વડું મથક ડબલિનમાં આવ્યું હોવાથી આઇરિશ નેશનલ વૉચડૉગે તેની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

(જુઓ પાનું ૨) ▸▸

## ચીલી અને આર્જેન્ટિનામાં ૭.૪ની તીવ્રતાવાળો ભૂકંપ

સેન્ટિયાગો (ચીલી): દક્ષિણ ચીલી અને આર્જેન્ટિનામાં શુક્રવારે ૭.૪ની તીવ્રતાવાળો ધરતીકંપ આવ્યો હતો.

યુનાઇટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે આ ધરતીકંપની તીવ્રતા ઘણી વધારે હોવાથી સુનામીનો ભય ઊભો થયો હતો.

ચીલીના સત્તાવાળાઓએ સુનામીની સંભાવનાને ધ્યાનમાં રાખીને દક્ષિણ ચીલીમાં આવેલા મેગલેન સામુદ્રધુનીના આખા કાંઠા-વિસ્તારને તાત્કાલિક ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

ચીલીની નેશનલ સર્વિસ ફોર ડિઝાસ્ટર પ્રિવેન્શન ઍન્ડ રિસ્પોન્સે સમગ્ર વહીવટીતંત્રને સાબદું કર્યું હતું.

મેગલેન વિસ્તાર દક્ષિણ ચીલીમાં આવેલો સૌથી મોટો પ્રદેશ છે અને ત્યાં ૨૦૧૭ની વસતિગણતરી મુજબ અંદાજે ૧,૬૬,૦૦૦ લોકો રહેતા હતા. ચીલીના પ્રમુખ ગેબ્રિયેલ

(જુઓ પાનું ૨) ▸▸


યુરોપ સ્વીઝરલેન્ડ-૫ રાત્રી પેરીસ-૩ રાત્રી
એમસ્ટરડેમ-૨ રાત્રી, ઈટાલી- ૩ રાત્રી, ઓસ્ટ્રીયા-૧ રાત્રી ૧૫ દિવસ, વીઝા, Emirates Flight, વેજ/જૈન લંચ-ડીનર નાસ્તો, માત્ર ૬ સીટ બાકી, ૧૩ જૂન (મેની બધી જ ટુરો FULL)
સીંગાપોર+ડ્રીમ ક્રુઝ ૭મે, ૬ દિવસ રૂ.૧,૩૯,૦૦૦/-*
યુનીવર્સલ, સેન્ટોસા, ફ્લાયર, ગાર્ડન બાય ધ બે, સીટી ટુર એરફેર, વીઝા, ૪* હોટલ, ક્રુઝ, નાસ્તો-લંચ-ડીનર સાથે
આસામ-અરૂણાચલ-મેઘાલય
૨૪મે, દિ.૧૧, ગુવહાટી, કાઝીરંગા, ચેરાપુંજી, દાવકી તવાંગ, ડીરાંગ, બુમલા પાસ સાથે, રૂ.૫૪,૦૦૦*+એરફેર ૩* હોટલ, લકઝરી ટ્રાવેલર્સ, મહારાજ દ્વારા પ્યોર વેજ/જૈન ફુડ
સીંગાપોર-મલેશીયા થાઈલેન્ડ-ક્રુઝ, ૯ સપ્ટે | VIETNAM-SAPA D-10/8.DEP.SEPT/OCT
લડાખ નુબ્રા પેંગોંગ, કારગીલ, મે, જૂન | ચારધામ દિ.૧૧ ૧૨જૂન ૧સપ્ટે
વર્ષ ૨૦૦૩થી નીરવ સંઘવી સંચાલીત
વિનાયક ટુર્સ
91379 46753 / 99307 16930 / 98200 93130
૮, શ્રી વલ્લભ, મહાવીરનગર, કાંદીવલી(વે)
અમારી અન્ય કોઈ BRANCH નથી


## ભારતીય વાયુસેનાની ગંગા એક્સપ્રેસ-વે પર ઉતરાણ કવાયત શરૂ

શાહજહાંપુર: ભારતીય વાયુસેનાએ શુક્રવારે ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લામાં ગંગા એક્સપ્રેસવેના ૩.૫ કિલોમીટરના પટ પર તેની બહુપ્રતિક્ષિત ''લેન્ડ એન્ડ ગો'' કવાયત શરૂ કરી હતી, જે દેશની સંરક્ષણ તૈયારીમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

આ એક્સપ્રેસ-વે પટને અલગ પાડતી બાબત એ છે કે તેની દિવસ અને રાત બંને પ્રકારના ફાઇટર જેટ લેન્ડિંગની સુવિધા આપવાની અનન્ય ક્ષમતા છે, જે તેને દેશનો પ્રથમ આવો રનવે બનાવે છે.


અત્યાર સુધી, લખનૌ-આગ્રા અને પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર સમાન ઇમરજન્સી લેન્ડિંગ કવાયત હાથ ધરવામાં આવી છે, પરંતુ તે દિવસના ઓપરેશન સુધી મર્યાદિત હતી. એક્સપ્રેસવે પર અદ્‌ભુત ફ્લાઇટ પ્રદર્શનો જોવા માટે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકો ઉમટી પડ્યા હતા.

આ ટ્રાયલમાં રાફેલ, સુ -૩૦ એમ.કે.આઈ., મિરાજ-૨૦૦૦, મિગ-૨૯, જગુઆર, સી-૧૩૦જે સુપર હર્ક્યુલીસ, એએન-૩૨ અને મી૧૭ વીપ હેલિકોપ્ટર સહિત વાયુસેનાનાં વિવિધ વિમાનોનો સમાવેશ થાય છે.

આ કવાયત દિવસના પ્રકાશ અને રાત્રિ બંને સમયે ઓછી ઉડાન, ઉતરાણ અને ટેક-ઓફનું પરીક્ષણ કરશે.

આ કવાયતની સફળતા એક્સપ્રેસ-વેની કટોકટી દરમિયાન વૈકલ્પિક રનવે તરીકે કાર્ય કરવાની ક્ષમતા પણ દર્શાવશે, જે વાયુસેનાની ઓપરેશનલ સુગમતામાં વધારો કરશે.

એક્સપ્રેસવેને ફુલપ્રૂફ સુરક્ષા અને દેખરેખ સુનિશ્ચિત કરવા માટે ૨૫૦થી વધુ સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યો છે. કાર્યવાહીનું નિરીક્ષણ કરવા માટે ટોચના સંરક્ષણ અને રાજ્ય અધિકારીઓ પણ હાજર હતા. ગંગા એક્સપ્રેસ-વે ઉત્તર પ્રદેશનો ચોથો એક્સપ્રેસ-વે બનશે જ્યાં કટોકટી હવાઈ પટ્ટી હશે, પરંતુ રાત્રિ ઉતરાણને મંજૂરી આપનાર પ્રથમ એક્સપ્રેસ-વે બનશે, જે ચોવીસ કલાક ઓપરેશનલ તૈયારી માટેનો માર્ગ મોકળો કરશે.



## વધુ એક નેપાળી વિદ્યાર્થિનીનું મોત

ભૂવનેશ્વર: ઓડિશાના ભૂવનેશ્વરમાં કલિંગા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડસ્ટ્રિયલ ટેકનોલોજી (કેઆઇઆઇટી) માં અભ્યાસ કરતા ૧૮ વર્ષીય નેપાળી વિદ્યાર્થિનીના મૃત્યુના થોડા કલાકોમાં જ નેપાળે મૃત્યુની તપાસ માટે રાજકીય પહેલ શરૂ કરી હતી. ગુરુવારે સાંજે સંસ્થાની હોસ્ટેલમાં આવેલા તેના રૂમમાં નેપાળી મૂળની વિદ્યાર્થિનીનો મૃતદેહ પંખા પર લટકતો મળી આવ્યો હતો. નોંધનીય છે કે ૧૬ ફેબ્રુઆરીના રોજ આ જ સંસ્થાની અન્ય એક નેપાળી વિદ્યાર્થિની પ્રકૃતિ લામસાલે કથિત રીતે આત્મહત્યા કર્યાના લગભગ અઢી મહિના પછી આ ઘટના બની હતી.

નેપાળના વિદેશ મંત્રી આરજૂ રાણા દેઉબાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે ''ભારતના ઓડિશામાં

(જુઓ પાનું ૨) ▸▸


LIYALA
Premium Quality Kurtis & Pant Sets @ Factory Rates.
NEW STYLES!!!
We cordialy invites you to Visit us at
FLEA80 (THANE) THE WALK, HIRANANDANI ESTATE, THANE STALL NO 34 & 35 2ND MAY TO 04TH MAY 2025 3 PM TO 11 PM
UTSAV (BKC) MEGA INTERNATIONAL SHOPPING EXIBITION, MMRDA GROUNDS, BKC, 25TH APR TO 04TH MAY 2025 3 PM TO 11 PM
INORBIT MALL 34 INORBIT MALL, MALAD (WEST) 9TH MAY TO 11TH MAY 2025 3 PM TO 11 PM
CONTACT US FOR LIYALA FRENCHISE
MONISH LIYA : 77770 71395 LIYALA CLOTHING PVT LTD
WWW.LIYALA.IN




**ભારે વરસાદ:** દિલ્હીમાં શુક્રવારે વહેલી સવારે ભારે ઝડપથી પવન ફૂંકાવાની સાથે થયેલા વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. (એજન્સી)

## દિલ્હીમાં ખરાબ હવામાનને કારણે વિમાનસેવા ખોરવાઈ

### અનેક વિમાનો મોડા પડ્યા, ત્રણ ફ્લાઈટ અન્યત્ર વાળવામાં આવી

નવી દિલ્હી: દિલ્હીમાં શુક્રવારે ખરાબ હવામાનને ભારે વરસાદ અને ખૂબ જ ઝડપે ફૂંકાયેલા પવનને કારણે વિમાનસેવા ખોરવાઈ ગઈ હતી.

ખરાબ હવામાનને કારણે દિલ્હી આંતરરાષ્ટ્રીય હવાઈમથક પરથી ત્રણ ફ્લાઈટ અન્યત્ર વાળવામાં આવી હતી અને ૨૦૦ કરતાં પણ વધુ ફ્લાઈટ મોડી પડી હતી. વરસાદને કારણે રસ્તા પર પાણી ભરાઈ જતાં અનેક લોકો અટવાઈ ગયા હતા. વરસાદને કારણે મિન્ટો રોડ, મેજર સોમનાથ માર્ગ, આરકે પુરમ અને ખાનપુર વિસ્તાર

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીમાં વરસાદ સંબંધિત ઘટનામાં ત્રણ બાળક અને એક મહિલાનું મોત

નવી દિલ્હી: દિલ્હીમાં શુક્રવારે ભારે પવન સાથે થયેલા વરસાદને કારણે નજફગઢ વિસ્તારમાં એક ઘર તૂટી પડતાં ત્રણ બાળક અને એક મહિલાનું મોત થયું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. નજફગઢના ખારકારી નહાર ગામમાં ઘર તૂટી પડ્યું હોવાની જાણ કરતો ફોન શુક્રવારે વહેલી સવારે ૫.૨૫ વાગે આવ્યો હોવાનું અગ્નિશમન દળના અધિકારીએ કહ્યું હતું. ઘટનાની જાણ થતાં જ અમારી ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી આરંભી દીધી હતી. મકાનનાં કાટમાળ હેઠળથી ચાર જણને બહાર કાઢી સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘટનાની અમે પોલીસને જાણ કરી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## પાકના સતત ગોળીબારથી સરહદી ગામોમાં ભયનું સામ્રાજય

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરનાં સરહદી ગામોમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ છે. પાકિસ્તાની લશ્કરે સતત આઠમી રાત્રે અંકુશરેખા પરની ભારતની આગળની પોસ્ટને લક્ષ્ય બનાવીને બિનઉશ્કેરણીજનક ગોળીબાર કર્યો હતો. ભારતીય લશ્કરે આનો તરત જ જવાબ આપ્યો હતો.

ભારતીય લશ્કરે એક નિવેદનમાં કહ્યું હતું કે ગુરુવારે રાત્રે પણ પાકિસ્તાની લશ્કરની ચોકીઓએ નાનાં હથિયારો વડે જમ્મુ અને કાશ્મીરમાં કુપવાડા, ઉરી અને

(જુઓ પાનું ૨) ▸▸

## નૈનિતાલમાં સગીરા પર બળાત્કાર બાદ તંગદિલી

નૈનિતાલ: નૈનિતાલમાં ૧૨ વર્ષની બાળકી પર વયસ્ક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા કથિત બળાત્કારને પગલે તણાવપૂર્ણ પરિસ્થિતિ નિર્માણ પામી હતી.


ઉત્તરાખંડ હાઈ કોર્ટે આ બાબતની આપમેળે નોંધ લઈ પોલીસને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાનો, વાહનોની સઘન ચકાસણી કરવાનો અને લોકો ટોળે ન વળે તેનું ધ્યાન રાખવાનો આદેશ આપ્યો હતો.

વરિષ્ઠ ન્યાયાધીશ મનોજકુમાર તિવારી અને ન્યાયાધીશ વિવેક ભારતી શર્માની બનેલી ખંડપીઠે અફવા ન ફેલાય તેનું ધ્યાન રાખવા વહીવટીતંત્રને ઈન્ટરનેટ પર ચાંપતી નજર રાખવા જણાવ્યું હતું.

લઘુમતી કોમની ૬૦ વર્ષની વ્યક્તિ દ્વારા ૧૨ વર્ષની બાળકી પર કથિત બળાત્કાર કરવામાં આવ્યાને પગલે નૈનિતાલમાં

(જુઓ પાનું ૨) ▸▸


ભક્તિનો અવતાર - પ.ઉ.પ.પૂ. પ્રભુશ્રીજી - શ્રી લઘુરાજ સ્વામી



વૈશાખ સુદ આઠમ દેહવિલય દિન નિમિત્ત
સત્સંગ વાંચન કાર્યક્રમ
રવિવાર - તારીખ ૪ મે થી ગુરુવાર - તારીખ ૮ મે, ૨૦૨૫
યુ ટ્યૂબ ચેનલ- RAJBHAKTI - DR. DEEPAK TURAKHIA
શ્રીમદ્ રાજચંદ્ર વ.મૃ. - ૨૧૨ : "પૂ. પ્રભુશ્રીજીની ભક્તિ"
શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપર,
રવિવાર તારીખ ૪.૫.૨૦૨૫ સવારે ૯.૪૫ થી ૧૧.
સૌજન્ય- શ્રી બી. ટી. શાહ પરિવાર,
CALL-+1(305)684-4526, ફ્લોરિડા, U.S.A.


KParth

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન સામે કાર્યવાહીનો નિર્ણય આર્મી નહીં, સરકારે લેવો જોઈએ

**જમ્મુ** અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને પગલે ભારત સરકારે પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરવી જોઈએ એવી લોકલાગણી વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ સામે શું કાર્યવાહી કરવી એ લશ્કર પર છોડ્યું છે. મોદીએ ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણ, નેશનલ સીક્યુરિટી એડવાઈઝર અજીતકુમાર ડોભાલ અને આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વીવેદી, નેવી ચીફ એડમિરલ દિનેશ ત્રિપાઠી અને એરફોર્સ ચીફ અમર પ્રિત સિંહ એમ લશ્કરની ત્રણેય પાંખના વડાની બેઠકમાં સ્પષ્ટ કર્યું કે, આતંકવાદ સામેની લડાઈમાં જે પણ કાર્યવાહી કરવી હોય એ કરવાની આર્મીને છૂટ છે.

મોદીએ કેબિનેટ કમિટી ઓન સીક્યુરિટી (સીસીએસ)ની બેઠકમાં પણ આર્મી પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, ભારતીય લશ્કરને પાકિસ્તાન દ્વારા ફેલાવાતા આતંકવાદ સામે બદલાની કાર્યવાહી તરીકે નિર્ણય લેવાની પૂરેપૂરી સ્વતંત્રતા છે. અમે આર્મીને છૂટો દોર આપીએ છીએ અને આર્મી પોતે ઈચ્છે એ સમયે અને પોતે ધારે એ ટાર્ગેટ નક્કી કરીને એક્શન લઈ શકે છે.

મોદી ભારતીય લશ્કર પર સંપૂર્ણ વિશ્વાસ દર્શાવે એ સારું છે પણ આતંકવાદ સામેની કાર્યવાહીના મુદ્દે સરકાર આર્મી પર નિર્ણય છોડવાના બદલે પોતે નક્કર નિર્ણય લે એ જરૂરી છે. તેનું કારણ એ કે, ભારતમાં આતંકવાદ આંતરિક સુરક્ષાનો મુદ્દો નથી પણ બાહ્ય સુરક્ષાનો પણ મુદ્દો છે.

ભારતમાં આતંકવાદ બીજા દેશોની દેન હોવાથી આતંકવાદ સામેની કાર્યવાહી કરવાનો અર્થ બીજા દેશ સામે લશ્કરી કાર્યવાહી કરવાનો છે. આ કાર્યવાહી કરવાનો નિર્ણય આર્મી પર ના છોડી શકાય. ભારતમાં ઘૂસીને આતંકવાદ ફેલાવતા આતંકવાદીઓ સામે ઈન્ડિયન આર્મી પોતાની રીતે કાર્યવાહી કરે અને એક્શન લે એ બરાબર છે પણ પાકિસ્તાન સામે કાર્યવાહીનો નિર્ણય આ દેશની સરકારે જ લેવો પડે.

આપણી આર્મી પણ ભૂતકાળમાં આ વાત સ્પષ્ટ રીતે કહી ચૂકી છે. જનરલ બિપિન રાવત લશ્કરના વડા તરીકે નિવૃત્ત થઈને દેશના પહેલા ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ (સીડીએસ) બન્યા પછી તેમના સ્થાને આર્મી ચીફ તરીકે આવેલા જનરલ મનોજ મુકુંદ નારવણેએ પોતાની બીજી પત્રકાર પરિષદમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, બહુ વર્ષો પહેલાં આપણી સંસદે ઠરાવ પસાર કરેલો કે, સમગ્ર કાશ્મીર ભારતનું છે. આ સંજોગોમાં પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ ભારતનું જ છે. ભારતની સસંદ ઈચ્છતી હોય કે, પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પણ ભારત સાથે આવી જાય તો અમને એ પ્રકારના આદેશ આપવા પડે. આ પ્રકારનો આદેશ અમને મળશે તો અમે ચોક્કસ કાર્યવાહી કરીશું.

જનરલ નારવણેએ એ વખતે કરેલી સ્પષ્ટતા આજે પણ સાવ સાચી છે. આજે પણ એ વાત સાચી જ છે કે, ભારતીય લશ્કરમાં પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાછું મેળવવાની તાકાત છે જ પણ પીઓકે પાછું મેળવવા માટે જરૂરી લશ્કરી કાર્યવાહી કરવાનો આદેશ શાસકોએ આપવો પડે. અત્યારે મોદી શાસક છે તેથી મોદી એ હિંમત બતાવે તો ઈન્ડિયન આર્મી તો પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાછું મેળવવા અત્યારે પણ તૈયાર છે.

પીઓકેમાં અત્યારે પાકિસ્તાન આર્મી તહેનાત છે એ સંજોગોમાં ભારત હુમલો કરે તો પાકિસ્તાન આર્મી તેનો જવાબ આપવાનું જ છે. એ સંજોગોમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ફુલ ફ્લેજ વોર જ થઈ જાય. યુદ્ધ એ ખાવાના ખેલ નથી એ જોતાં મોદી સરકાર બધી બાબતોનો વિચાર કરે એ જરૂરી છે તેથી પાકિસ્તાન સામેની કોઈ પણ કાર્યવાહી કરવાનો નિર્ણય રાતોરાત ના લઈ શકાય. મોદીની આ મર્યાદા સમજી શકાય એવી છે એ જોતાં મોદી સરકાર શાંતિથી નિર્ણય લે અને બધું વિચારીને નિર્ણય લે, તેના માટે સમય પણ લે તો તેમાં કશું ખોટું નથી પણ નિર્ણય મોદી સરકારે જ લેવો પડે.

મોદી સરકાર નિર્ણય લે એ બીજાં કારણોસર પણ જરૂરી છે. ભારતમાં આર્મી એક શિસ્ત સાથે વર્તી છે અને કદી પોતાની મર્યાદા ઓળંગી નથી. ભારતની સાથે અસ્તિત્વમાં આવેલા પાકિસ્તાનમાં આર્મી બેફામ છે અને તેનું જ શાસન ચાલે છે. આર્મી કંઈ પણ કરવું હોય તો પાકિસ્તાનની સરકાર કે સંસદને પૂછતી જ નથી, જ્યારે ભારતમાં સ્થિતિ અલગ છે. ભારત લોકશાહી દેશ છે અને કોઈ પણ નિર્ણય લેવા માટે સંસદ અને સંસદના પ્રતિનિધિઓની બનેલી સરકાર સર્વોચ્ચ છે. આર્મી પાસે જોરદાર તાકાત છે પણ આર્મી પોતાની તાકાતનો દુરૂપયોગ કરીને સંસદ કે સરકારને અતિક્રમીને વર્તી નથી. આ મર્યાદા જળવાય એ માટે પણ મોદી સરકાર નિર્ણય લે એ જરૂરી છે.

ત્રીજું એ કે, આર્મી પર નિર્ણય છોડવાના કારણે આપણી પ્રસ્થાપિત સિસ્ટમ પણ તૂટશે. મોદીએ આર્મીને છૂટ આપી પણ આર્મી વતી કોણ નિર્ણય લે? આપણા લશ્કરમાં આર્મી, નેવી એરફોર્સ અને કોસ્ટ ગાર્ડ એ ચાર પાંખ છે. આ ચારેય પાંખના અલગ અલગ વડા હોય છે. ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ એટલે કે સીડીએસ લશ્કરની આ ચારેય પાંખના વડાના બોસ છે. ચારેય પાંખના વડા તેમને રિપોર્ટ કરશે ને તેમના આદેશ પ્રમાણે કામ કરે છે.

સીડીએસ દેશના સંરક્ષણ મંત્રીને રિપોર્ટ કરે છે. દેશના રાષ્ટ્રપતિ તમામ લશ્કરી પાંખના કમાન્ડર-ઈન-ચીફ હોય છે. આ માળખામાં માનો કે સીડીએસ કોઈ નિર્ણય લે તો એ યોગ્ય ના કહેવાય કેમ કે તેમની ઉપર સંરક્ષણ મંત્રી અને રાષ્ટ્રપતિ છે. એકલા સંરક્ષણ મંત્રી પણ નિર્ણય ના લઈ શકે ને કમાન્ડર ઈન ચીફ રાષ્ટ્રપતિ પણ નિર્ણય ના લઈ શકે કેમ કે રાષ્ટ્રપતિ સરકારની સલાહ પ્રમાણે વર્તવા માટે બંધાયેલા છે. ટૂંકમાં નિર્ણય સરકારે જ લેવાનો થાય છે.

આર્મી પર નિર્ણય છોડવાનો એક અર્થ એવો પણ કઢાયો છે કે, મોદી સરકાર પોતે સીધો કોઈ નિર્ણય લઈ શકતી નથી અને અનિર્ણાયકતાની સ્થિતિમાં છે એટલે પલાયનવાદ બતાવી રહી છે. તેના કારણે મોદી સરકાર નબળી હોવાની છાપ ઊભી થઈ રહી છે પણ વાસ્તવમાં મોદી સરકાર નબળી નથી. પહલગામમાં થયેલ આતંકવાદી હુમલા માટે ઈન્ટેલિજન્સ ફેઈલ્યોર જવાબદાર હતી અને સીક્યુરિટીની સમસ્યાઓ પણ હતી પણ કોઈએ આ મુદ્દાને ચગાવ્યો નથી. જે કોઈ ભૂલો થઈ ને સમસ્યાઓ હતી તેને બાજુ પર મૂકીને આખો દેશ સરકાર સાથે ઊભો રહ્યો છે, વિપક્ષો સરકાર સાથે ઊભા રહ્યા છે અને આખું લશ્કર સરકાર સાથે છે. આ માહોલમાં દેશના હિતમાં જરૂરી જે પણ નિર્ણય લેવો હોય એ મોદી સરકારે લેવો જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, શનિવાર, તા. ૩-૫-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૩, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૨-૩૩ સુધી, પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૬-૩૬ સુધી, પછી કર્કમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ.૫૯, અમદાવાદ ક. ૧૯મિ. ૦૬,સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૬-૩૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૯ (તા.૪જી)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૬ રાત્રે ક. ૨૩-૧૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ-ષષ્ઠી. ચંદન છઠ્ઠ (બંગાલ), ગંગોત્પતિ, ગંગાપૂજન, ગંગા સપ્તમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. મહા નદી ગંગા તથા સર્વ નદીઓનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ગુરુ શનિ ગ્રહ દેવતનું પૂજન, અદિતિ પૂજન, હનુમાન ચાલિસા, સુંદરકાંડ પાઠ વાંચન, બાળકને અન્નપ્રાશન, દેવદર્શન, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી. નવો હોદ્દો સંભાળવો. બગીચો બનાવવો, ધાન્ય ઘરે લાવવું. ધાન્ય ભરવું, વસ્ત્રો આભૂષણ, પશુ લેવડ-દેવડ, ઘર, ખેતર, જમીન, મકાન, ફ્લેટ લેવડ દેવડ, પ્રાણી પાળવાં, પરદેશ પ્રવાસનું પસ્તાનું. વૃક્ષ વાવવા. ઉપવાટિકા બનાવવી, વાંસ વાવવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ સાહસિક, ચંદ્ર-શનિ ત્રિકોણ મક્કમ સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સરકારી કામમાં સફળતા, ચંદ્ર-શુક્ર ત્રિકોણ વ્યવહારુ સ્વભાવ, ચંદ્ર-મંગળ વાદવિવાદમાં પારંગત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-મંગળ યુતિ (તા. ૪).
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ,મંગળ-કર્ક,બુધ-મીન,ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન,કેતુ-કન્યા,માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ભારતમાં પાકિસ્તાનના પીએમ શેહબાઝ શરીફની યુ-ટ્યૂબ ચેનલને બ્લૉક કરાઈ

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં કરવામાં આવેલા નરસંહારને પગલે બંને દેશ વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ નિર્માણ પામી છે ત્યારે શુક્રવારે ભારતમાં પાકિસ્તાનના પીએમ શેહબાઝ શરીફની યુ-ટ્યૂબ ચેનલને બ્લૉક કરવામાં આવી હતી.

સરકાર દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત આદેશ આપવામાં આવ્યો હોવાને કારણે આ સામગ્રી હાલમાં આ દેશમાં ઉપલબ્ધ નથી.

બ્લૉક કરેલી ચેનલ પરના સંદેશામાં 'ફૉર મોર ડિટેઈલ્સ અબાઉટ ગવર્નમેન્ટ રિમૂવલ રિક્વેસ્ટ્સ, પ્લીસ વિઝીટ ધ ગૂગલ ટ્રાન્સપરન્સી રિપોર્ટ'ની મુલાકાત લેવા જણાવવામાં આવ્યું હતું. અગાઉના અઠવાડિયે સરકારે ભારત સંબંધિત ખોટી, ઉશ્કેરણીજનક અને કોમી રીતે સંવેદનશીલ સામગ્રી ધરાવતી પાકિસ્તાનની ૧૬ યુ-ટ્યૂબ ચેનલ બ્લૉક કરી હતી અને પહલગામ આતંકવાદી હુમલાને મામલે બીબીસીના અહેવાલ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો.

૨૮ જણ (મોટાભાગના પર્યટકો)નો ભોગ લેનારાં બાવીસ એપ્રિલે પહલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલા બાદ ગૃહ ખાતાએ કરેલી ભલામણને પગલે સરકારે આ નિર્ણય લીધો હતો. આ ઉપરાંત વિદેશ ખાતું બીબીસીના અહેવાલો પર ચાંપતી નજર રાખશે. પહલગામ હુમલાના આતંકવાદીઓને બીબીસીએ ઉગ્રવાદી લેખાવ્યા હતા.

ભારત સરકાર દ્વારા બ્લૉક કરવામાં આવેલી પાકિસ્તાનની યુ-ટ્યૂબ ચેનલમાં ડાઉન ન્યૂઝ, ઈર્શાદ ભટ્ટી, સમા ટીવી, એઆરવાય ન્યૂઝ, બીઓએલ ન્યૂઝ, રફતાર, ધ પાકિસ્તાની રેફરન્સ, જીઓ ન્યૂઝ, સમા સ્પૉર્ટ્સ, જીએનએન, ઉઝેર ક્રિકેટ, ઉમર ચીમ એક્સક્લૂઝિવ, અસ્મા શિરાઝી, મુનેબ ફારુખ, સૂનો ન્યૂઝ અને રાઝી નામાનો સમાવેશ થાય છે. (એજન્સી)

## નેશનલ હેરલ્ડ પીએમએલએ કેસઃ

# દિલ્હી કોર્ટે સોનિયા અને રાહુલ ગાંધીને પાઠવી નોટિસ

નવી દિલ્હીઃ નેશનલ હેરાલ્ડ મની લૉન્ડરિંગ કેસને મામલે દિલ્હી કોર્ટે શુક્રવારે કૉંગ્રેસનાં નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને નોટિસ પાઠવી હતી.

સ્પે. જજ વિશાલ ગોગનેએ કહ્યું હતું કે ચાર્જશીટ ધ્યાન પર લેવામાં આવશે ત્યારે 'રાઈટ ટૂ બી હર્ડ' તેમનાં માટે ઉપલબ્ધ રહેશે.

સુનાવણીના કોઈ પણ તબક્કે 'રાઈટ ટૂ બી હર્ડ' ફેઅર ટ્રાયલમાં પ્રાણ પૂરે છે એમ જણાવી તેમણે કેસની આગામી સુનાવણી માટે આઠમી મે મુકરર કરી હતી.

વર્ષ ૨૦૧૪ની ૨૬ જૂને ભાજપના નેતા સુબ્રહ્મણિયમ સ્વામીએ દાખલ કરેલી ખાનગી ફરિયાદને મેજિસ્ટ્રેટ કોર્ટે ધ્યાન પર લીધા બાદ તાજેતરમાં જ ચાર્જશીટ દાખલ કરનાર ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ વર્ષ ૨૦૨૧માં તપાસ આરંભી હતી.

ફરિયાદમાં એસોસિયેટેડ જર્નલ લિ. (એજેએલ)ની રૂ. ૨,૦૦૦ કરોડનાં મૂલ્યની મિલકત પર છેતરપિંડી કરીને કબજો કરવા સંબંધિત મની લૉન્ડરિંગના કેસમાં સોનિયા ગાંધી, તેમનાં સાંસદ પુત્ર રાહુલ ગાંધીના વડપણ હેઠળની કૉંગ્રેસનાં ફર્સ્ટ ફેમિલી સહિત દિવંગત નેતા મોતીલાલ વોરા, ઓસ્કાર ફર્નાન્ડિસ, દુબે, પિત્રોડા, ખાનગી કંપની યંગ ઈન્ડિયન સહિત અનેક વિખ્યાત રાજકીય નેતાઓ દ્વારા રચવામાં આવેલાં ગુનાઈત ષડ્યંત્ર પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. યંગ ઈન્ડિયન કંપનીમાં સોનિયા અને રાહુલ ગાંધી મેજર શેર હોલ્ડર છે. સોનિયા અને રાહુલ પ્રત્યેક આ કંપનીમાં ૩૮ ટકા હિસ્સો ધરાવે છે. કેસને મામલે થોડા વર્ષ અગાઉ ઈડી દ્વારા આ બંનેની કલાકો પૂછપરછ કરવામાં આવી હતી. (એજન્સી)

# મોદીએ આંધ્ર પ્રદેશમાં ૫૮,૦૦૦ કરોડના પ્રકલ્પ લોન્ચ કર્યા

અમરાવતી (આંધ્ર પ્રદેશ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ૫૮,૦૦૦ કરોડ રૂપિયાના પ્રકલ્પોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા હતાં. આમાં ગ્રીનફિલ્ડ કેપિટલ અમરાવતીના રચનાનો પણ સમાવેશ થાય છે. મોદીએ દક્ષિણના આ રાજ્યના વિકાસમાં સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. વડા પ્રધાને ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરેલા ૯૪ પ્રકલ્પોમાં રાજધાની શહેરના સંસ્થાઓ, નેશનલ હાઈવે, રેલવેના સુધારીકરણના અને સંરક્ષણ સંબંધિત કેન્દ્રના પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રાબાબુ નાયડુ અને નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણ હાજર હતા.

મોદીએ કહ્યું હતું કે આજે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. આ પ્રકલ્પ ફક્ત કોંક્રીટનાં માળખા નથી, પરંતુ આંધ્ર પ્રદેશ અને વિકસિત ભારતની મહેચ્છાના મજબૂત પાયા છે.

રાજ્યને ૨૦૪૭ સુધી ૨.૪ ટ્રિલિયન ઈકોનોમી બનાવવાના ટીડીપીની હેઠળના એનડીએ સરકારના મહત્ત્વાંકાક્ષી લક્ષ્યનો ઉલ્લેખ કરીને મોદીએ કહ્યું હતું કે આપણે બધા જાણીએ છીએ કે ઈન્દ્રલોકની રાજધાનીનું નામ અમરાવતી હતું અને હવે તે આંધ્ર પ્રદેશની રાજધાની છે. આ એક યોગનુયોગ નથી. સ્વર્ણઆંધ્રની રચનાનો આ શુભ સંકેત છે. સ્વર્ણઆંધ્ર વિકસિત ભારતના પંથને મજબૂત બનાવશે અને અમરાવતી આ વિઝનને બળ આપશે. અમરાવતી ફક્ત નગર નથી, પરંતુ આંધ્ર પ્રદેશને વિકસિત રાજ્ય બનાવવાની શક્તિ છે.

## પહેલા પાનાનું ચાલુ

### પહલગામ હુમલામાં

હુમલાખોરોની વધારે માહિતી ભેગી કરાઇ રહી છે. હુમલાખોરોમાંના કેટલાક હજી આ વિસ્તારની ગુફા કે ગાઢ જંગલમાં છુપાયા હોવાનું મનાય છે. બૈસરન વૅલી, તરનાઉ હેપગુંડ, દાવરુ અને આસપાસના કેટલાક વિસ્તાર વૃક્ષોથી ઘેરાયેલા હોવાથી ત્યાં રાતના શોધખોળ કરવી થોડી મુશ્કેલ બની જાય છે. (એજન્સી)

### ટિકટૉકને ડેટા

ડેપ્યુટી કમિશનર ગ્રેહામ ડોયલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ટિકટૉકના યુરોપમાંના વપરાશકારોની અંગત માહિતી ચીનમાંના કંપનીના સ્ટાફને મોકલાતી હતી.

દરમિયાન, ટિકટૉકે જણાવ્યું હતું કે અમે આ આરોપ સાથે અસહમત છીએ અને આદેશને પડકારીશું. (એજન્સી)

### કેરળમાં આંતરરાષ્ટ્રીય

ભારત દરિયાઇ વેપારમાં દુનિયાના ત્રણ ટોચના દેશમાં સ્થાન ધરાવે છે. દેશમાં બંદરોની ક્ષમતા છેલ્લાં દસ વર્ષમાં બમણી કરાઇ છે. અહીં રૂપિયા ૮,૮૬૭ કરોડના ખર્ચે તૈયાર થયેલું સીપોર્ટ વૈશ્વિક દરિયાઇ વેપારમાં અગત્યની ભૂમિકા ભજવશે અને તેની ક્ષમતા નજીકના ભવિષ્યમાં ત્રણ ગણી કરાશે.

તેમણે જણાવ્યું હતું કે અગાઉ દેશની ૭૫ ટકા ટ્રાન્સશિપમેન્ટ (એક જહાજમાંથી બીજામાં માલ ઠાલવવાની) કામગીરી વિદેશી બંદરો ખાતે થતી હતી અને તેને લીધે દેશને ઘણું આર્થિક નુકસાન થતું હતું, પરંતુ વિઝિંજમ આંતરરાષ્ટ્રીય સીપોર્ટ આમાં મોટું પરિવર્તન લાવશે.

### ચીલી અને આર્જેન્ટિનામાં

બોરિકે બચાવ અને રાહત કામગીરી માટે સ્થાનિક વહીવટીતંત્રને તૈયાર રહેવા આદેશ આપ્યો હતો.

ધરતીકંપનું કેન્દ્ર કેપ હોન અને એન્ટાર્કટિકાના ડ્રેક પેસેજમાં ૧૦ કિલોમીટર (અંદાજે છ માઇલ)ની ઊંડાઇએ હતું. (એજન્સી)

### વધુ એક નેપાળી

કેઆઇઆઇટી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી નેપાળી વિદ્યાર્થિની પ્રિસા સાહ તેના હોસ્ટેલ રૂમમાં મૃત હાલતમાં મળી આવી હોવાની ઘટનાથી અમને ખૂબ જ દુઃખ થયું છે. હું પ્રિસાના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું અને આ દુઃખની ઘડીમાં તેના પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.''

તેમણે કહ્યું હતું કે, ''ઘટના પછી તરત જ વિદેશ મંત્રાલયે ભારત સરકાર, ઓડિશા સરકાર અને દિલ્હીમાં નેપાળના દૂતાવાસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઘટનાના વાસ્તવિક કારણોની તપાસ કરવા માટે રાજદ્વારી પ્રયાસો શરૂ કર્યા હતા.''

ભારતમાં નેપાળના રાજદૂત શંકર પી. શર્માએ જણાવ્યું હતું કે અધિકારીઓ સંપૂર્ણ તપાસ કરવા માટે વિદેશ મંત્રાલય, ઓડિશા સરકાર, પોલીસ અને યુનિવર્સિટી સાથે સંકલન કરી રહ્યા છે. અહીંના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ગુરુવારે સાંજે સંસ્થાના હોસ્ટેલના રૂમ નંબર ૧૧૧માંથી બી. ટેક કોમ્પ્યુટર સાયન્સની વિદ્યાર્થિનીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ વિદ્યાર્થીની નેપાળની રહેવાસી હતી.

પોલીસ કમિશનર એસ. દેવ દત્તા સિંહે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''નેપાળની એક વિદ્યાર્થિનીનો મૃતદેહ મળી આવ્યો છે અને એવું લાગે છે કે તેણે કેઆઇઆઇટી હોસ્ટેલમાં આત્મહત્યા કરી છે.'' હોસ્ટેલની મુલાકાત લેનારા પોલીસ કમિશનરે એમ પણ કહ્યું કે અપ્રાકૃતિક મૃત્યુનો કેસ નોંધવામાં આવ્યો છે. અહીંના અન્ય એક અધિકારીએ કહ્યું હતું કે, ''આ નવો કેસ એક જ હોસ્ટેલ અને એક જ માળેથી આવ્યો છે.'' જોકે, પોલીસને મૃતક પાસેથી કોઈ 'સુસાઈડ નોટ' મળી નથી. ઓડિશા સરકારે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને તેને 'દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યું છે.

અગાઉ ફેબ્રુઆરીમાં એક નેપાળી વિદ્યાર્થિનીના મૃત્યુ બાદ વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા. તે સમયે એવા અહેવાલો આવ્યા હતા કે પીડિતાને કથિત રીતે 'બ્લેકમેઇલ' કરવામાં આવી હતી અને ખાનગી યુનિવર્સિટીના અધિકારીઓ તરફથી ન્યાય ન મળતાં તેણે પોતાનો જીવ આપી દીધો હતો. નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ રાજદ્વારી સ્તરે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કેન્દ્ર સરકારને સંસ્થાના નેપાળી વિદ્યાર્થીઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી.

### નૈનિતાલમાં

કોમી તણાવ ઊભો થયો હતો. વ્યવસાયે કોન્ટ્રાક્ટર આરોપી ઓસ્માનની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે પોલીસને કાયદો અને વ્યવસ્થા તેમ જ શાંતિ જાળવવા લોકોને અપીલ કરવા, પેટ્રોલિંગ વધારવા અને નૈનિતાલમાં હલ્દ્વાનીના બનભુલપુરા જેવી હિંસક પરિસ્થિતિ નિર્માણ ન પામે તેની ખાતરી કરવા જણાવ્યું હતું.

ગયા વરસે ફેબ્રુઆરીમાં મદરેસા તોડી પાડવામાં આવ્યા બાદ બનભુલપુરા વિસ્તારમાં હિંસાની અનેક ઘટના બની હતી.

ડૅપ્યુટી ઍડવોકેટ જનરલ જે. એસ. વીર્કે કોર્ટને માહિતી આપી હતી કે નૈનિતાલમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમ જ શાંતિ જાળવવા સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. હલદ્વાની, કાલાધુન્ગી અને ભીમતાલથી નૈનિતાલ તરફ આવતા વાહનોની સઘન ચકાસણી કરવામાં આવી રહી છે. કોર્ટના આદેશને પગલે જિલ્લા મેજિસ્ટ્રેટ વંદના સિંહ અને એસએસપી પ્રહ્લાદ મીનાએ શ્રેણીબદ્ધ આદેશ બહાર પાડી લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. આરોપી વિરુદ્ધ કડક પગલાં લેવાની માગણી સાથે હિન્દુ સંગઠનોના અમુક સભ્યોએ ગુરુવારે પોલીસ સ્ટેશનની બહાર ધરણાં કર્યા હતાં. મુસ્લિમ સમુદાયના અમુક લોકોની દુકાનોમાં ભાંગફોડ કરવામાં આવી હતી અને નજીકની મસ્જિદ પાસે પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. પ્રદર્શનકર્તાઓએ આરોપીને મૃત્યુદંડની સજા આપવાની માગણી કરી હતી. ઘટનાના વિરોધમાં વેપારી મંડળોએ પણ બંધ પાળ્યો હતો અને આરોપીને કડક સજા આપવાની માગણી કરી હતી. (એજન્સી)

### દિલ્હીમાં ખરાબ

પ્રભાવિત થયા હતા અને ઠેર ઠેર વાહનવ્યવહાર ખોટકાઈ ગયો હતો. હવામાન ખાતા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ દિલ્હીમાં ત્રણ કલાકમાં ૭૭ મી.મી. વરસાદ નોંધાયો હતો. લોધી રોડ (૭૮ મી.મી.), પાલમ (૩૦ મી.મી.), નજફગઢ (૧૯.૫ મી.મી.) અને પિતમપુરામાં ૩૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ભારે વરસાદ અને પવનને કારણે અનેક વિસ્તારમાં વહેલી સવારે ધૂળની ડમરીઓ ઉઠી હતી અને અનેક વિસ્તારમાં ઝાડ તૂટી પડ્યા હતા. .

ઍરપોર્ટનું સંચાલન કરતી દિલ્હી ઈન્ટર નેશનલ ઍરપોર્ટ લિ. (ડીઆઈએએલ)એ વહેલી સવારે ૫ઃ૨૦ વાગે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં જણાવ્યું હતું કે ખરાબ હવામાનને કારણે વિમાનસેવા પર અસર પડી છે. સવારે ૭.૨૫ વાગે મૂકેલી પૉસ્ટમાં (ડીઆઈએએલ)એ જણાવ્યું હતું કે વંટોળિયો પસાર થઈ ગયો છે, પરંતુ ખરાબ હવામાનની વિમાનસેવા પર વિપરીત અસર થઈ છે. દિલ્હી ઍરપોર્ટ પરથી બે ફ્લાઈટને જયપુર અને અમદાવાદ વાળવામાં આવી હતી અને ૨૦૦ કરતાં પણ વધુ ફ્લાઈટ મોડી પડી હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું.

હવામાન ખાતાએ દિલ્હી માટે રેડ એલર્ટ જારી કર્યું હતું અને લોકોને સાવધ રહેવાની અને જરૂરી સાવચેતી લેવાની વિનંતી કરી હતી.

હવામાન ખાતાએ દિલ્હી એનસીઆરના અમુક વિસ્તારમાં વહેલી સવારે ૭૦થી ૮૦ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાવાની અને હળવાથી ભારે વરસાદની આગાહી કરી હતી.

અનેક વિસ્તારમાં ઝાડ તૂટી પડવાની, વીજપુરવઠો ખોરવાઈ જવાની, નબળી ઈમારતો તૂટી પડવાની, ઊભા પાકને નુકસાન થવાની, ખુલ્લા વિસ્તારમાં રહેતા લોકો અને પશુઓને ઈજા થવાની શક્યતા હોવાની જાણકારી પણ અગાઉથી આપવામાં આવી હતી.

અનિવાર્ય કામ હોય તો જ ઘરમાંથી બહાર નીકળવાની, ઝાડ નીચે આશરો ન લેવાની, ઈલેક્ટ્રોનિક ઉપકરણોને અનપ્લગ કરી દેવાની, જળસ્રોતો અને વીજળીની સુવાહક વસ્તુઓથી દૂર રહેવા સહિતની ચેતવણી લોકોને આપી દેવામાં આવી હતી. (એજન્સી)

### પાકના સતત

અખનૂરમાં બિનઉશ્કેરણીજનક ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની લશ્કરે કુપવાડા, ઉરી અને અખનૂર સેક્ટરમાં યુદ્ધવિરામનો ૧૮ વાર ભંગ કર્યો હતો.

રાજૌરી નિવાસી મોહમ્મદ સુલેમાને પાકિસ્તાનના ગોળીબારની વાતને સમર્થન આપતાં કહ્યું હતું કે સતત આઠમા દિવસે અંકુશરેખા પર ગોળીબાર ચાલુ છે જેને લીધે સ્થાનિક લોકોમાં ડર વધતો જાય છે. થોડા વર્ષની શાંતિ બાદ અમે ભૂમિગત બન્કરની શરણ લઈએ છીએ. અમને ડર છે કે અમે ગોળીબારમાં સપડાઈ ન જઈએ. પૂંચના એક ખેડૂત કાસિમ ખાનનું કહેવું છે કે યુદ્ધવિરામે અમારાં સંતાનોના બહેતર ભવિષ્યની આશા આપી હતી. હવે ગોળીબાર ફરી શરૂ થવાને લીધે અમને ચિંતા છે કે તેમના અભ્યાસમાં અડચણ આવશે. અમારે પાછું પલાયન થવું પડે એવા સંજોગો આવી શકે.

કરનાહના મુસ્તાક અહમદે કહ્યું હતું કે ચાર વર્ષની શાંતિ બાદ સીમાપારના ગોળીબારે અમારા મનમાં ડર ઊભો કર્યો છે. અમારું જીવન અનિશ્ચિત થઈ ગયું છે. અમે તો પ્રાર્થના કરીએ છીએ કે યુદ્ધવિરામ કાયમ રહે. યુદ્ધવિરામે અમારા જીવનમાં સ્થિરતા લાવી છે. માળખાકીય ઢાંચામાં સુધારો આવ્યો છે. સીમા પર્યટનને પ્રોત્સાહન મળ્યું છે. અમે ભૂતકાળની અસ્થિરતામાં પાછા જવા માગતા નથી.

કરનાહના શાહબાજ અહમદ કહે છે કે અગાઉ ગુરેજ અને અન્ય સરહદી ક્ષેત્રોમાં પર્યટનની મોસમ ચરમસીમાએ હતી. જોકે હાલની તંગદિલીને કારણે કોઈ સહેલાણી આવતા નથી. ગયા વર્ષે અહીં સહેલાણીની ભીડ હતી અને આ વર્ષે એ સુમસામ છે.

મુજફ્ફર અહમદ કહે છે કે અમે અંકુશરેખા પર શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ, કારણ કે યુદ્ધ એ વિકલ્પ નથી. છેલ્લાં થોડાં વર્ષોથી સરહદી ક્ષેત્રમાં જે વિકાસ જોવા મળ્યો છે એ યુદ્ધવિરામ પછી જોવા મળ્યો છે.

સરહદી ક્ષેત્રના રહેવાસીઓએ તત્કાળ સુરક્ષા ઉપાયો અને શાંતિની બહાલીની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે અમે પહલગામ આતંકવાદી હુમલા બાદ વધતી હિંસાના ઓછાયામાં રહીએ છીએ. અમે સુરક્ષા માટે બન્કર બનાવવાની અધિકારીઓને ઘણી વાર અપીલ કરી છે. અમે હજી બન્કરની પ્રતીક્ષા કરીએ છીએ.

એક રહેવાસીએ કહ્યું હતું કે સમુદાય માટેના થોડા બન્કર જરૂર છે. તેને હવે સાફ કરવામાં આવી રહ્યા છે. સ્થિતિ તંગ છે, પરંતુ અમે ભારતીય સેનાની સાથે મજબૂતીથી ઊભા છીએ. અમારું ગામ સરહદ પહેલાંનું છેલ્લું ગામ છે. કંઈ પણ થઈ જાય અમે લશ્કરની જોડે છીએ.

કુપવાડાના એલઓસી ક્ષેત્રના ગ્રામીણોનું કહેવું છે કે હેલિકૉપ્ટરોના ચકરાવા અને સતત ગોળીબારે નાજુક શાંતિનો ભંગ કર્યો છે. કેરનના એક રહેવાસીએ કહ્યું હતું કે અમે રાત્રે મુશ્કેલીથી સૂઈએ છીએ. ગોળીના અવાજને લીધે શાંતિનો ભંગ થાય છે. અમે અમારા જીવન અને ઘર માટે ભય અનુભવીએ છીએ.

ઉરીમાં સરહદપારથી થતા છૂટાછવાયા ગોળીબાર વધવાને લીધે ત્યાંના રહેવાસીઓ ચિંતિત છે. ગોળા અને ગોળીના અવાજ અમને ભયભીત કરે છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે શાંતિ જળવાઈ રહે. ચુરુંડાના ગ્રામવાસીઓ કહે છે કે અમારા ગામે લોહી, ઈજા અને ઘરોનાં નુકસાન જોયાં છે. અમારે માટે આ નવો અનુભવ નથી. અહીં ઉલ્લેખનીય છે કે ચુરુંડાના લોકોએ ગઈ અથડામણમાં બેસુમાર હત્યા અને ઈજા જોઈ છે.

# ખેડૂતોને લોનમાફીનું વચન ચૂંટણી પહેલા આપ્યું જ નહોતુંઃ અજિતદાદા

મુંબઈઃ ખેડૂતોને લોનમાફી આપવાનું વચન ચૂંટણી પહેલા આપ્યું હોવાને મામલે વિપક્ષો સરકારને ટાર્ગેટ કરી રહ્યા છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું હતું કે, મેં ચૂંટણી પહેલા ખેડૂતોને લોનમાફી આપવાનું કોઈ વચન જ નહોતું આપ્યું.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ), એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ના મહાયુતિ ગઠબંધને નવેમ્બર, ૨૦૨૪ ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ૨૮૮ માંથી ૨૩૦ બેઠકો જીતીને જંગી વિજય નોંધાવ્યો હતો.

પત્રકારો સાથે વાત કરતા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાળાસાહેબ થોરાતે મહાયુતિ સરકાર પર ચૂંટણી પહેલા આપેલા વચનો પૂરા ન કરવાનો આરોપ લગાવ્યો.

''ખેડૂતો મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે અને ખેડૂતોને થોડી રાહત આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ચૂંટણી પહેલા સરકારે અનેક વચનો અને ખાતરીઓ આપી હતી પરંતુ સત્તામાં આવ્યા પછી તે તેના પર કંઈ કરી રહી નથી. તેથી લોકોને લાગે છે કે તેમની સાથે છેતરપિંડી થઈ છે,'' એમ તેમણે કહ્યું હતું.

''સરકાર કેટલાક ક્ષેત્રો પર ખર્ચ કરી રહી છે પરંતુ ખેડૂતોની લોન માફી અંગે કોઈ નિર્ણય લીધો નથી. એ જોવું દુર્ભાગ્યપૂર્ણ છે કે આ રાજ્ય સરકાર ખેડૂતોને કોઈ રાહત આપવા માટે ઉત્સુક નથી,'' એમ ભૂતપૂર્વ પ્રધાને કહ્યું હતું.

દિવસ દરમિયાન, જ્યારે પત્રકારોએ નાણા મંત્રાલય સંભાળતા પવારને થોરાતની ટીકા વિશે પૂછ્યું, ત્યારે તેમણે સીધો જવાબ આપવાનો ઇનકાર કર્યો.

''શું મેં ચૂંટણી પહેલા લોન માફીનું વચન આપ્યું હતું?'' તેમણે પ્રશ્નના જવાબમાં પૂછ્યું.ખેડૂત નેતા રાજુ શેટ્ટીએ પણ પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો છે અને સોયાબીન અને કપાસ જેવા મુખ્ય પાકોના નીચા બજાર ભાવ સહિત ખેડૂતોના મુદ્દાઓની અવગણના કરવા બદલ સરકારની ટીકા કરી છે. (પીટીઆઈ) ■

**ક્રેઈન-ક્રેશઃ** થાણેના ઘોડબંદર રોડ પર નિર્માણકાર્ય ચાલી રહ્યું છે ત્યારે એક ક્રેનનો ભાગ તૂટી પડ્યો હતો જેમાં વાહનને નુકસાન થયું હતું. (જયપ્રકાશ કેળકર)



# અકસ્માતમાં બસનું ટાયર ફરી વળતાં બાઈકસવારનો હાથ કપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી નજીક બનેલી અકસ્માતની ઘટનામાં બેસ્ટની બસનું ટાયર ફરી વળતાં બાઈકસવારનો એક હાથ કપાઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બાઈકસવારની ઓળખ ઈસ્માઈલ સુરતવાલા (૩૫) તરીકે થઈ હતી. સુરતવાલા દક્ષિણ મુંબઈના મોહમ્મદ અલી રોડ ખાતે રહેતો હોવાનું જાણવા મળ્યું હતું.

બેસ્ટના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારની સવારે ૯.૨૦ વાગ્યે અંધેરી પૂર્વમાં એમઆઈડીસી પરિસરના નેલ્કો સિગ્નલ પાસે થઈ હતી. બેસ્ટની વેટ લીઝની રૂટ નંબર-૩૩૩ પરની બસ આગરકર ચોકથી મહાકાલી કેવ્ઝ તરફ જઈ રહી હતી.

બસ નેલ્કો સિગ્નલ પાસે પહોંચી ત્યારે બાયલેનથી બાઈક અચાનક મુખ્ય માર્ગ પર આવી હતી. બાઈક બસ સાથે ટકરાતાં બાઈકસવાર સુરતવાલા જમીન પર પટકાયો હતો. તે જ વખતે બસનું પાછલું ટાયર તેના ડાબા હાથ પરથી પસાર થયું હતું. ટાયર નીચે ચગદાઈ જવાને કારણે બાઈકસવારનો હાથ કોણી પાસેથી કપાઈ ગયો હતો.

ગંભીર હાલતમાં બાઈકસવારને સારવાર માટે અંધેરીની હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. બસને એમઆઈડીસી પોલીસ સ્ટેશને લઈ જવામાં આવી હતી. એમઆઈડીસી પોલીસે આ મામલે ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી હતી. ■

# સોલી મેરવાન કામાનું જીવન - સંઘર્ષમાંથી સફળતા તરફની સફર




મુંબઈઃ સોલી મેરવાન કામા SMC મ્યુઝિક કંપની સાથે જોડાયેલ છે અને ભારતીય મનોરંજન વિશ્વમાં ખ્યાતિપૂર્વક પ્રોડ્યુસર છે. એક એવું જીવન જ્યાં સપનાને સાકાર કરવાની ઇચ્છા મુશ્કેલીઓ સાથે અથડાઈ રહી હતી, ત્યાં સોલી મેરવાન કામાએ પોતાનો એક અલગ માર્ગ બનાવ્યો. તેમણે જીવનના કઠિન સમયમાંથી પસાર થઈ આગળ વધવાની હિંમત કરી અને આજે તેઓ પોતાના વ્યવસાયથી સમૃદ્ધિ તરફ આગળ વધ્યા છે.

★ **શરૂઆતના દિવસો :** અનકહેલી કથાઓ સોલી મેરવાન કામાનું બાળપણ સરળ નહોતું. અન્ય બાળકો જ્યાં ભવિષ્યના સપના જોઈ રહ્યાં હતાં, ત્યાં સોલી રોજિંદા જરૂરિયાત માટે સંઘર્ષ કરી રહ્યા હતા. તેમણે જીવનમાં અસંગતતાઓ, અભાવ અને અશાંતિનો સામનો કર્યો. સહારો ઓછો હતો અને તક લગભગ ન હતી, પરંતુ આવા સમયમાં પણ સોલીએ આશાને જાળવી રાખી. તેમને વિશ્વાસ હતો કે સ્થિતિઓ બદલાઈ શકે છે અને મહેનત અને ધીરજથી આગળ વધી શકાય છે.

★ **અવિરત પ્રયાસો :** સોલી મેરવાન કામાની ખાસિયત તેમનો સતત પ્રયાસ રહ્યો. દરેક મુશ્કેલી તેમને કંઈક શીખવા માટેની તક સમજી. નોકરીઓ કરતાં કરતાં તેમણે નાની-મોટી વાતો શીખી. ફ્રી વર્કશોપ્સ, વીડિયો અને પુસ્તકો દ્વારા તેમણે પોતાને બહેતર બનાવવાનું ચાલુ રાખ્યું.

★ **નમ્ર શરૂઆત :** જ્યારે સમય થોડો અનુકૂળ લાગ્યો, ત્યારે સોલી મેરવાન કામાએ પોતાનો એક નવો વ્યાવસાયિક પ્રયાસ શરૂ કર્યો. ભલે કે શરૂઆતમાં મૂડી ઓછી હતી, તેમણે ધીરજ સાથે આગળ વધવાનું પસંદ કર્યું. દરેક પડકાર પછી તેમણે નવા ઉલ્લાસ સાથે ફરી પ્રયત્ન કર્યો.

★ **મહેનતનું ફળ :** મેળવેલા અનુભવ અને સતત મહેનતથી તેમનો વ્યવસાય ધીમે ધીમે વિકસતો ગયો. ગ્રાહકોનો વિશ્વાસ મળવા લાગ્યો અને વ્યવસાયમાં વૃદ્ધિ નોંધાઈ. આજે તેઓ એક સફળ ઉદ્યોગસાહસિક તરીકે ઓળખાય છે, પણ તેમની સાચી ઓળખ તેમના જીવનના પ્રવાસમાં છે.

**આજનું યોગદાનઃ** હવે સોલી મેરવાન કામા યુવાનોને પ્રેરણા આપે છે, પોતાનો અનુભવ વહેંચે છે અને કહી રહ્યા છે કે પરિસ્થિતિ કાયમી નથી હોતી - પ્રતિસાદ મહત્ત્વનો છે. તેમની કહાણી પૈસાથી વધુ એક સંદેશ આપે છેઃ કે સંઘર્ષમાં પણ આગળ વધવાની શક્યતા છુપાયેલી હોય છે.

# પહલગામ હુમલા બાદ ભારતને લક્ષ્ય બનાવતા ૧૦ લાખથી વધુ સાયબર હુમલા

મુંબઈઃ જમ્મુ-કાશ્મીરમાં પહલગામ ખાતે નિર્દોષ પર્યટકો પર આતંકવાદીઓએ કરેલા હુમલા બાદ પાકિસ્તાન સહિત વિવિધ દેશના હૅકિંગ ગ્રૂપ દ્વારા ભારતીય સિસ્ટમ્સ પર ૧૦ લાખથી વધુ સાયબર હુમલા થયા હોવાની નોંધ મહારાષ્ટ્ર સાયબર પોલીસે કરી છે. રાજ્ય પોલીસની સાયબર ક્રાઇમ ડિટેક્શન વિંગ મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા નોંધ કરાઇ હતી કે પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલાની ઘટના બાદ ડિજિટલ હુમલાઓમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે, એમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પહલગામમાં પર્યટકો પર આતંકવાદી હુમલા બાદ દુનિયાભરમાં પડઘા પડી રહ્યા છે. ભારત દ્વારા તેની સામે જવાબી કાર્યવાહી કરાઇ છે ત્યારે બીજી તરફ ૧૦ લાખથી વધુ હુમલા ભારતીય સિસ્ટમ્સ પર કરવામાં આવ્યા છે, એમ મહારાષ્ટ્ર સાયબર ડિપાર્ટમેન્ટના એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ યશસ્વી યાદવે જણાવ્યું હતું.

ખાસ કરીને આ હુમલા પાકિસ્તાન, મધ્ય પૂર્વ, ઇન્ડોનેશિયા અને મોરોક્કોથી ભારતીય વેબસાઇટો અને પોર્ટલ પર કરવામાં આવી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

ઘણા બધા હૅકિંગ ગ્રૂપ્સે ઇસ્લામી જૂથો હોવાનો દાવો કર્યો છે. આ સંભવિત રીતે સાયબર યુદ્ધપાત હોઇ શકે છે.

દરમિયાન એક અધિકારીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા આમાંથી ઘણા સાયબર હુમલાઓને સફળતાથી નાથવામાં આવ્યા છે. આવા હુમલાઓ ટાળવા માટે અહોરાત નજર રખાઇ રહી છે અને સાયબર પોલીસ ખડેપગે કામ કરી રહી છે. બીજી તરફ નોડલ ઓફિસ દ્વારા તમામ સરકારી વિભાગો માટે એડવાઇઝરી તૈયાર કરાઇ છે. તેમને તેમનું સાયબર ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા માટે જણાવાયું છે.

નોંધનીય છે કે દક્ષિણ કાશ્મીરના પહલગામ નજીક બૈસરન ખાતે આતંકવાદીઓએ અચાનક હુમલો કરતાં ૨૬ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટા ભાગના પર્યટકો હતા. (પીટીઆઇ) ■

# મહારાષ્ટ્રની જાહેર આરોગ્ય સેવા વ્યવસ્થાનું સ્વતંત્ર ઑડિટ કરાશે

મુંબઈઃ મહારાષ્ટ્રની જાહેર આરોગ્ય સેવા પ્રણાલીને મજબૂત કરવા માટે રાજ્ય સરકારે તમામ જિલ્લાઓમાં સેવાઓનું ઓડિટ કરવા માટે એક સ્વતંત્ર આરોગ્ય સેવા મૂલ્યાંકન સમિતિની રચના કરી છે. જાહેર આરોગ્ય વિભાગ દ્વારા ૨૯ એપ્રિલે જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) દ્વારા આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી.

નિષ્ણાતોની આગેવાની હેઠળની આ પેનલમાં જાહેર આરોગ્ય, રોગચાળા શાસ્ત્ર, સામાજિક વિજ્ઞાન અને આરોગ્ય પ્રણાલી વ્યવસ્થાપનના વ્યાવસાયિકોનો સમાવેશ કરવામાં આવશે. આ લોકોને મહારાષ્ટ્રના આરોગ્ય સેવાતંત્રનું સ્વતંત્ર, પુરાવા-આધારિત મૂલ્યાંકન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. કોઈની શેહમાં આવ્યા વિના ગ્રામીણ પેટાકેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી), જિલ્લા હોસ્પિટલો અને શહેરી સુવિધાઓમાં માળખાગત સુવિધાઓ, સ્ટાફિંગ, દવાનો પુરવઠો અને કાર્યક્રમ વિતરણમાં રહેલી ખામીઓનું મૂલ્યાંકન કરશે. અધિકારીઓનું કહેવું છે કે તેના પુરાવા-આધારિત તારણો સાંભળવામાં આવેલી ફરિયાદોનું સ્થાન લેશે અને ભવિષ્યની આરોગ્ય નીતિના પાયા તરીકે કામ કરશે. આ સમિતિ ૩૬ જિલ્લાઓ અને મોટી મ્યુનિસિપલ સંસ્થાઓના હોદ્દેદારોને સાંકળી લેશે. ■

# જમીનમાલિકીના હકને અપડેટ કરવા માટે સરકારની ઝુંબેશ

## 'જીવંત સાતબારા' નામના અભિયાનનો બીજો તબક્કો શરૂ કરાયો છે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે જમીનના ટાઇટલ અપડેટ કરવા માટે 'જીવંત સાતબારા' ઝુંબેશનો બીજો તબક્કો શરૂ કર્યો છે, એમ મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુળેએ શુક્રવારે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં જમીનના માલિકી હક દસ્તાવેજને સામાન્ય રીતે 'સાતબારાનો ઉતારો' તરીકે ઓળખવામાં આવે છે. અધિકારીઓને તાલીમ આપવા સહિતની કવાયતનો પ્રથમ તબક્કો આ વર્ષની શરૂઆતમાં હાથ ધરવામાં આવ્યો હતો.

''અમે જીવંત સાતબારા ઝુંબેશનો બીજો તબક્કો શરૂ કર્યો છે જેથી ખેડૂતોને જમીનના રેકોર્ડમાં જૂની એન્ટ્રીઓને કારણે કોઈ મુશ્કેલી ન પડે. સરકારે આવી એન્ટ્રીઓને સચોટ, અદ્યતન માહિતી સાથે બદલવાનો આદેશ જારી કર્યો છે,'' એમ બાવનકુળેએ જણાવ્યું હતું..

''અમે અપ્રસ્તુત ડેટાને દૂર કરીને અને માલિકીની વિગતો, ભાડાપટ્ટાના પ્રકારો અને સ્મશાન જેવી જાહેર જમીનના રેકોર્ડ જેવી યોગ્ય એન્ટ્રીઓ શામેલ કરીને સાતબારા જમીન માલિકીના દસ્તાવેજોને અપડેટ કરીશું,'' એમ બાવનકુળેએ ઉમેર્યું હતું. ખેડૂતોને લોન મેળવવા, જમીન ખરીદવા કે વેચવામાં અને સરકારી યોજનાઓના લાભો મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જેમ કે જૂની એન્ટ્રીઓને કારણે, તેમણે ધ્યાન દોર્યું.

આ હેતુ માટે જિલ્લા કલેક્ટરો અને પેટા વિભાગીય અધિકારીઓ સાથે તાલુકા અને વર્તુળ સ્તરે કેમ્પ યોજવામાં આવશે જેમાં દેખરેખ અને રિપોર્ટિંગનું કામ સોંપવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# લાડકી બહેન યોજના ક્યારેય બંધ નહીં થાયઃ શિંદેની ગેરંટી

થાણેઃ મહારાષ્ટ્ર સરકારની મહિલાઓ માટેની મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજનાને ક્યારેય બંધ કરવામાં નહીં આવે એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું છે.

પાત્ર મહિલાઓને આ યોજના હેઠળ દર મહિને ૧૫૦૦ રૂપિયા મળે છે. ગયા વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિને અસાધારણ વિજય મળ્યો એમાં આ યોજનાનો મોટો ફાળો હોવાનું મનાય છે.

નવી મુંબઈથી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી)ના કેટલાક પદાધિકારીઓ અને કાર્યકરો તેમની શિવસેનામાં જોડાયા બાદ શિંદે ગુરુવારે થાણામાં વક્તવ્ય આપી રહ્યા હતા. આ જૂથનું નેતૃત્વ સેના (યુબીટી)ના કાર્યકારી રતન માંડવીએ કર્યું હતું.

શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે વિકાસ ઈચ્છતા લોકો સેનામાં જોડાઈ રહ્યા છે. લાડકી બહીણ યોજના ક્યારેય બંધ નહીં થાય. તેમણે વિપક્ષ પર અફવાઓ ફેલાવવાનો આરોપ મુક્યો હતો અને નાગરિકોને ખોટી માહિતી પર ભરોસો નહીં કરવા વિનંતી કરી હતી. શિવસેના પ્રમુખે તેમના પક્ષના ચૂંટણી ઢંઢેરાને સંપૂર્ણ રીતે લાગુ કરવાનું વચન આપ્યું હતું. (પીટીઆઈ) ■

# દાદીની હત્યા કરી દાગીના લૂંટનારા બે પૌત્ર પકડાયા

જાલનાઃ ગળું દબાવીને દાદીની હત્યા કર્યા બાદ સોનાના દાગીનાની લૂંટ ચલાવનારા બે પૌત્રને પોલીસે મધ્ય પ્રદેશ નજીકથી પકડી પાડ્યા હતા. ધરપકડ કરાયેલા બન્ને આરોપીની ઓળખ પ્રદીપ ધાકણે (૨૨) અને તેના કઝિન સંદીપ ધાકણે (૨૬) તરીકે થઈ હતી. બન્નેને ગુરુવારે મધ્ય પ્રદેશની સીમાએથી તાબામાં લેવાયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.ભોકરદાન તહેસીલના ચંદાઈ ઈકો ગામમાં રહેતી કેશરબાઈ ધાકણે (૬૫)નો મૃતદેહ ૨૯ એપ્રિલે તેના ઘરમાંથી મળ્યો હતો. ગળું દબાવીને વૃદ્ધાની હત્યા કરાઈ હોવાનું તપાસમાં જણાયું હતું. એ સિવાય વૃદ્ધાનો એક કાન ચીરાયેલો હતો. વૃદ્ધાએ પહેરેલા દાગીના આરોપીએ ખેંચી કાઢ્યા હશે અને તેને કારણે કાન ચીરાયો હોવાનું પોલીસનું માનવું હતું.

હસનાબાદ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સંજય અહિરેએ જણાવ્યું હતું કે ઘટના બાદથી વૃદ્ધાના પૌત્ર પ્રદીપ અને સંદીપ ગુમ હોવાનું તપાસમાં જણાયું હતું. બન્ને જણ દાદીના અંતિમસંસ્કારમાં પણ નજરે ન પડતાં પોલીસને શંકા ગઈ હતી. શંકાને પગલે બન્ને આરોપીની પોલીસે શોધ હાથ ધરી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી બન્નેને પકડી પાડવામાં આવ્યા હતા. તેમની પાસેથી લૂંટેલા દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

વિવિધ આર્ટસ સર્જન
નિમેષ શાહ પ્રસ્તુત
અમાન ખાન નિર્મિત
ગુડલક પ્રોડક્શન સહનિર્મિત
કિરણ પાટીલ લિખિત-દિગ્દર્શીત
મુનિ ઝા અભિનિત
કાલે બપોરે 3.30 નહેરૂ સાંજે ૭.30 તેજપાલ
નહેરૂ-વર્લી, બુ./ટેલી બુ. ૧૦-૬ (40245408, 9930652094)
તેજપાલ, બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭ (23802679, 9819928509)
Online: www.bookmyshow.com
અનોખી લવ સ્ટોરી
અનોખી રજૂઆત
મરવા ટાણે જીવવાની અને ખરવા ટાણે ઉગવાની...
અજબ પ્રેમની ગજબ કહાની
Show Cont. 9987251122, 9820242726
Deepak Somaiya

AWARD WINNING PLAY MADHURI DIXIT IS BACK !
BY PUBLIC DEMAND
કાલે સાંજે ૭.30 નહેરૂ
બુ./ટેલી બુ. ૧૦-૬ Ph. 40245408, 9930652094
SPARSH Online: bookmyshow.com
ઉમેશ શુક્લ-ચેતન ગાંધી-સૌમ્ય જોષી નિર્મિત
ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત
મૂળકૃતિ: અભિજીત ગુરૂ
આલેખનઃ ઉમેશ શુક્લ દિગ્દર્શકઃ સ્વપ્નિલ બારસકર
માધુરી દીક્ષિત
★ રિદ્ધિ નાયક શુક્લ, નેહા પકાઈ, હર્ષદ પટેલ અને વ્યાસ હેમાંગ Show Cont. 7977916660, 9321144944
Deepak Somaiya

તખ્તા પર રંગકર્મી તરીકે કરીઅર ઘડવા ઈચ્છો છો?
★અભિનય ★દિગ્દર્શન ★નાટ્ય લેખન ★સન્નીવેષ ★પ્રકાશ આયોજન અને ★મેકઅપ ઉપરાંત નાટકનાં વિવિધ પાસાંઓ અંગેનું અમુલ્ય અને વિસ્તૃત જ્ઞાન આપતો વર્કશૉપ.
COCONUT THEATRE PRESENTS રંગમંચ જ્ઞાનકુંભ વર્કશૉપ-4 • 2025
વર્કશૉપ સંચાલનઃ શ્રી સુરેશ રાજડા (ગુજરાતી રંગભૂમિના સુપ્રસિદ્ધ દિગ્દર્શક) તેમજ ફિલ્મ, સીરીયલ તથા નાટ્યક્ષેત્રના અનુભવી નિષ્ણાતો.
તારીખ : 11 થી 20 મે, 2025
સ્થળ : IES, એસેમ્બલી હોલ-1, નાબર ગુરૂજી માર્ગ, દાદર (E), સ્ટેશનની બાજુમાં, મુંબઇ.
વર્કશૉપ (નિઃશુલ્ક)
•દરરોજ સવારે 10 થી સાંજે 5.
•પ્રવેશ માટે વય: 18 વર્ષ થી વધુ.
•શિસ્તબદ્ધતામાં કોઇ સમાધાન નહીં.
વર્કશૉપના પ્રતિભાશાળી ઉમેદવારોને કોકોનટ દ્વારા નિર્મિત નાટક, ફિલ્મ અને સીરીયલમાં અભિનય કરવાની તક મળી શકે છે.
Powered by: COCONUT MOTION PICTURES ZEN OPUS COCONUT PRODUCTION
M04.25 પ્રવેશ માટે સંપર્કઃ 80 80 148 148

# સાક્ષીઓએ ફેરવી તોળતા ૨૦૧૪ના હત્યા કેસમાં પાંચ આરોપી નિર્દોષ જાહેર

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લાની એક અદાલતે ૨૦૧૪માં એક વ્યક્તિ પર હુમલો કરીને તેની હત્યા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો એ પાંચ વ્યક્તિને નિર્દોષ જાહેર કરી છે. સુનાવણી દરમિયાન મુખ્ય સાક્ષીઓએ ફેરવી તોળ્યું હોવાથી વિશ્વસનીય પુરાવાના અભાવને કારણે અદાલતે આવો નિર્ણય લીધો હતો.

કલ્યાણ સેશન્સ કોર્ટના એડિશનલ સેશન્સ જજ મંગલા એ. મોટેએ વસંત ગુલાબ ઉબાળે (૫૧), પીયૂષ રમેશ જગતાપ (૪૦), સંદિપ મગન પંડિત (૪૫), અક્ષય રમેશ જગતાપ (૩૩) અને પ્રવિણ સુરેશ ચિકાને (૪૦)ને ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૩૦૨ (હત્યા), ૩૦૭ (હત્યાનો પ્રયાસ) અને અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા હતા. આ કેસના છઠ્ઠા આરોપીનું સુનાવણી દરમિયાન અવસાન થયું હોવાથી તેની સામે કાર્યવાહી બંધ કરવામાં આવી હતી. ૨૪ એપ્રિલે આપવામાં આવેલા આદેશની એક નકલ શુક્રવારે ઉપલબ્ધ કરાઈ હતી.

આ ઘટના ૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ના દિવસે બની હતી. કસારા રેલવે સ્ટેશન નજીક કેટલીક વ્યક્તિઓએ ત્રણ શખસ પર લોખંડના સળિયા અને લાકડાના ઢીમચા વડે હુમલો કર્યો હતો.

આ હુમલામાં સચિન રોંગેટનું મોત થયું હતું, જ્યારે અન્ય બે જણને ગંભીર ઈજાઓ પહોંચી હતી. એફઆઈઆર નોંધી આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૧૬માં આરોપો ઘડવામાં આવ્યા હતા અને અસંખ્ય વિલંબ પછી માર્ચ ૨૦૨૫ માં સુનાવણી શરૂ થઈ હતી. (પીટીઆઈ) ■

# ભિવંડીમાં બે શિક્ષક ૬૦ હજાર રૂપિયાની લાંચ લેતા પકડાયા

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડી ખાતે ૬૦ હજાર રૂપિયાની લાંચ માગવા અને સ્વીકારવા બદલ બે શિક્ષકને એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ પકડી પાડ્યા હતા. ફરિયાદીને તેની સેવા સંબંધી અમુક દસ્તાવેજોની જરૂર હતી, જે આપવા માટે બંને શિક્ષકે લાંચ માગી હતી.

આરોપીઓની ઓળખ ભિવંડીની રઇસ હાઇ સ્કૂલ એન્ડ જુનિયર કોલેજના શિક્ષક શાહજાન મોહંમદ અલી મૌલાના અને હેડમાસ્તર ઝિયાઉર રેહમાન મઝહરુલહક અન્સારી તરીકે થઇ હતી. એસીબીના થાણે યુનિટનાં ઇન્સ્પેક્ટર અનુપમા ખારેએ જણાવ્યું હતું કે ફરિયાદીએ વેતન પંચની નોંધ અને સ્ટેમ્પ સાથેની સર્વિસ બૂકની નકલ મેળવવા માટે માર્ચ મહિનામાં બંને શિક્ષકનો સંપર્ક સાધ્યો હતો. આરોપીઓએ આ કામ માટે પ્રથમ પચાસ હજાર રૂપિયા માગ્યા હતા. જોકે બાદમાં ક્લેરિકલ વર્ક, ટાઇપિંગ અને સ્ટેમ્પિંગ ચાર્જનો ઉલ્લેખ કરીને રકમ ૬૦ હજાર કરી દીધી હતી.

દરમિયાન ફરિયાદીએ આ પ્રકરણે એસીબીનો સંપર્ક સાધ્યા બાદ અધિકારીઓએ ગુરુવારે છટકું ગોઠવીને શાહજાનને લાંચની રકમ સ્વીકારતાં રંગેહાથ પકડી પાડ્યો હતો. બાદમાં ઝિયાઉરને પણ તાબામાં લેવાયો હતો. (પીટીઆઇ) ■

# સ્થાનિક ખચ્ચર માલિકોએ પહેલા મદદ કરી હતીઃ પહલગામ હુમલામાં ઘાયલ પાટીલ કહે છે

મુંબઈઃ ૨૨ એપ્રિલના થયેલા પહલગામમાં થયેલા હુમલા દરમિયાન આતંકવાદીની ગોળીથી ઘાયલ થયા બાદ ખચ્ચરના માલિકોએ સૌથી પહેલા મદદ કરી હતી, એમ હુમલામાં ઘાયલ થયેલા ૬૦ વર્ષીય સુબોધ પાટીલે જણાવ્યું હતું. પહલગામની આર્મી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા પાટીલ ગુરુવારે રાત્રે તેમની પત્ની સાથે નવી મુંબઈના કામોઠે સ્થિત તેમના ઘરે પરત ફર્યા. તે દિવસની ઘટનાઓ યાદ કરતાં તેઓ ભાવુક થઈ ગયા, અને હુમલા પછી ઘાયલોને મદદ કરનારા ખચ્ચર માલિકોનો આભાર માન્યો. ''ગરદનમાં ગોળી વાગવાને કારણે હું બેભાન થઈ ગયો હતો. જ્યારે મને ભાન આવ્યું, ત્યારે મેં મારી આસપાસ મૃતદેહો જોયા. મને હલનચલન કરતો જોયા પછી, પોની રાઈડ ઓપરેટરોનું એક ગ્રુપ આવ્યું અને મને પાણી આપ્યું. અમે જે પોની રાઈડ ઓપરેટર રાખ્યો હતો તે પણ તેમાંનો એક હતો,'' તેમણે કહ્યું.

''બીજા એક માણસે મને ઊભા થવામાં મદદ કરી, મને ટેકો આપવા માટે પોતાનો ખભો આપ્યો, અને પૂછ્યું કે શું હું ચાલી શકું છું,'' એમ પાટીલે યાદ કરીને ઉમેર્યું કે ''થોડા સમય પછી તેઓ એક વાહન લઈને આવ્યા, અને મને ભારતીય સેનાની તબીબી સુવિધામાં લઈ ગયા. ત્યાંથી મને હેલિકોપ્ટરમાં બહાર કાઢવામાં આવ્યો અને લશ્કરી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.'' ■

# કંપની સાથે ૬૪ લાખ રૂપિયાની છેતરપિંડીઃ નવી મુંબઈના દંપતી સામે ગુનો

થાણેઃ ટેક્નોલોજી કંપની સાથે ૬૪ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ નવી મુંબઈના દંપતી વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યો હતો.રબાળે પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે એપ્રિલ, ૨૦૨૨થી સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી. કંપનીની મહિલા ડિરેક્ટરે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે કંપનીના નાણાકીય કામકાજ આરોપીને સોંપવામાં આવ્યાં હતાં. જોકે આરોપીએ તેની પત્નીની મદદથી કંપનીના ૬૪.૬૮ લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.આરોપીએ કંપનીના રજિસ્ટ્રાર સમક્ષ બનાવટી દસ્તાવેજો રજૂ કર્યા હતા, જેમાં દાવો કરાયો હતો કે કંપનીની ડિરેક્ટરે રાજીનામું આપી દીધું છે.

આરોપીએ બાદમાં તેની પત્નીને ડિરેક્ટર તરીકે નિયુક્ત કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. આરોપીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં બોગસ એગ્રીમેન્ટ રજૂ કર્યું હતું અને મહિલા ડિરેક્ટર પર શરતોનું ઉલ્લંઘન કરવાનો ખોટો આરોપ લગાવ્યો હતો.આરોપી અને તેની પત્ની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ આ પ્રકરણે તપાસ ચાલી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

Sahitya Akademi
Ministry of Culture Government of India
સત્યમેવ જયતે
**સાહિત્ય અકાદેમી અનુવાદ પુરસ્કાર ૨૦૨૫**
સાહિત્ય અકાદેમી વર્ષ ૨૦૨૫ના સાહિત્ય અકાદેમી અનુવાદ પુરસ્કાર માટે તેના દ્વારા માન્યતાપ્રાપ્ત તમામ ૨૪ ભારતીય ભાષાઓનાં પુસ્તકો ભારતીય અનુવાદકો, તેમના શુભચિંતકો અને પ્રકાશકો પાસેથી આમંત્રિત કરે છે. વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩માં (એટલે કે ૦૧ જાન્યુઆરી, ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ વચ્ચે) પ્રથમ વખત પ્રકાશિત થયેલ પુસ્તકોને જ ધ્યાનમાં લેવામાં આવશે. પુરસ્કારમાં રૂ. ૫૦,૦૦૦/-ની રકમ અને સ્મૃતિચિહ્નનો સમાવેશ થાય છે. **૩૧ મે ૨૦૨૫** સુધીમાં અરજી ફૉર્મ સાથે પ્રત્યેક પુસ્તકની એક નકલ મોકલવાની રહેશે. પુરસ્કાર સંબંધિત વધુ વિગતો અને સાહિત્ય અકાદેમી અનુવાદ પુરસ્કારના નિયમો www.sahitya-akademi.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
સહી
(સચિવ)
સાહિત્ય અકાદમી, નવી દિલ્હી

# કાંજુરમાર્ગમાં ૧૨૦ હેક્ટરમાં જંગલ જ રહેશે, ડમ્પિંગ ગ્રાઉન્ડ નહીં બને: હાઈ કોર્ટનો આદેશ

મુંબઈ: ડમ્પિંગ ગ્રાઉન્ડની રચના માટે કાંજુરમાર્ગના સંરક્ષિત જંગલનો દરજ્જો બદલનાર ૨૦૦૯ના જાહેરનામાને બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે રદ કર્યો હતો. આમ હવે ૧૨૦ હેક્ટર જમીન પર ડમ્પિંગ ગ્રાઉન્ડ નહીં બને પણ જંગલ યથાવત રહેશે.

જસ્ટિસ સોમશેખર સુંદરેશન અને જી.એસ. કુલકર્ણીનો સમાવેશ કરતી ડિવિઝન બેન્ચે રાજ્ય સરકાર અને મુંબઈ સુધરાઈની એવી દલીલને સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો કે આ વિસ્તારને જંગલ તરીકે વર્ગીકૃત કરતી અગાઉની સૂચના ‘‘ભૂલ’’ હતી. જમીનની સ્થિતિ બદલતી સૂચના ‘‘ટકી શકે એમ નથી અને જંગલ માટે અનામતના દરજ્જાને નિયંત્રિત કરતી કાયદાની આવશ્યકતાઓ સાથે વિરોધાભાસી છે’’, એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું. જજોએ કહ્યું કે જંગલ માટે અનામતના દરજ્જાને દૂર કરવા માટે વન સંરક્ષણ કાયદા હેઠળ નિર્ધારિત યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું ન હતું અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને આદેશાનું પાલન કરવા માટે ત્રણ મહિનાનો સમય આપ્યો હતો.

કોર્ટ ૨૦૧૩ માં વનશક્તિ, એક જાહેર ટ્રસ્ટ દ્વારા દાખલ કરાયેલી અરજીની સુનાવણી કરી રહી હતી, જેમાં કાંજુર ગામ સ્થિત જમીનને સુરક્ષિત જંગલ તરીકે વર્ગીકૃત કરવાના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો.

કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયે માર્ચ ૨૦૦૯ માં ડમ્પિંગ ગ્રાઉન્ડ બનાવવા માટે પ્રોજેક્ટને પર્યાવરણીય મંજૂરી આપી હતી. પરંતુ મંત્રાલયે તે ‘‘સંરક્ષિત જંગલ’’ હોવાનું સાબિત કરતી સામગ્રી પર વિચાર કર્યો ન હતો, અરજદારે જણાવ્યું હતું. (પીટીઆઈ)

### સફાઈ કર્મચારીઓ બે શિફ્ટમાં સાફસફાઈ કરશે ને...

# મુંબઈભરમાંથી કચરો ઉપાડવાનું કામ ખાનગી કૉન્ટ્રેક્ટરોને આપી દેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં પશ્ચિમનાં ઉપનગરો કાંદિવલી, બોરીવલી અને દહિસર સહિત મુલુંડમાં કચરો ઉપાડીને લઈ જવાના કામનું ખાનગીકરણ બાદ હવે બાકીના વિસ્તારમાં પણ આ કામ કૉન્ટ્રેક્ટરને આપવાની સુધરાઈની યોજના છે. તેથી મુંબઈમાં કચરો લઈ જવા માટે ખાનગી વાહનોની સાથે જ હવે કચરો ઉપાડવાનું કામ પણ કૉન્ટ્રેક્ટર કરશે. તો આ કામ કરનારા પાલિકાના કર્મચારીઓને હવે મુંબઈમાં બીજી શિફ્ટમાં કરવામાં આવનારા સફાઈના કામમાં તહેનાત કરવામાં આવવાના છે.

મુંબઈના જુદા જુદા વિસ્તારમાંથી કચરો જમા કરીને તેને દેવનાર અને કાંજુરમાર્ગ તથા મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવવા માટે અગાઉ આપેલા કૉન્ટ્રેક્ટની મુદત પૂરી થયા બાદ ૨૦૧૮માં નવો કૉન્ટ્રેક્ટર રાખવામાં આવ્યો હતો. પાલિકાએ આ કામ માટે ૧૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કૉન્ટ્રેક્ટર નીમ્યા હતા, જેમાં કાંદિવલી આર-દક્ષિણ વોર્ડ, બોરીવલી આર-સેન્ટ્રલ વોર્ડ, દહિસર આર-ઉત્તર વોર્ડ અને મુલુંડ ટી-વોર્ડમાં વાહન સહિત માણસો પૂરા પાડવાનો કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો હતો. તેને કારણે આ વિસ્તારમાં પાલિકાના કર્મચારીઓને કચરો ઉપાડવાના કામમાં કોઈ હસ્તક્ષેપ કરવાનો નહોતો. તો બાકીની જગ્યાએ ક્ચરો ઉપાડવાના વાહન કૉન્ટ્રેક્ટરના પણ પાલિકાના સફાઈ કર્મચારીઓ કચરો ઉપાડવાનું કામ કરતા હતા. સાત વર્ષ માટેનો કૉન્ટ્રેક્ટ પૂરો થવાથી પાલિકાએ નવેસરથી કૉન્ટ્રેક્ટ આપવાનો નિર્ણય લીધો હતો.

આ ચાર વોર્ડમાં ખાનગીકરણને સફળતા મળ્યા બાદ હવે મુંબઈના તમામ વોર્ડમાં આ પદ્ધતિએ કામ કરવાનો પાલિકાએ નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. જોકે હાલ એલ વોર્ડ અને એમ-પૂર્વ તથા એમ-પશ્ચિમ વોર્ડને તેમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. અગાઉ ચાર વોર્ડમાં ખાનગીકરણ બાદ ત્યાં કામ કરનારા સફાઈ કર્મચારીઓની સંખ્યા ઘટાડીને તેમને સફાઈનાં કામમાં લગાડી દેવામાં આવ્યા હતા.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ચાર વોર્ડમાં સફળતા મળ્યા બાદ મુંબઈમાં આ યોજનાને અમલમાં મૂકવામાં આવશે. તેથી ત્યાં હાલ રહેલા પાલિકાના સફાઈ કર્મચારીઓને હવે મુંબઈમાં બે શિફ્ટમાં ચાલી રહેલા સફાઈનાં કામમાં લગાડી દેવામાં આવશે. મુંબઈમાં હવે સવાર અને સાંજ એમ બે શિફ્ટમાં સફાઈ કરવામાં આવે છે.

### રસ્તાનું કંગાળ કામ

# એન્જિનિયરના સસ્પેન્શન સામે યુનિયનની નારાજગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સુધરાઈના એચ-પશ્ચિમ વોર્ડના રોડ ડિપાર્ટમેન્ટના સબ-એન્જિનિયર સસ્પેન્ડ કરવાને ખોટો નિર્ણય ગણાવીને મ્યુનિસિપલ એન્જિનિયર્સ અસોસિયેશને સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર લખીને ચોખ્ખા શબ્દોમાં નારાજગી વ્યક્ત કરી છે. એન્જિનિયરને રાજકીય દબાણ હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાનો દાવો પણ યુનિયને કર્યો છે. પશ્ચિમ ઉપનગરમાં લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયાના કૉંક્રીટના રસ્તાનાં કામ ચાલી રહ્યા છે. દરરોજ લગભગ ૩,૦૦૦ ક્યુબિક મીટરના કૉંક્રીટીકરણનું કામ કરવામાં આવી રહ્યું છે. એક સબ-એન્જિનિયર પાસે લગભગ દસથી બાર રસ્તાનાં કામ આપવામાં આવ્યા છે. નિયમ મુજબ એચ-પશ્ચિમ વોર્ડમાં આ કામ માટે ૧૧૦ સબ-એન્જિનિયરની આવશ્યકતા સામે માત્ર ૩૫ સબ-એન્જિનિયર આ કામ રાત-દિવસ કરી રહ્યા છે. તેમના કામ માટે શાબાશી આપવાને બદલે સસ્પેન્ડ કરીને તેમની સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. સબ-એન્જિનિયરને એક કામ માટે લગભગ ૪૦ પ્રકારના રેકોર્ડ રાખવા પડે છે. સસ્પેન્ડ કરવામાં આવેલા સબ-એન્જિનિયર પાસે ૨૬ સાઈટ્સના કામ હતા. તે માટે તેણે ૧,૦૪૦ રેકોર્ડ બનાવવાના હોય છે. રેકોર્ડ બનાવવાથી લઈને પ્રત્યક્ષ રીતે સાઈટ પર હાજર રહેવાનું, નાઈટ શિફ્ટ કરવાની હોય છે. તેની સામે તેને કોઈ પ્રકારનું ભથ્થુ આપવામાં આવતું નથી, ત્યારે તેના કામને વખાણવાં બદલે તેને ખોટી રીતે સસ્પેન્ડ કરીને અન્યાય કરવામાં આવ્યો છે, તેથી તાત્કાલિક પ્રશાસને તેના સસ્પેન્શનને પાછું ખેંચવું એવી માગણી પણ યુનિયને કરી છે.

# હવે સર્જિકલ સ્ટ્રાઈકથી કાંઈ નહીં થાય, દુશ્મનોની સર્જરી જ કરવી પડશે: ભુજબળ

મુંબઈ: અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી એ ગુરુવારે (૧ મે) ‘ગૌરવશાળી મહારાષ્ટ્ર મહોત્સવ-૨૦૨૫’નું આયોજન કર્યું હતું, જેમાં પૂર્વપ્રધાન છગન ભુજબળે કહ્યું હતું. કે ‘‘હવે ફક્ત સર્જિકલ સ્ટ્રાઈકથી કંઈ નહીં થાય, દુશ્મનોની સર્જરી કરવી પડશે.’’

એનસીપીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સાંસદ પ્રફુલ્લ પટેલે મહારાષ્ટ્ર દિવસ પર પાર્ટી કાર્યકરો અને જનતાને ખાતરી આપી હતી કે શિવ-શાહુ-ફૂલે-આંબેડકરના વિચારોને ક્યારેય નહીં ત્યજીએ. અમે આ વાત વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ સ્પષ્ટપણે જણાવી દીધી છે. વિરોધીઓ પર કટાક્ષ કરતા પ્રફુલ્લ પટેલે કહ્યું, ‘‘ઘણા લોકો પ્રગતિશીલ વિચારોની વાતો કરે છે પરંતુ તેમના મનમાં કંઈક બીજું અને તેમના વર્તનમાં કંઈક બીજું હોય છે, પરંતુ અજિત પવાર એવા નથી. તેમના શબ્દોમાં અને તેમના હૃદય બંનેમાં સત્ય અને રામ છે.’’

# નાશિકમાં પિક-અપ ટ્રકે ટૂ-વ્હિલરને ટક્કર મારતાં એકનું મોત

નાશિક: નાશિકમાં ઝડપથી આવી રહેલા એક પિકઅપ ટ્રકે ટુ-વ્હીલરને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટુ-વ્હીલર પર સવાર ભાઇ-બહેનમાંથી, ૨૩ વર્ષીય જયશ્રી સોનાવણેનું ગંભીર ઈજાઓ બાદ મોત નીપજ્યું હતું. મ્હસરુલ પોલીસે આ ઘટના અંગે કેસ દાખલ કર્યો છે અને અકસ્માતની તપાસ શરૂ કરી છે. આ ઘટના નાસિકના મ્હાસરુલ પોલીસ સ્ટેશનના હદાયરા વિસ્તારમાં બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, જયશ્રી તેના ભાઈ સુમિત સાથે ટુ-વ્હીલર પર જઈ રહી હતી, ત્યારે પાછળથી એક પિકઅપ ટ્રક આવીને તેમની ટુ-વ્હીલરને જોરદાર ટક્કર મારીને તેમને દૂર લઈ ગઈ. પિકઅપ ટ્રકે ત્રણ અન્ય મોટરસાયકલ અને એક ઓમ્ની વાહનને પણ ટક્કર મારી હતી. અકસ્માત પછી થોડી જ ક્ષણોમાં જયશ્રીનું મૃત્યુ થયું હતું. આ ઘટનામાં સુમિતને પણ ગંભીર ઈજાઓ થઈ હતી. પિકઅપ દ્વારા ટક્કર મારવામાં આવેલી બીજી બાઇક પર સવાર જયદેવ મહાલે અને ભરત મહાલે બંનેને ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અહેવાલો દર્શાવે છે કે જયશ્રીના ભાઈ સુમિતની હાલત ગંભીર છે.

# ગોરાઈ કાંઠે અમ્યુઝમેન્ટ કમ વોટર પાર્ક બનાવવાની યોજના

મુંબઈ: ગોરાઈના દરિયાકાંઠાના વિસ્તારને એક મુખ્ય પર્યટન કેન્દ્રમાં પરિવર્તિત કરવાની યોજનાઓને મહારાષ્ટ્ર ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમટીડીસી) એ પુનર્જીવિત કરી છે. ૧૦૦ એકરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટમાં એક નવો અમ્યુઝમેન્ટ કમ વોટર પાર્ક અને અન્ય વિવિધ સુવિધાઓનો સમાવેશ થાય છે.

એમએમઆરડીએ ને ૨૦૧૩ માં મનોરી-ગોરાઈ-ઉત્તન વિસ્તાર માટે સ્પેશિયલ પ્લાનિંગ ઓથોરિટી તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. ૪૩.૧૩ ચોરસ કિલોમીટર અને આઠ ગામડાઓ ધરાવતા આ પ્રદેશને ત્યારબાદ નિયુક્ત મનોરંજન અને પ્રવાસન વિકાસ ક્ષેત્ર તરીકે સૂચિત કરવામાં આવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, એમટીડીસી એ પ્રોજેક્ટ શરૂ કરવા માટે બે ટેન્ડર બહાર પાડ્યાં છે, જેમાં મનોરંજન પાર્કના વિકાસ અને અમલીકરણ માટે સલાહકારની નિમણૂક કરવાનો એક ટેન્ડર પણ સામેલ છે. પ્રસ્તાવિત મનોરંજન પાર્કમાં રોમાંચક રાઇડ્સ, ફેમિલી ફ્રેન્ડલી આકર્ષણો, સ્પ્લેશ પેડ્સ જેવી પાણીની સુવિધાઓ, ખાદ્ય અને પીણાના આઉટલેટ્સ, છૂટક દુકાનો અને પુષ્કળ પાર્કિંગ હોવાની અપેક્ષા છે.

# મહાયુતિમાં ચડસાચડસીના ખેલનો પુરાવો છે સરકારનો રિપોર્ટ કાર્ડ: કૉંગ્રેસ

નાગપુર: મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે શુક્રવારે દાવો કર્યો હતો કે રાજ્ય સરકારના ૧૦૦ દિવસના રિપોર્ટ કાર્ડ પરથી ફરી એકવાર શાસક મહાયુતિના ભાગીદારો વચ્ચે અણબનાવ હોવાનું સામે આવ્યું છે.

આ રિપોર્ટ કાર્ડ દ્વારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમના વિભાગોએ ભાજપ સાથે યુતિ ધરાવતા ભાગીદારો શિવસેના અને એનસીપી હેઠળના વિભાગો કરતાં વધુ સારો દેખાવ કર્યો છે એવું દર્શાવવાનો પ્રયાસ કર્યો છે એમ કોંગ્રેસના નેતાએ નાગપુરમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું. ગયા વર્ષે ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિની શાનદાર જીત બાદ મુખ્ય પ્રધાન બનેલા ફડણવીસે દરેક વિભાગ માટે ૧૦૦ દિવસનો કાર્યક્રમ નક્કી કરી મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યા હતા.ફડણવીસે ગુરુવારે જાહેરાત કરી હતી કે, ૪૮ વિભાગોમાંથી એક ડઝન વિભાગ પૂર્ણપણે સફળ રહ્યા હતા. અન્ય ૧૮ વિભાગ આપેલા સમયગાળામાં ૮૦ ટકાથી વધુ લક્ષ્ય હાંસલ કર્યા છે. રિપોર્ટ કાર્ડ અંગેના સવાલોના જવાબમાં સપકાળે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦૦ દિવસમાં રાજ્યમાં મહાયુતિના ત્રણ એકમો વચ્ચે ચડસાચડસીનો ખેલ જોવા મળ્યો હતો. છેલ્લા ૧૦૦ દિવસ દરમિયાન પ્રધાનો અને સીએમના રાજીનામાની અનેક વાર માગ કરવામાં આવી હતી. (પીટીઆઈ)

# બોરીવલીમાં ૨૦ અનધિકૃત બાંધકામોને તોડી પડાયાં

મુંબઈ: બોરીવલી પૂર્વમાં રેલ્વે સુરક્ષા દળ સરકારી રેલવે પોલીસ અને મુંબઈ શહેર પોલીસના સંયુક્ત પ્રયાસથી એક મહત્વપૂર્ણ અતિક્રમણ વિરોધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૮૦ અનધિકૃત બાંધકામોને સફળતાપૂર્વક તોડી પાડવામાં આવ્યા હતા. દરમિયાન, પૂર્વ બાજુની લગભગ ૪૩ અનધિકૃત ઝૂંપડપટ્ટીઓ દૂર કરવામાં આવી હતી. આ ઝુંબેશ મુંબઈ વિભાગ દ્વારા પૂર્વ-આયોજિત પહેલનો એક ભાગ હતી . એન્જિનિયરિંગ વિભાગની દેખરેખ હેઠળ મજૂરોની મદદથી આ કામ હાથ ધરવામાં આવ્યું હતું. બે મોટા ઝૂંપડામાંથી લોખંડના પતરાં અને વાંસ જેવી વસ્તુઓ મળી આવી હતી જેને વર્ક્સ ઇન્સ્પેક્ટર દ્વારા વિભાગીય ગોડાઉનમાં જમા કરવામાં આવી હતી.કડક સુરક્ષા વચ્ચે આ કામગીરી શાંતિપૂર્ણ રીતે થઇ હતી.

# અનિલ કપૂરની માતાનું નિધન

મુંબઈ: બોલિવૂડ અભિનેતા અનિલ કપૂરની માતાનું અવસાન થયું છે. માતાના મૃત્યુના સમાચાર બાદ સમગ્ર કપૂર પરિવાર શોકમાં છે. આ દુઃખદ સમાચાર સાંભળતાં જ પરિવારના સભ્યો ભેગા થવા લાગ્યા છે. અનિલ કપૂરની માતા નિર્મલા કપૂર ૯૦ વર્ષના હતા અને છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા. આ પછી તેમને મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ શુક્રવારે સાંજે ૫.૪૫ વાગ્યે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા . અનિલ કપૂરની માતા આવતા સપ્ટેમ્બર મહિનામાં તેમનો ૯૧મો જન્મદિવસ ઉજવવાના હતા. પરંતુ તે પહેલાં જ તેમની તબિયત બગડવા લાગી. જે બાદ તેમને કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

છેલ્લા પાનાનું ચાલુ

## ઉત્તન-વિરાર

વર્સોવાથી ઉત્તન પટ્ટા વચ્ચેના પટ્ટાને બાકત રાખ્યો છે. ઉત્તન-વિરાર સી લિંકને કારણે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં એક હાઈ સ્પીડ આઠ લેનનો ઉત્તર-દક્ષિણ કોરિડોર બનશે, જે સીધો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેને જોડશે. આ કોરિડોરથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, એસ.વી.રોડ અને લિંક રોડ પર હાલ રહેલા ટ્રાફિકને દબાણને ઘડાટવામાં મદદ મળશે. ફેઝ-વનમાં સી લિંકની કુલ લંબાઈ, જેમાં સી લિંકની સાથે કનેન્ટિંગ રોડ કુલ ૫૫.૧૨ કિલોમીટરનો હશે. ઉત્તનથી વિરાર સી-લિંક ૨૧.૩૫ કિલોમીટરનો, ઉત્તન કનેક્ટિંગ રોડ ૯.૩૨ કિલોમીટર, વસઈ કનેક્ટિંગ રોડ ૨.૫ કિલોમીટરનો અને વિરાર કનેક્ટિંગ રોડ ૧૮.૯૫ કિલોમીટરનો હશે. આ સી-લિંકને કારણે રેસિડેન્શિયલ, કમર્શિયલ અને ઈન્ડ્રસ્ટ્રિયલ ક્ષેત્રમાં પ્રવેશ કરવું સરળ રહેશે. તે લોજિસ્ટિકલ હબને જોડીને અને માલ-સામાન તથા લોકોની અવરજવરને બધુ સક્ષમ બનાવશે.

## ઉત્તર ભારતની

જેવા હીરો જોવા માગતા હતા, એમ નાગાર્જુને જણાવ્યું હતું.

‘‘તેઓ આવા હીરો જોવા માગતા હતા. તેઓ લાર્જર ધેન લાઇફ હીરો જોવા માંગતા હતા. ભારતીય લોકો માટે, ફક્ત રોજિંદા જીવન જીવવું ખૂબ મુશ્કેલ છે. અને જ્યારે તેઓ ફિલ્મો જોઈને તણાવ દૂર કરવા માગે છે, ત્યારે તેઓ પડદા પર જાદુ જોવા માગે છે,’’ એમ નાગાર્જુને કહ્યું હતું. (પીટીઆઈ)

## ‘થ્રી ઈડિયટ્સ’

અને મેં કહ્યું હતું કે હા હું એ જ છું,’’

અભિનેતા ‘‘સિનેમા: ધ સોફ્ટ પાવર’’ સત્રમાં બોલી રહી હતી જ્યાં તેણી સાથે તેલુગુ સ્ટાર વિજય દેવરાકોન્ડ જોડાયા હતા.

ફિલ્મો મારા માટે એક જુસ્સો છે, ફિલ્મો મારા લોહીમાં વહે છે, હું આ (ફિલ્મ) પરિવારમાં જન્મી છું. તેથી, ક્યારેય કહો નહીં કે ક્યારેય નહીં, એમ તેણે કહ્યું હતું. (પીટીઆઈ)

## એઆઈના નૈતિક

જોઈએ અને અન્ય બાબતોની સાથે આઇપી ફ્રેમવર્ક લાગુ કરવું જોઈએ.’’

વૈષ્ણવે એમ પણ કહ્યું કે સરકારોએ એવી નીતિઓને સમર્થન આપવું જોઈએ જે તમામ સાંસ્કૃતિક સ્વરૂપોનું જતન કરે અને પ્રોત્સાહન આપે કારણ કે તે સરહદો પારના લોકોને જોડે છે.

## સંસ્કૃતિના જનક

જ્યાં પવિત્ર પરંપરા આધુનિક ગતિશીલતાનો સુંદર સુમેળ સર્જાય છે. આપણા અર્થતંત્રની ઉભરતી શક્તિ ટૂંક સમયમાં જ આપણા દેશને વિશ્વમાં ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનાવી દેશે. વિશ્વમાં આપણું પલડું મજબૂત બનશે.’

ભારતના સમૃદ્ધ ઇતિહાસ પર પ્રકાશ પાડતા, નીતા અંબાણીએ નોંધ્યું હતું કે ‘ઓમ શબ્દ આપણા દેશની દેન છે અને સંસ્કૃત ભાષા પણ આપણા જ દેશમાં વિકસી છે અને આ જ સંસ્કૃતમાંથી વિશ્વની વિવિધ ભાષાનો વિકાસ થયો છે.’

રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષે વૅવ્ઝ ૨૦૨૫ માં તેમના ભાષણ દરમિયાન યોગ, આયુર્વેદ, વિજ્ઞાન, કલા, શાસ્ત્રીય સંગીત અને નૃત્યમાં ભારતના યોગદાન પર પણ પ્રકાશ પાડ્યો હતો. નીતા અંબાણીએ એમ પણ જણાવ્યું હતું કે ‘બ્રહ્માંડના જન્મનો સંકેત આપતા ‘ઓમ’ની ઉત્પત્તિ ભારતમાં થઈ છે.

ગણિતની અનંત યાત્રા શરૂ કરનાર શૂન્યનું જન્મસ્થળ અને વિશ્વની અનેક ભાષાની જનની એવી સંસ્કૃતનું ઘર આપણો દેશ છે. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના પ્રણેતા, યોગ અને આયુર્વેદની ભૂમિ, આર્યભટ્ટની ખગોળશાસ્ત્રીય ગણતરીઓથી માંડીને આદિ શંકરાચાર્યના અદ્વૈત વેદાંત, કલા અને સાહિત્યની દીવાદાંડી, શાસ્ત્રીય સંગીત અને નૃત્ય સ્વરૂપથી માંડીને મહાકાવ્યો રામાયણ અને મહાભારત આ દેશની ભૂમિના યોગદાન છે.’

## વાહન ભાડે

હતો. રોકાણકારને નામે બુક કરાવાયેલાં વાહન આરોપી ઍરપોર્ટ અને જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ (જેએનપીટી) ખાતે ભાડે આપીને મહિને પંચાવનથી ૭૫ હજાર રૂપિયાની આવકની લાલચ આપતો હતો. આવકમાંથી લોનના હપ્તા કાપ્યા પછી પણ સારીએવી રકમ હાથમાં આવવાની ખાતરી રોકાણકારોને આપવામાં આવતી.

અધિકારીએ જણાવ્યું હતું કે શરૂઆતમાં રોકાણકારોનાં બૅન્ક ખાતાંમાં નફાની રકમ જમા કરી આરોપી તેમનો વિશ્વાસ કેળવતો હતો. બાદમાં નાણાં ચૂકવવાનું બંધ કરી વિવિધ કારણો રજૂ કરતો અને પછી પોતાનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ કરી દેતો. આમ રોકાણકારોએ વાહનની લોનની રકમ ચૂકવવી પડતી અને વાહન પણ ગુમાવવાનો વારો આવતો.

તપાસ દરમિયાન પોલીસે રત્નાગિરિના દાપોલી તાલુકામાં રહેતા કાંદળકર અને તેના સાથી તેટગુરેની ધરપકડ કરી હતી. આરોપીએ વિવિધ રાજ્યના ૧,૩૭૫ રોકાણકારો સાથે આ રીતે ૨૦ કરોડથી વધુની છેતરપિંડી કરી હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આરોપી દ્વારા ઍરપોર્ટ અને જેએનપીટી ખાતે ભાડે આપવામાં આવેલાં ૨૪૬ વાહન જપ્ત કરવામાં આવ્યાં હોવાથી હજુ પણ અનેક ફરિયાદીઓ સામે આવી રહ્યા છે. પરિણામે છેતરપિંડીનો આંકડો વધવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

# જૈન મરણ

**સ્થાનકવાસી જૈન**

ગુણવંતરાય દોશી તા.૨૮.૪.૨૫એ અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. પોપટલાલ દોશીના દીકરા. સ્વ. તારીકાના પતિ. હેતલ પરમાર અને તેજલ શાહના પિતા. દુષ્યંત પરમાર અને દીક્ષિત શાહના સસરા. ટીઆના, તેજ, ધ્રુવી, રુહીના નાના. લૌકિક વ્યવહાર બંધ છે. ૬૦૨, સવેરા ૧, પિકનિક કોટેજ, જે પી રોડ, જે પી રોડ, અંધેરી વેસ્ટ.

**રાધનપુરી જૈન**

રાધનપુર નિવાસ હાલ મુંબઈ, સેવંતીલાલ જીવણલાલ પારેખ (ઉં. વ. ૯૨) તે સરલાબેનના પતિ. સ્વ. સુનિલભાઈ તથા સુજાતાબેનના પિતા. સ્વ. રેશમાબેન તથા અતુલકુમારના સસરા. આનંદિતા તથા અરુંધતીના દાદા. તારિણી એલેક્સના નાના. તા. ૧-૫-૨૫ના રોજ અરિહંતશરણ થયા છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૫-૫-૨૫ સાંજના ૫ થી ૭ નહેરૂ સેંટર ઓડિટોરિયમ, વર્લી રાખેલ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયા, હાલે નેપિયનસી રોડ, મુંબઈના માતુશ્રી દિવાળીબેન ખેતશી થાવર ગડા (ઉં. વ. ૮૨) ગુરુવાર, તા. ૧-૫-૨૫ના અવસાન પામેલ છે. જયંતી અને ઉર્મિલાના માતુશ્રી. સ્વ. ગંગાબેન-સ્વ. મણીબેન જીવરાજ દેવરાજ સાવલાના સુપુત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. શામજી વેરશી ફુરિયા ૩૮-એ, આશુતોષ સીએચએસ, ૬૧-૬ઠ્ઠો ફ્લોર, નેપિયનસી રોડ, મુંબઈ-૨૬.

**વેરાવળ દશા શ્રીમાળી સ્થા. જૈન**

મુકેશભાઇ (ઉં. વ. ૭૩) હાલ કાંદિવલી તે સ્વ. કાંતાબેન અમૃતલાલ શાહના પુત્ર. બીનાબેનના પતિ. સ્વ. રૂક્ષ્મણીબેન પ્રતાપરાય શેઠના જમાઇ. ગોંડલ નિવાસી આનંદ, મુક્તિના પિતાશ્રી. ટીના, કૌશલ ભરતભાઇ શાહના સસરા. મહેન્દ્રભાઇ, સ્વ. ક્રિષ્ણાબેન કાંતિલાલ, પ. પૂજ્ય તારાબાઇ સ્વામી, લતાબેન પ્રફુલભાઇ, કોકીલાબેન દિલીપભાઇ, અર્ચનાબેન હિતેશભાઇના ભાઇ. ઇન્દિરાબેનના દિયર તા. ૧-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી, મુકેશભાઈ પ્રવિણચંદ્ર શાહના ધર્મપત્ની હિનાબેન શાહ (ઉં. વ. ૬૨) રિદ્ધિ, પલક અને ઉમંગના મમ્મી, હિરલકુમાર, પ્રતીકકુમાર, માનસીના સાસુ. નીતાબેન દિનેશભાઈ શાહના દેરાણી. અંશ, ક્રિયાનના નાની. વિધાનના દાદી. તા. ૧. ૫.૨૫ ગુરુવારના અરીહંતસ્મરણ પામેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મીરારોડ સ્વ. શાંતાબેન વ્રજલાલ વોરાના પિતાશ્રી ભરતભાઇ (ઉં. વ. ૭૩) તા. ૨૯-૪-૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે નિમેશ, ધીલ્લેન, એકતાના પિતાજી. રિદ્ધિ, દિપક જોબાલીયાના સસરા. સ્વ. કનૈયાલાલ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. દમયંતીબેન જસાણીના ભાઇ. સ્વ. તારાબેન, ગં. સ્વ. રંજનબેનના દિયર. સસુરપક્ષે સ્વ. દલીચંદ અમરચંદ પંચમીયાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૫-૨૫ રવિવારના સવારના ૧૦થી ૧૧.૩૦. ઠે. મીરારોડ વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેકટર-૬, ગુરુદ્વારાની સામે, મીરારોડ (ઇસ્ટ). ચક્ષુદાન કરેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

જમણવાવ નિવાસી હાલ મલાડ, શાહ દુર્લભજી જેચંદભાઈના સુપુત્ર ચીમનભાઈ (ઉં. વ. ૮૨) તા.૧/૫/૨૫ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તે તારાબેનના પતિ. મુકેશ, જીગ્નેશ, ભાવેશ, ભાવિક, નીતાબેન, શૈલાબેન, કલ્પાબેનના પિતાશ્રી. નેહા, દિપાલી, તેજલ, હિરલ, સતીશકુમાર, મલયકુમાર, જયેશકુમારના સસરા. જીતેન્દ્રભાઈ, સુરજબેન વાડીલાલ, વિમળાબેન પરમાણંદભાઈ, સવિતાબેન અનંતરાય, રસીલાબેન રસિકલાલ, વસંતબેન પ્રતાપરાયના ભાઈ. સસરાપક્ષે મગનલાલ પ્રાગજી ભાઈ શાહ (ગાધેસર-તળાજા)ના જમાઈ. સમાધિથી સપ્તપદી તા.૪.૫.૨૦૨૫ રવિવાર ૧૦ થી ૧૨. સ્વામિનારાયણ હોલ, ૪થે માળે, દત્તમંદિર રોડ મલાડ ઇસ્ટ.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

દિહોર નિવાસી હાલ ડોમ્બિવલી, સ્વ. શાંતાબેન પૂનમચંદ લાખાણીના પુત્ર વિજયભાઈ (ઉં. વ. ૬૨) તા.૨/૫/૨૫ શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. સ્વ.નયનાબેનના પતિ. મનાલી અને જીગરના પિતાશ્રી. કૌશલકુમારના સસરા. સ્વ. કલ્પનાબેન શરદભાઈ દોશી. શૈલેશભાઈ, સુરેશભાઈ, હરેશભાઈના ભાઈ. સાસરાપક્ષે મહુવા નિવાસી હાલ મુલુંડ. સ્વ.મંજુલાબેન અમુલખરાય પોપટલાલ દોશીના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના માતુશ્રી રૂક્ષ્મણીબેન લક્ષ્મીચંદ કારાણી (મસાલાવાલા) (ઉં. વ. ૭૭) હાલે વડાલા તા. ૩૦-૪ના અવસાન પામેલ છે. ખેતબાઇ વેરશી ગોવાના પુત્રવધૂ. લક્ષ્મીચંદના પત્ની. સંજય, પ્રીતી અને રોકીના માતુશ્રી. નરેડીના વાલબાઇ પ્રેમજી રવજીના પુત્રી. દેવપુરના દમયંતી, લક્ષ્મીચંદ, ચંપકલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : સંજય કારાણી, ૧૭૨, અનુપમ બિલ્ડીંગ, ૪થે માળે, નાથાલાલ પારેખ માર્ગ, વડાલા-૩૧.

ડુમરા (ગુલાબગંજ મ.પ્ર.) હાલે મુલુંડના રતનબેન ભવાનજી ગાલા (ઉં. વ. ૮૭) તા. ૧-૫-૨૫ના અવસાન પામેલ છે. ભવાનજી દેવજીના ધર્મપત્ની. મેઘબાઈ દેવજી લીલાધરના પુત્રવધૂ. પરેશ, અરુણા, કોકિલા, દીનાના માતુશ્રી. માપરના મેઘબાઇ હીરજી ભીમશી ગોસરના દીકરી. મોરારજી, ગોધરાના જેતબાઇ ખેરાજના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પરેશ ગાલા, ૨૦૧, બીજે માળે, સાફલ્યા બિલ્ડિંગ, આંબેડકર રોડ, મુલુંડ (વે) ૮૦.

બિદડાના પ્રભાવતી ચુનીલાલ વીરા (ઉં. વ. ૮૫) ૩૦-૪-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ. ચુનીલાલના પત્ની. કસ્તુરબેન કુંવરજી મણશીના પુત્રવધૂ. પ્રેમિલા, નરેશ, લતા, વર્ષા, લેનીસના માતુશ્રી. બિદડા માંગલબાઈ કુંવરજી લાલજી ગડાના સુપુત્રી. શામજી, દમયંતી, ગુલાબચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચુનીલાલ વીરા, ૨૧ ચારમીંગ એપા., ટેન્ક રોડ, મીની લેન્ડ, ભાંડુપ (વે.) મું. ૭૮.

ટોડાના લીલાવંતી (રેખાબેન) રતિલાલ સંગોઈ (ઉં. વ. ૮૬) હૈદ્રાબાદ તા. ૧-૫-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન તેજશી ગાંગજીના પુત્રવધૂ. રતિલાલ સંગોઈના પત્ની. મુકેશ, રાહુલના માતા. ભુજપુર હાંસબાઈ ઠાકરશી ખાંખણ વીરાના પુત્રી. લાછબાઈ ભવાનજીની ભત્રીજી. ગુણવંતી, રામજીના બેન.

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

# હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. દેવયાનીબેન જમનાદાસ કોઠારી ગામ મોથાળા હાલ મઝગાંવ (ઉં. વ. ૬૭) તા. ૨૯-૪-૨૫ મંગળવારના રામશરણ પામેલ છે. તે સ્વ. રતનબેન જમનાદાસ મેઘજી કોઠારીના સુપુત્રી. એમની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**પાટણ દશા પોરવાડ વૈષ્ણવ**

મુંબઈ નિવાસી, સ્વ. શાંતાબેન ગોરધનદાસ મહેતાના સુપુત્ર પ્રમોદચંદ્ર મહેતા (ઉં. વ. ૯૧) તા. ૧-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમના પત્ની નિરંજના. પુત્રી શ્યામલ. પુત્ર આસુતોષ. પુત્રવધૂ નીતા. પૌત્ર પાર્થ અને સત્યવ્રત. પૌત્રવધૂ પ્રિયંકા અને આશકા. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

સ્વ. નિતિનભાઈ સેજપાલ (ઉં. વ. ૬૭) હાલ નિવાસી મુલુંડ, તે સ્વ. કસતુરબેન તથા સ્વ. પ્રાણજીવનદાસ સેજપાલના સુપુત્ર. સ્વ. પ્રેમજીભાઈ ચંદારાણાના જમાઈ. પૂજા નિતિન સેજપાલના ધર્મપત્ની. નિહાર સેજપાલના સુપુત્ર. તા. ૧૨-૪-૨૫ના શ્રીજીચરણ થયેલ છે. ઠેકાણું- ૩૦૧, લક્ષ્મી એપાર્ટનેન્ટ, વી.પી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**જામનગર ગિરિનારાયણ બ્રાહ્મણ**

નિલેશભાઈ (ઉં. વ. ૬૪) ગુરુવાર ૧લી મેએ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રકાંતભાઈ સુંદરજી વ્યાસ તથા પ્રવીણાબેનના પુત્ર. વિઠ્ઠલભાઈ જોષી (શ્રીનાથજીવાળા)ના જમાઈ. જાગૃતિબેનના પતિ. પૃથાબેનના પિતા. હેમાબેન ઓમપ્રકાશ પુરોહિત, દિવ્યાબેન હરેશભાઈ સેવક, દર્પણાબેન, અમિતભાઈના ભાઈ. લૌ. વ્ય. બંધ છે.

**સુરત જૈન વિસા પોરવાડ જ્ઞાતિ**

ગં. સ્વ. કુંજબાળાબેન મહેન્દ્રભાઈ સુખડિયા (ઉં. વ.૮૯) શુક્રવાર તા. ૨.૫.૨૫ ના અરિહંતશરણ થયાં છે. અંતિમયાત્રા તેમના નિવાસસ્થાન ૧૦, ચોપાટી વ્યુ, ૨જે માળે,મોરવી ગલીથી રવિવાર તા.૪.૫.૨૫ના સવારે ૮ કલાકે ચંદનવાડી સ્મશાનગૃહ માટે નીકળશે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગામ સમઢીયાળા હાલ મલાડ, ગં.સ્વ. ઉષાબેન કાંતિલાલ ઠક્કર (ઉં. વ. ૮૧) તે ગં.સ્વ હર્ષિકા (ડોલી) જગદીશભાઈ આઇયા, આરતી અનીશ પરીખ, હિમાંશુના માતુશ્રી. સ્વ. પ્રભાબેન જગજીવનદાસ ઠક્કરના પુત્રવધૂ. કેશવભાઈ, સ્વ. ઉષાબેન (લીલાવતીબેન), ગં. સ્વ. દેવયાનીબેન, સ્વ. મૃદુલાબેનના ભાભી. જમનાબેન ગોવિંદજી વસંતના દીકરી. સ્વ. પુરુષોત્તમભાઈ, રણછોડભાઈ, સ્વ. અનસૂયાબેન, સ્વ. શારદાબેન, સુશીલાબેનના બહેન. ૧/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૩/૫/૨૫ના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ. વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**મોડાસા એકડા વિશા ખડાયતા કેવાડીયા**

ગાબટ નિવાસી હાલ જોગેશ્વરી, સ્વ. રાજનીકાંત ચંદુલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ કુસુમબેન શાહ (ઉં. વ. ૭૭) ૩૦/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે વિશાલ, નીપા, વૈશાલીના માતુશ્રી. કામિની, મીતેનકુમાર શાહ, પ્રશાંતકુમાર મહેતાના સાસુ. પિયરપક્ષે ગાબટવાળા નરેશ નટવરલાલ મહેતાના બહેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૩/૫/૨૫ના ૫ થી ૭. ખડાયતા ભુવન, હનુમાન રોડ, વિલેપાર્લે ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

ભાડથર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. લક્ષ્મીદાસ વિઠ્ઠલદાસ દત્તાણી (ઉં. વ. ૮૪) તે ભાનુબેનના પતિ. સ્વ. રતનબેન ગોકલદાસ ચોટાઇના જમાઈ. જયેશ, જીજ્ઞેશ, સોનલના પિતાશ્રી. જયશ્રી, જસ્મીન, જયેશ ગોંધીયાના સસરા. સ્વ. દામોદરભાઈ, સ્વ. જેરાજભાઈ, લીલાધરભાઇ, કાંતિભાઈ, સ્વ. પાનીબેન, સ્વ. જમનાબેન, ગં. સ્વ રતનબેન, ગં. સ્વ નર્મદાબેનના ભાઈ ૨/૫/૨૫ના ગૌલોકવાસ થયેલ છે. પ્રાર્થનાસભા ૩/૫/૨૫ના ૫ થી ૬.૩૦. હાલાઇ લોહાણા બાળાશ્રમ બેન્કવેટ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મેવાસાવાળા હાલ અમદાવાદ, સ્વ. લીલાવંતીબેન મહેતાના પુત્રવધૂ પદમાબેન (પાકુબેન) (ઉં. વ. ૮૮) તે સ્વ. કાંતિભાઈ વ્રજલાલ મહેતાના પત્ની. સંજય-મનીષા, હીનાબેન જયેશકુમાર મહેતા, રેખાબેન અજયકુમાર મોદી, જાગૃતિબેન જતીનકુમાર ઓઝા, જલ્પાબેન સુજલકુમાર શાહના માતા. સ્વ. મનુભાઈ, નવીનભાઈ, હીરાબેન જયંતીલાલ દોશી, રમાબેન કેશવલાલ મોદી, તારાબેન હરકિશનદાસ દોશીના ભાભી. રાજુલાવાળા સ્વ.ભગવાનદાસ રણછોડદાસ ગાંધીના દીકરી. રાજુલાવાળા સ્વ. લલ્લુભાઈ જીવરાજ મહેતાના ભાણેજ તા. ૧/૫/૨૫ ગુરુવારના અમદાવાદ ખાતે શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**ઝા. સ. તા. ઔદિચ્ય બ્રાહ્મણ**

વઢવાણ નિવાસી હાલ મુંબઈ, સ્વ. મહેશભાઈ તથા સ્વ. ઇન્દીરાબેનના પુત્ર મેહુલભાઈ દવે (ઉં. વ. ૫૩) તે ચેતનભાઈના મોટાભાઈ, હેતલના જેઠ, સ્મિત, સૌમ્યના દાદા ૩૦/૪/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

---

પ્રાર્થના હૈદ્રાબાદમાં ૩-૫-૨૫ના છે. નિ. રાહુલ સંગોઈ, ૩-૬-૩૬૧/૨૪, આર. આર. કુટિર, હિમાયત નગર, હૈદ્રાબાદ, ૫૦૦૦૨૯.

નાની ખાખરના ઉષાબેન નવીનચંદ્ર શાહ (ફુરીયા) (ઉં. વ. ૭૬) તા. ૧-૫-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન નાનજી લાલજીના પુત્રવધૂ. નવીનચંદ્રના ધર્મપત્ની. નિલેશના માતુશ્રી. મોટી ખાખર સંતોકબેન/સાકરબેન મેઘજી ગાંગજીના સુપુત્રી. તલકશી, કલ્યાણજી, હરખચંદ, મણીલાલના બેન. પ્રા. કાલીદાસ મેરેજ હોલ, પી.કે.રોડ, મુલુંડ (વે) ટા ૪ થી ૫.૩૦. નિ. નિલેશ શાહ, ૦૩, ઠક્કર એ., ગણેશ ગાવડે રોડ, મુલુંડ (વે.).

મોટા આસંબીયાના સુશીલાબેન (સાકરબેન) જયંત ગોગરી (ઉં. વ. ૭૬) તા. ૨૯-૪ના અવસાન પામ્યા છે. વિમળાબેન ખીમજી નાનજીના પુત્રવધુ. જયંતભાઇના પત્ની. ધીરેન, દિપેન, રાજુના માતુશ્રી. સમાઘોઘા લક્ષ્મીબેન કરમશી હીરજી ગાલાના સુપુત્રી. શાંતિલાલ, સુરેશ, વસંત, કિશોર, પત્રી દમયંતી જસવંત ગાંગજીના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. દિપેન ગોગરી : ૧૪૦/૭, આશા બીંદુ, ગરોડીયા નગર, ઘાટકોપર (ઈ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

ક્લોઝ અપ જિંદગી

ભરત ઘેલાણી
pratiksha.thanki@bombaysamachar.com

# ઓળખી લો, તમારા ૩ જિગરજાન દોસ્ત ને ૩ દાના દુશ્મનને!

**મિત્ર ક્યારેક મોગરાનો સાપ બની શકે.. આજનો દુશ્મન કદાચ આવતી કાલે દોસ્તમાં પલટાઈ શકે તો કોઈ પ્રતિસ્પર્ધી પણ તમારા જુસ્સાને જોરદાર કરી શકે! આ વાંચી જશો ત્યારે તમને ખુદને ખ્યાલ આવી જશે કે તમારી પાસે કેવા પ્રકારના દોસ્ત છે ને કેવા દુશ્મન!**




### દોસ્ત અને દુશ્મન...

આ અઢી અને સાડા ત્રણ શબ્દ એવા છે,જેના વિશે ટનબંધ લખાયું છે અને હજુ ય એટલું બધું અવિરત લખાઈ રહ્યું છે કે એકલા આ બે શબ્દ પર જ દળદાર શબ્દકોશ પણ સર્જી શકાય!

જન્મ પછી માતા-પિતાના ખોળામાંથી આપણે 'આઝાદ' થઈએ પછી આપણીથી સૌથી વધુ નજીક માના જ જણ્યાં બહેન કે ભાઈ હોય છે . એ બાદ જો કોઈ પર મહત્તમ મદાર હોય એવી એકાદ કે બે વ્યક્તિ હોય છે, જેનો પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ આપણે જીવનના છેલ્લાં શ્વાસ સુધી છોડવા નથી ઈચ્છતા . એ જણસને દુનિયા આખી દોસ્ત- યાર - મિત્ર કે ફ્રેન્ડ ઈત્યાદિ, ઈત્યાદિ જેવા શબ્દોથી ઓળખે છે-ઓળખાવે છે.

આ શબ્દને કેન્દ્રમાં રાખીને અનેક યાદગાર વાર્તા-કવિતા-નાટકો લખાયાં -ભજવાયાં છે. ફિલ્મ - સિરિયલો રજૂ થઈ છે. જાનદાર મિત્ર જોરદાર શત્રુ બને કે દાનો દુશ્મન દિલદાર દોસ્ત બને એવી તો અનેક કથા જાણીતી છે.

આવા સંબંધ સાથે એક પ્રકારની લાગણી સંકળાયેલી હોય છે,પણ વાસ્તવિક જીવનમાં એક વ્યક્તિને અંદાજિત વધુને વધુ અને ઓછામાં ઓછા કેટલા મિત્ર હોવા જોઈએ એ વિશે પદ્ધતિવાર સંશોધન પણ થયાં છે. એમાંય આજે ડિજિટલ દુનિયાના પ્રતાપે - સોશિયલ મીડિયાને કારણે આસાનીથી બની જતા 'મિત્રો'ના આડેધડ ગુણાકાર થવા લાગ્યા છે ત્યારે મિત્રોની વધ-ઘટ સંખ્યામાં જાણવાની જિજ્ઞાસા જાગે એ સહજ છે.

આ બધા વચ્ચે એક સંશોધન ખાસ્સું જાણીતું છે.

'ઓક્સફર્ડ યુનિવર્સિટી'ના પ્રોફેસર રોબિન ડનબારે એક તલસ્પર્શી સંશોધન કરીને જે તારણ કાઢ્યું છે એ રસપ્રદ છે. પ્રો. ડનબાર કહે છે કે લોકો ભલે કહે કે 'મારે તો ઢગલાબંધ મિત્રો છે' ,પણ કોઈ વ્યક્તિ ગમે તેટલી જાણીતી કે વિખ્યાત હોય તેમ છતાં માનવ મગજ-બ્રેન વધુમાં વધુ ૧૫૦ જ લોકોને મિત્ર તરીકે સ્વીકારવાની ક્ષમતા ધરાવે છે. (આ ૧૫૦નો આંક સંશોધનની દુનિયામાં 'ડનબાર નંબર' તરીકે ઓળખાય છે) બાકીના કહેવાતા મિત્રો મસ્તિષ્કની દ્રષ્ટિએ માત્ર 'ઓળખાણ-પિછાણ' પૂરતા જ હોય છે!

બીજા શબ્દોમાં કહીએ ઓક્સિજન - પ્રાણવાયુના પુરવઠા જેવા હાડમાંસના ખરા દોસ્તો કરતાં આપણી આસપાસ આભાસી મિત્રોની સંખ્યા વધુ છે.

હવે ધારી લો કે વિજ્ઞાને તો આપણને કહી દીધું કે કોઈ ૧૫૦થી વધુ દોસ્ત ધરાવી ન શકે તો સવાલ એ થાય કે મિત્ર કેવા હોવા જોઈએ અને ઓછામાં ઓછા કેટલાં હોવા જોઈએ?

પ્રશ્ન પેચીદો છે. આમ છતાં, એના જવાબ પણ કેટલાક ચુનંદા મનોવિજ્ઞાની-સમાજશાસ્ત્રીઓએ એમની રીતે આપ્યા છે. હા, એ બધા એક વાતથી સહમત છે કે માનવીનું માનસિક બંધારણ - એનો ઉછેર અને આસપાસના માહોલ પર એનાં કેવા પ્રકારના મિત્રો હશે એનો આધાર હોય છે. આને ધ્યાનમાં રાખીને ત્રણેક પ્રકારની શ્રેણીના મિત્રો હોવા જોઈએ એવી સલાહ મનોનિષ્ણાતો આપે છે. અલબત્ત, આમાં થોડું ૧૯-૨૦ કે આગળ -પાછળ થઈ શકે. એ મિત્રોને આ રીતે શ્રેણીબદ્ધ ગોઠવી શકાય.

### સદાબહાર મિત્રઃ

તમારી કભી ખુશી-કભી ગમ વખતે એક સાદે જે ખડો થઈ જાય. કલાકો સુધી એ તમારી વાત સાંભળે. કોઈ પણ જાતની એ ઊલટતપાસ ન કરે. તમે ખુશ હો તો એ તમારા કરતાં વધુ રાજીપો વ્યક્ત કરે. તમે કોઈ વાતે દુઃખી હો તો એ તમને ખ્યાલ પણ ન આવે એ રીતે લંગર નાખીને તમને ગમગીનીના દરિયામાંથી બહાર લઈ આવે.એની સાથે કોઈ કામ-ધંધા વગર પણ કલાકો વીતાવવાનું ગમે તેવો એ મિત્ર

### પથદર્શક મિત્રઃ

આવા દોસ્ત તમારા કરતાં અનેક વાતે વધુ અનુભવી હોય છે. પરિસ્થિતિ કેવી પણ હોય,પણ એની સલાહ ઉપરછલ્લી નથી હોતી. આગામી કાળમાં કેવા સંજોગ સર્જાઈ શકે એ આગોતરા પારખીને તમારી ખૂબી- ખામી અનુસાર આ મિત્ર તમારો અચ્છો માર્ગદર્શક પુરવાર થઈ શકે. મનોચિકિત્સક આવી વ્યક્તિને 'લાઈફ કોચ' ફ્રેન્ડ તરીકે ઓળખાવે છે.

### મિસ્ટર ધીરજકુમાર :

અમુક મિત્રને તમે આ નામે બોલાવી શકો,કારણ કે એ વધુ ઠરેલ અને ધીરગંભીર હોય છે. તમે અમુક સંજોગમાં સહારાના રણની જેમ ઉકળી પડો,પણ તમારો એ મિત્ર હિમાચ્છાદિત હિમાલય કરતાંય વધુ ઠંડોગાર રહે. એ બોકસિંગ પ્રેક્ટિશમાં વપરાતી પંચિંગ બેગ જેવા હોય છે. તમારો ઉકળાટ નીકળી જાય ત્યાં સુધી એ બધું શાંતિથી સાંભળી લે. વચ્ચે કયારેક એ એકાદ ભેદી સ્મિત પણ ફરકાવે અને છેલ્લે એ જે સલાહ કે સૂચન કરે એ મોટાભાગે સો ટચના સોના જેવું જ કિંમતી ને ઉપયોગી હોય છે.

આ ત્રણ પ્રકારના મિત્રની ધરાવતી કોઈ કોઈ વ્યક્તિ એક્સ્ટ્રા નસીબદાર હોય છે, જે 'શમ્મીકપૂર' ટાઈપના મિત્ર ધરાવે છે. ૧૯૫૦-૬૦ના દાયકામાં અભિનેતા શમ્મીકપૂર 'રિબલ -બળવાખોર' સ્ટાર તરીકે ઓળખાતા, કારણ કે એ જમાનામાં એમણે જે પ્રકારની ભૂમિકા ભજવી એવી કોઈ ભાગ્યે જ ભજવતું, આવા દોસ્ત આપણાથી તદ્દન વિરોધાભાસ મિજાજ ધરાવતા હોય છે. મારફાડના મિજાજનો આવો મિત્ર જરૂર પડે તો તમને પણ 'લડવા' માટે ઉશ્કેરે અને સાથોસાથ એવા સચોટ ઉકેલ દેખાડે કે તકલીફમાંથી આપણને 'ઈન્સ્ટન્ટ' મુક્તિ મળે.,! જોકે, આવા મિત્ર દરેકના નસીબમાં નથી હોતા.

આમ જિંદગીના દરિયામાં જો ઝંઝાવત-તોફાન સર્જાય ત્યારે લંગર નાખીને આપણા જહાજને જે સ્થિર કરી શકે તેવા જો ત્રણ પ્ર્કારના ફ્રેન્ડ તમારી અડખે-પડખે હોય તો દુનિયા ભલે જખ મારે!

મિત્રની વાત તો થઈ ગઈ. હવે આપણો 'દુશ્મન' અકાઉન્ટ પણ ચકાસી લેવો જોઈએ.

### મિત્ર અને શત્રુ...

આ બન્ને શબ્દ કહો કે સંબંધ - એ આપણા જીવનના સૌથી વિરોધાભાસી શબ્દ છે. એ બન્ને સંબંધના અંતિમ છેવાડે ખડા છે.

અહીં શત્રુ અને પ્રતિસ્પર્ધી વિશે જાણી-સમજી લેવું જરૂરી છે. પ્રતિસ્પર્ધી તમારો સત્તાવાર દુશ્મન નથી, પણ તમારા બન્ને વચ્ચે અદ્રશ્ય લક્ષ્મણ રેખા જરૂર છે, જે એક બીજા પર વિજય મેળવવાના ઉન્માદમાં વળોટી જવાય તો તમે એકમેકના દાના દુશ્મન જરૂર બની જાવ...

જો કોઈ પોરસાઈને કહે કે 'હું તો અજાતશત્રુ છું મારો તો કોઈ જ દુશ્મન નથી!' તો એ સેકરિન વગરની ખાંડ ખાય છે. કેટલાક દુશ્મન તો મિત્રના સ્વાંગમાં પડખે જ ખડા હોય છે. તક મળે ત્યારે છૂપો ઘા મારી દે.

આવા શત્રુ જરૂરી નથી કે હાડ - માંસના હોય. એ તમારો ખુદનો અહંમ હોઈ શકે-ક્રોધ હોઈ શકે કે પછી લત કે તમારી લાપરવાહી પણ હોઈ શકે.

અહીં વિખ્યાત કવિ - ડો. સુરેશ દલાલને યાદ કરી લઈએ. એ કહે છેઃ 'મિત્ર એ નજીકનો દુશ્મન છે ને દુશ્મન કદાચ દૂરનો મિત્ર..' આમ દરેકના જીવનમાં એકાદ તો વિલન હોવો જ જોઈએ તો જ જીવન જીવવા જેવું લાગે.એકાદ આવો વિલન કે શત્રુ કે પછી પ્રતિસ્પર્ધી સુધ્ધાંનો માથા પર તોળાતો ભય જ આપણને સજાગ રાખે પછી એની સામે ટક્કર લેવાની મજા પડે. આમ કેટલીક વાર આપણા દુશ્મન કરતાં આપણો પ્રતિસ્પર્ધી આપણને વધુ શીખવી જતો હોય છે!

આવા તમારા શત્રુ કે સ્પર્ધીની પહેચાન કે ઓળખ કેવી રીતે કરવી?

અહીં એક વાત આપણે સ્પષ્ટ સમજી લઈએ કે

આપણે અહીં ચીલાચાલુ દુશ્મન કે શત્રુની વાત નથી કરવી. બીજાં વેશ-પરિવેશમાં આપણી આસપાસ રહેતાં એવાં અનિષ્ઠોને ઓળખીએ, જે શત્રુથી પણ કંઈ કમ નથી.

### શત્રુ નંબર એક છે ઊંઘ...!

આમ તો નિદ્રા તબિયત માટે ઉપકારક છે, પણ એનો અલ્પ કે અતિરેક કોઈની પણ આરોગ્ય અને આર્થિક અવસ્થાને ડગમગાવી શકે છે. સપ્રમાણ ઊંઘ ન ધારેલું સુખ આપી શકે, પણ એનો અતિરેક પેલા કુંભકર્ણની જેમ રાજપાટ ગુમાવવાનો વખત આવે.

### શત્રુ નંબર બે છે વાંચન...

થાંબા રુકો! આ વાંચીને ચોંકશો નહીં કે ન અવઢવમાં અટવાતા. અહીં 'વાંચન' એટલે સોશ્યિલ મીડિયા પર આપણે જે વાંચીએ છીએ એ અર્થમાં છે. ફેસબુક- વોટસ ઍપ કે ઈન્સ્ટા કે પછી જાતભાતનાં બ્લોક્સના ચક્કરમાં અટવાઈને લોકો જેને 'વાંચન' ગણીને કલાકો વેડફે છે એ દૂષણથી અહીં દૂર રહેવાની વાત છે.

આવું 'વાંચન' તમને પુસ્તકના ખરા જ્ઞાનવર્ધક વાંચનથી દૂર બીજી ખોટી દિશા તરફ દોરી જાય છે. આવું વાંચન સૌથી મોટો લૂટારો છે, જે એટલો બધો કિંમતી સમય ચોરી જશે કે જેની નાણાંથી પણ પૂરતી નહીં થઈ શકે. આવા અર્થહીન ડિજિટલ વાંચનથી છુટકારો મેળવવાના અનેક ઉપાય છે, જે તમને અનુકૂળ નીવડે એ તમારે જાતે જ શોધવાના છે. એ માટે તમારે 'ડિજિટલ ફાસ્ટિંગ' એટલે કે ઉપવાસ કરવા પડે એ જે રીતે, વોટ્સએપ ચેટ અને અગત્યની વાતચીતના અપવાદ સિવાય મોબાઈલ ફોનથી રોજ કલાકો સુધી સજાગપણે દૂર રહેવું પડશે. શરૂઆતમાં આ વિરહ આકરો લાગશે, પણ એ વેઠશો તો એનાં ફળ તમને ગેરેન્ટેડ મીઠાં જ મળશે..! ■

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# જાપાનની અમેયા યોકોચો માર્કેટમાં શું જોવું ને શું ન જોવું...

મારી જાપાનીઝ કોલિગ યુકો દર વર્ષે એકવાર તો જાપાન જરૂર જાય છે. અમે બંને જર્મનીમાં ઇન્ટિગ્રેટ તો થઈ ગયાં છીએ, પણ ત્યાં સાથે પોતપોતાના વતનની વાતો તો થયા જ કરે. ક્યારેક હું તેના માટે ઇન્ડિયન નાસ્તો ચાખવા લઈ જાઉં, ક્યારેક તે મારા માટે મિલ્ક કેન્ડી લઈને આવે. તે રીતે પહેલી વાર હાકાઇડો મિલ્કની કેન્ડી ખાવા મળી હતી. ત્યારથી વિચારેલું કે ક્યારેક તો હાકાઇડો મિલ્ક ચાખવું જ પડશે. જાપાનમાં દૂધ પીવાનો એક પણ મોકો હું ચૂકી નહીં.

વિગન થઈ રહેલા જમાનામાં લોકો વટાણાથી લઈને ચોખા, ઓટ્સ અને કાજુ અને શક્ય છે તે દરેક દાણામાંથી દૂધ કાઢીને વેચે છે. એવામાં ખરું દૂધ મજેથી માણવા મળે તો કોને મજા ન પડે. વળી જાપાનમાં દૂધ બરાબર ઇન્ડિયાની જેમ જ મળે છે.

અલગ અલગ ફ્લેવરનું દૂધ બોટલ્સમાં એવી રીતે મળે છે કે રસ્તામાં જતાં કોલ્ડ્રિંક્સની જેમ લોકો દૂધ પીવા પણ ઊભાં રહે છે. વળી અહીં વધુ એક મજાની વાત એ દેખાઈ કે અહીં દૂધ કે પછી પીણાં ફ્રિજમાં રાખેલાં અને ઠંડા તો મળતાં જ હતાં, પણ ગરમ બોટલ્સને ગરમ રાખે તેવાં હીટેડ શેલ્ફ પણ હતાં. ઓટોમેટેડ વેન્ડિંગ મશીનમાંથી પણ ઘણી વાર ગરમ દૂધ અને ચા મળી જતાં. જાપાન ખરેખર અનોખું છે તે લગભગ દર થોડી મિનિટોએ અનુભવી શકાતું હતું.

ઉએનો પાર્કમાંથી બહાર નીકળીને અમે કુમારના મેપ પરના આગલા ટેગ તરફ નીકળી પડ્યાં. કોઈ પણ આધુનિક પ્રવાસીની માફક તેની પાસે ટોક્યોના મેપ પર જ્યાં પણ જવાનું હતું તે સ્થળોનો ટેગ કરેલો ગૂગલ મેપ હતો. તેમાં નજીકમાં જ અમેયા યોકોચો માર્કેટ દેખાઈ રહી હતી. ત્યાં માંડ દસ મિનિટમાં ચાલીને પહોંચવાનું હતું. ઉએનો સ્ટેશન પરથી પહેલાં ગરમ દૂધ લઈને અમે ઠંડીમાં આવી જગ્યાએ ઝડપથી આવતાં જતાં લોકોને જોતાં ખૂણામાં ઊભા રહીને દૂધ પીવા સાથે જાપાનીઝ કલ્ચરની ચર્ચા કરતાં હોઈશું એ કલ્પના કદી નહોતી કરી. જાપાનનો પ્લાન અમારા બાકીના પ્લાનના પ્રમાણમાં જરા સ્પોન્ટેનિયસ હતો.

ઉએનો સ્ટેશન પણ બાકીનાં ટોક્યો સ્ટેશનોની માફક દરેક પ્રકારના સ્ટોર્સ અને રેસ્ટોરાંથી ભરચક હતું. અહીં યુરોપિયન અને અમેરિકન કલચરની માફક ચાલતાં ચાલતાં ખાવા-પીવાનું સ્થાનિકોને પસંદ નથી, એટલે ટૂરિસ્ટ પણ ભાગ્યે જ એવું કરતાં દેખાય છે. દૂધ પૂરું થયું એટલે કાફેમાં બોટલ્સ પાછી આપી અમે અમેયા યોકોચો માર્કેટ તરફ નીકળ્યાં.

મારા મગજમાં ફલી માર્કેટ હતી, પણ આ સ્તરની નહીં. એટલું જ નહીં, અહીં ભીડ પણ કલ્પના બહારની હતી. જ્યાં પણ જુઓ ત્યાં સ્ટોર્સ, બૂથ્સ, કાર્ટમાં અલગ અલગ પ્રકારની ચીજો વેચાતી હતી. વળી તે ચીજો વચ્ચે કોઈ થીમ પણ ન હતી. બરાબર બેકરી, સી-ફૂડ સ્ટ્રીટ ફૂડની વચ્ચે સેકન્ડ હેન્ડ હાઇ એન્ડ બ્રાન્ડ્સનો સેકન્ડ હેન્ડ સ્ટોર પણ હતો. ત્યાં લૂઈ વિત્તોં, એર્મેઝ, શેનેલ વગેરે બ્રાન્ડ્સની યૂઝ્ડ ચીજો વેચાતી હતી. જાપાનનું સેકન્ડ હેન્ડ બ્રાન્ડેડ માર્કેટ પણ ઘણું લોકપ્રિય છે. એવામાં હવે તો ટેરિફ્સના લફરા પછી, હજારો ડૉલર્સમાં મળતાં બ્રાન્ડેડ પર્સ અને કપડાં કઈ રીતે સસ્તામાં ચાઈનામાં બને છે તેના વીડિયોઝ જોઈને લાગે કે ખરેખર બ્રાન્ડ્સનું માર્કેટિંગ દુનિયાના મગજમાં એવું ઘર કરી ગયું છે કે એસ્પિરેશનલ લોકો તેને કોઈ પણ રીતે મેળવવાના વિચારોમાં રહે.

અમે અમેયા યોકોચોને માત્ર એક ટૂરિસ્ટી સ્થળ તરીકે જોવા ગયેલાં. ત્યાં ન કશું ખાવાનો પ્લાન હતો, ન કશું ખરીદવાનો. જોકે એક પછી એક ઇન્સ્ટાગ્રામ ફેમસ કાફે અને રેસ્ટોરાંની આગળ લાઇનો વટાવતાં લાગ્યું કે વધુ પડતાં કૂલ થવામાં કશું અનોખું મિસ ન થઈ જાય.

ટોક્યો આખું એવી વાનગીઓથી ભરેલું છે કે કશું સોશિયલ મીડિયા પર ફેમસ હોય એટલે તેને ટ્રાય કરવા લાઈનમાં ઊભા રહેવું જરા પણ જરૂરી નથી. અમે પૂરતું રિસર્ચ કરી, અમારી પોતાની પસંદગી મુજબની ખરી મજા આવે તેવી જગ્યાઓ માટે જ પ્લાન બનાવેલો.

માર્કેટમાં સી-ફૂડ માટે લલચાઈ જવાય તેવું જરૂર હતું. અંતે એક માચા આઇસક્રીમ પાસે તો કશું ન ખાવાનો નિર્ણય ન જ ચાલ્યો અને અમે ટ્રિપનો પહેલો માચા આઇસક્રીમ ચાખ્યો. હવે જ્યાં દૂધ મજેદાર હોય, ત્યાં આઇસક્રીમ પણ સારો હોવાનો જ.

ઉએનો સ્ટેશને ચાલુ કરેલું અને જોતજોતામાં ઓકાચીમાચી સ્ટેશન આવી ગયેલું. અહીં સ્થાનિક અને ચાઇનીઝ ચીજોનું મિશ્રણ હતું. એક જમાનામાં આ માર્કેટ અમેરિકા યોકોચો તરીકે જ ઓળખાતી, કારણ કે ત્યાં અમેરિકન ચીજો મોટી સંખ્યામાં મળતી. ખાસ બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાનો સરપ્લસ માલ અહીં આવતો. હવે અમેરિકન તો ખાસ દેખાયું નહીં, ચાઇનીઝ ચીજો ભરપૂર હતી. વિશ્વયુદ્ધ દરમ્યાન અહીં બ્લેક માર્કેટ અને ચોર બજાર રહ્યું હોવાની વાત છે.

સિત્તેર અને એંશીના દશકમાં જાપાનની ઇકોનોમી વિકસવાની સાથે જ આ માર્કેટમાં ચીજોનું વૈવિધ્ય વધી ગયું. પણ હવે તો ત્યાં દુનિયાભરનાં લોકોને ખરીદી કરવા મજૂબર થઈ જવાય તેવાં ઓપ્શન જોવા મળી જાય. આજે તો ત્યાં બાર્ગેનિંગ પણ થતું હોવાની વાત છે. જોકે તેના માટે જાપાનીઝ આવડવું જરૂરી છે.

અહીં ખરીદીના પ્રમાણમાં ખાણીપીણી પર વધારે જોર હતું. ટેપિયોકા મિલ્કનું ડ્રિંક, સી-ફૂડ બૉલ, અને સ્થાનિક વાનગી ટાકોયાકી, આ બધું ચાખ્યા પછી લાગ્યું કે અહીં પહેલેથી કંટ્રોલ રાખીને ન ફર્યાં હોત તો કદાચ સાંજ સુધી અહીં જ રહેવું પડ્યું હોત. અહીં જ પહેલી તૈયાકી પણ ખાવા મળી હતી.

વળી જ્યાં પણ જાઓ ત્યાં ખાસ જાપાનીઝ સ્ટાઇલનાં એનિમેટેડ આઇકોન્સવાળાં ચિત્રો અને લાઉડ એનાઉન્સમેન્ટ સતત સાથે ચાલતાં હતાં. ખરેખર ભીડ અને ઘોંઘાટ કોઈ ભારતીય શહેરની માર્કેટ જ યાદ અપાવે તેવો હતો. માત્ર ધૂળ, કચરાનો અભાવ અને ઠંડકવાળા વેધરનો તફાવત હતો.

ઉએનો પાર્કથી અમેયા યોચોકો આવતાં હજી લંચ ટાઇમ માંડ થયો હતો. જાપાનનો દરેક કલાક કોઈ અલગ અનુભવ લઈને આવતો હતો. ■









## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

### સારકોઝી તથા ગદ્દાફી
# આ બન્નેનો દાખલો ગાંઠે બાંધવા જેવો છે

આ વર્ષની શરૂઆતમાં જ ફ્રાન્સના ભૂતપૂર્વ પ્રમુખ નિકોલસ સારકોઝીને 'લિબિયા કનેક્શન'ના આરોપ હેઠળ કોર્ટસમક્ષ હાજર કરાયા. કેસ બહુ જૂનો છે અને એમાં આંતરરાષ્ટ્રીય સંબંધોના આટાપાટા જોડાયેલા છે. સારકોઝી ૨૦૦૭ થી૨૦૧૨ દરમિયાન ફ્રાન્સના પ્રમુખ અને લોકપ્રિય નેતા રહ્યા. લિબિયાના તાનાશાહ કર્નલ મુઅમ્મર ગદ્દાફીની હત્યા બાદ એના દીકરાએ તત્કાલીન ફ્રેંચ પ્રમુખ સારકોઝી પર ગંભીર આરોપ મૂકેલો. એનું કહેવું હતું કે ૨૦૦૭માં ફ્રાન્સના પ્રમુખપદની ચૂંટણી જીતવા માટે સારકોઝીએ મારા પિતા કર્નલ ગદ્દાફી પાસેથી ૫૦ મિલિયન યુરોની આર્થિક મદદ મેળવેલી!


ગદ્દાફી – સારકોઝી

આફ્રિકા ખંડ ૫૪ સાર્વભૌમ દેશ અને ૨ વિવાદાસ્પદ વિસ્તારોનો સમૂહ છે. આવડા મોટા ભૂખંડને એક આખા દેશ તરીકે નિહાળવાની એક સદી જૂની કલ્પનામાં ઘણા વિચારકો અને નેતાઓનો ફાળો છે, પણ લિબિયાના ખતરનાક સરમુખત્યાર મુઅમ્મર ગદ્દાફીની વાત જરા જુદી ગણાય. ફેબ્રુઆરી, ૨૦૦૯માં ૫૩ આફ્રિકન દેશના બનેલા આફ્રિકન યુનિયનના ચેરમેન તરીકે ગદ્દાફીની વરણી થઇ. એ નિમિત્તે એકઠા થયેલા ટોચના આફ્રિકન લીડર્સ સમક્ષ ગદ્દાફીએ જાહેરાત કરી કે હું 'યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ આફ્રિકા'ની રચના માટે પ્રયત્નો કરીશ. ગદ્દાફીએ આખા આફ્રિકા ખંડ માટે એક જ પાસપોર્ટ, એક જ સંયુક્ત લશ્કર અને એક જ ચલણ (કરન્સી) લાવવાની જોરદાર હિમાયત કરી. જો આ શક્ય બને તો આખો વર્લ્ડ ઓર્ડર નવેસરથી ગોઠવવો પડે, જેમાં કદાચ અમેરિકા, ચીન અને રશિયા જેવા દિગ્ગજ દેશોને પણ 'યુનાઈટેડ સ્ટેટસ ઓફ આફ્રિકા'ની પાછળ બેસવાનો વારો આવે. કેટલાક ઉત્સાહી નેતાઓના મતે ૨૦૧૭ સુધીમાં તો વળી કેટલાકને મતે ૨૦૨૫ સુધીમાં 'યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ આફ્રિકા' અસ્તિત્વમાં આવી જાય એમ હતું.

સામાન્ય રીતે આવી પરિકલ્પનાઓ સાથે સામાન્ય જનતાના બહુ ઝડપથી લાગણીવશ થઇને જોડાઈ જાય છે. અહીં ખાટલે મોટી ખોડ એ કે ગદ્દાફીની પોતાની જ મથરાવટી ભારે મેલી. ચાડ, લાઇબેરિયા અને સિએરા લિયોન જેવા દેશોમાં ગદ્દાફીએ તત્કાલીન સરકારોને અસ્થિર કરવા માટે બળવાખોર જૂથોને ટેકો આપેલો. એટલું જ નહિ, પણ બીજા દેશોના બળવાખોરોને પોતે ટેકો આપે છે એ વાત ગદ્દાફી ખુલ્લે આમ કહેતો. પરિણામે આફ્રિકન દેશોમાં એની સ્વીકૃતિ ઘટતી ગઈ. સમય જતા ખુદ ગદ્દાફીના દેશ લિબિયામાં જ સિવિલ વોર ફાટી નીકળી. ગદ્દાફીની પ્રજા જ એની દુશ્મન થઇ ચૂકી હતી. ગદ્દાફી કયા પ્રકારનો સરમુખત્યાર હતો અને કેવા કેવા શોખ પાળતો એ તો આખો અલગ જ વિષય છે.

ગદ્દાફીની સ્ટોરી સાથે જ ફ્રાન્સના તત્કાલીન પ્રમુખ નિકોલસ સારકોઝીની કહાણી પણ જોડાયેલી છે. નિકોલસ સારકોઝીની પર થયેલા આક્ષેપ મુજબ ગદ્દાફીએ એને ચૂંટણી જીતવા માટે પચાસ મિલિયન ડોલર્સનું ફંડ આપેલું. બદલામાં પ્રમુખ બન્યા પછી સારકોઝીએ યુરોપિયન દેશો સાથે ગદ્દાફીની દોસ્તી કરાવી આપવાની હતી, પણ રાજનીતિમાં કાયમ બને છે એમ ગદ્દાફી-સારકોઝી વચ્ચેની દોસ્તીમાં જ ફાચર પડી. થયું એવું કે ૨૦૧૧માં બળવો થયો અને લિબિયા ઉપર ગદ્દાફીની પકડ ઢીલી થઇ. સાથે જ ફ્રાંસની પ્રજામાં ગદ્દાફી વિરુદ્ધ મજબૂત મત ઉભો થવા માંડ્યો. સમયનું વહેણ પારખીને ગદ્દાફી શાસન વિરુદ્ધ સારકોઝીએ નાટોના નેતૃત્વ હેઠળના લશ્કરી હસ્તક્ષેપમાં મુખ્ય ભૂમિકા ભજવી. એવું કહેવામાં આવ્યું કે લશ્કરી હસ્તક્ષેપ પાછળ ફ્રાન્સનો હેતુ લિબિયાના નાગરિકોનું રક્ષણ કરવાનો અને ગદ્દાફીના જુલમી શાસનનો અંત લાવવાનો હતો. ફ્રાન્સના હવાઈ હુમલાઓ અને લશ્કરી સમર્થનથી ગદ્દાફીનું શાસન ખતમ થયું. ગદ્દાફીના વડપણ હેઠળ 'યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ આફ્રિકા'નાં સપનાં જોઈ રહેલા અનેક નેતાઓ પતન પામેલા ગદ્દાફીની પડખે ઉભા રહેવા તૈયાર નહોતા. ગદ્દાફીના પતન સાથે જ દક્ષિણ આફ્રિકાના તત્કાલીન પ્રમુખ જેકબ ઝુમાએ રાહતનો શ્વાસ લેતા જાહેર કર્યું કે 'ગદ્દાફી તો બીજા આફ્રિકન નેતાઓમાં પોતાનો ડર પેદા કરીને ધાર્યું કરાવતો. ભવિષ્યમાં ગદ્દાફીની મોજૂદગી વિનાનું આફ્રિકન યુનિયન વધુ સારી રીતે કામ કરી શકશે.'

ઝુમાએ જાહેર નિવેદન આપ્યું એના એકાદ અઠવાડિયામાં જ ગદ્દાફી પોતાના જ દેશમાં બળવાખોરોના હાથે બૂરી

રીતે માર્યો ગયો. જો કે આવા સંજોગો ઊભા કરવા પાછળ ખુદ ગદ્દાફીની જ મહત્ત્વાકાંક્ષા જવાબદાર હતી. હવે સારકોઝીનો વાત.

લિબિયામાં સરમુખત્યારને હટાવીને સુશાસન સ્થાપવાની વાત હતી પણ ગદ્દાફીની એક્ઝિટ પછી લિબિયામાં રાજકીય અસ્થિરતા અને અરાજકતા ઊલટાના વધી ગયા. કેટલાક વિશ્લેષકો એવો મત વ્યક્ત કરવા માંડ્યા કે ફ્રાન્સનો મુખ્ય હેતુ લિબિયાની પ્રજાને બચાવવાનો નહિ, પણ લિબિયાના તેલ સંસાધનો પર વધુ નિયંત્રણ મેળવવાનો હતો. વળી નિકોલસ સારકોઝી પોતાની જાતને 'માનવતાના રક્ષક' તરીકે રજૂ કરીને ૨૦૧૨ની ચૂંટણીમાં રાજકીય ફાયદો મેળવવાના ચક્કરમાં હોવાની વાત પણ વહેતી થઇ. આ બધાને પરિણામે સારકોઝીએ ૨૦૧૨માં સત્તા અને લોકપ્રિયતા બેઉ ગુમાવ્યા. આખી વાર્તામાં બેમાંથી એક્કેય નેતાનું ભલું ન થયું!

હજુ ઓર મજાની (!) વાત જુઓ ગદ્દાફી પોતાના એન્ટિ-અમેરિકા અને એન્ટિ-ઇઝરાયલ વલણ માટે જાણીતો હતો એટલે ફ્રાન્સ જે સમૂહનો હિસ્સો છે, એ યુરોપિયન દેશો માટે ય એ અળખામણો જ ગણાય. ગદ્દાફીના જુલમથી લિબિયાની પ્રજાને બચાવવા માટે નાટો દળો પણ મેદાને ઉતરેલા. એ સમયે યુરોપિયન દેશોની પ્રજામાં એવો મત ઉભો થયેલો કે ગદ્દાફી પોતાના વિરોધીઓને મારવાના ચક્કરમાં સામુહિક કત્લેઆમ કરી નાખશે! બિચારી શોષિત પ્રજાને કોઈ પણ ભોગે આવી કત્લેઆમથી બચાવવી જોઈએ, પણ ગદ્દાફી મરાયો અને સારકોઝીએ ફ્રાન્સમાં સત્તા ગુમાવી એ પછી યુરોપિયન દેશ બ્રિટનની સંસદે ભળતું જ સ્ટેન્ડ લીધું.

૨૦૧૬માં બ્રિટિશ પાર્લામેન્ટની ફોરેન અફેર્સ કમિટીએ જાહેર કર્યું કે લિબિયામાં જે લશ્કરી હસ્તક્ષેપ કરવામાં આવ્યો, એ મોટે ભાગે 'ખોટી ધારણાઓ'ને આધારે લેવાયેલ પગલું હતું. આ કમિટીના મતે ગદ્દાફી સામૂહિક હત્યાકાંડો આચરશે એવો ભય પણ 'વધુ પડતો' હતો. લો બોલો!

છેલ્લા સમાચાર મુજબ સારકોઝી ચૂંટણી માટે ગદ્દાફી પાસેથી ફંડ મેળવવાના આરોપ બદલ કોર્ટ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. જો કે એ પોતે આ આરોપને વિરોધીઓનું કાવતરું ગણાવે છે. આ આખા ઘટનાક્રમમાં સ્વાભાવિકપણે જ બીજા અનેક પાસાઓ વણાયેલા છે. અહીં સમજવા જેવી વાત એ કે પોતપોતાની મહત્ત્વાકાંક્ષાઓના ચક્રવ્યૂહમાં ફસાઈને બે શક્તિશાળી નેતાઓ ખુદ કઈ રીતે ખતમ થઇ ગયા! ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# પત્ની પૂછે છેઃ 'સાંજે શું બનાવું?'



પહેલગામમાં આતંકવાદી હુમલા સંદર્ભે યુદ્ધ થશે કે નહીં?

સોનું લાખ રૂપિયા પહોંચી ગયું તો હવે ભાવ ઊતરશે કે નહીં? મોંઘવારીએ માઝા મૂકી છે -સરકાર યોગ્ય પગલાં લેશે કે નહીં?

આ બધા પ્રશ્ન 'પત્ની પીડિત પાંગળા પુરુષ સંગઠન' માં ચર્ચા થઈ રહી હતી.

અચાનક પ્રમુખનો અકળાયેલો, માંદલો, અવાજ પડઘાયો : 'શાંતિ રાખો... આ બધા નાના નાના પ્રશ્નો માટે આપણે ભેગા નથી થયા. મુખ્ય વાત પર આવો.'

ઓફિસ ઇન્ડસ્ટ્રીઝ અને દુકાન વહેલી વધાવી વીલા મોઢે એકઠા થયેલા ડાલામથ્થા પુરુષો એક મુદ્દા પર ચર્ચા કરી નિરાકરણ લાવવાના પ્રયત્નોમાં એકઠા થયા હતા.

નવા ઉમેરાયેલા સભ્યો દારૂ પીતા પકડાયા હોય કે જઘન્ય અપરાધ કરીને આવ્યા હોય અને મીડિયા સામે મોઢું છુપાવવાનું હોય તેમ મોઢે રૂમાલ બાંધીને આવ્યા હતા, પરંતુ જૂના સભ્યોએ ''આવ ભાઈ હરખા આપણે બેય સરખા'' ના જય ઘોષ સાથે મહાભારતમાં ચીરહરણ થયું હતું તેમ તમામ બુકાનીધારીઓની બુકાની હરી લીધી.

તમને એમ થયું હશે કે એવો તો કયો પ્રશ્ન હશે કે સમયસર આટલી બહોળી સંખ્યામાં આ પુરુષો ભેગા થયા છે? તો જણાવી દઉં કે સમયસર આવવાનું કારણ પત્ની વઢે નહીં તે માટે સમયસર ઘરે પહોંચી જવાનો મુખ્ય ઉદ્દેશ હતો. દરેક પુરુષની અકળામણ એક જ હતી કે રોજ સાંજે ૫:૦૦ વાગે પત્નીનો ફોન આવે છે ને પૂછે છે કે 'આજે જમવામાં શું બનાવું? '

આવો ફોન આવતા જ પુરુષોને પોતાનું અસ્તિત્વ છે તેવું પ્રતીત થાય અને વટથી ચાર -પાંચ વાનગીઓ ચીંધાડી દે, પરંતુ રાત્રે ઘરે પહોંચતા જ સરસ મજાના બહાના સાથે કંઈક નવું જ પીરસાય છે.

સાંજે ૫:૦૦ વાગ્યાની પતિ પત્નીના ફોનની વાતો તમે સાંભળો તો ખૂબ મજા આવે.ઉદાહરણ તરીકે એક તો જેવી ફોનની ઘંટડી વાગે એટલે બે જ રીંગમાં ફોન ઉપાડી લેવો ફરજિયાત હોય છે. નહીં તો શું શું સાંભળવું પડે એ મારે કોઈ વાચક બિરાદરને જણાવવું પડે તેવું નથી. ગમે તેવા ટેન્શનમાં હો, પરંતુ આ છેડેથી સામેના છેડા સાથે સરસ અને શાંત રીતે વાત કરવી ફરજિયાત છે.

પછી વાત ચાલુ થાય ''શું કરો છો?, તમારે તો જલસા છે, અમારે ઘરમાં ને ઘરમાં બંધાઈ રહેવાનું, બોલો, આજે સાંજે શું બનાવું?''

પુરુષ આગલી બધી આધી વ્યાધિ ભૂલી પોતાનું પણ અસ્તિત્વ છે તેના આનંદમાં સજેશન આપવા માંડે.

'ભાખરી- શાક કરી નાખ'

-કઠણ લોટ બાંધવો પડે અને મારો હાથ દુઃખે છે.

'તો પુરી- શાક બનાવ'

તેલ ખૂબ વપરાય

'તો' પાંવ ભાજી કરી નાખ.'

-સવારે કહેવાય ને તો બધા શાક લઈ લેત !

'પૌઆ - બટેકા બનાવી નાખ '

છોકરાવ નહીં ખાય

'તો સેન્ડવીચ ?'

ના હો, મારે ડાયેટિંગ ચાલે છે. મેંદો નથી ખાવો'

'તો તારે જે બનાવવું હોય તે બનાવ'

'ના, તમે કહો તે જ બનાવીશ પછી બધા ભાઈબંધો ભેગા થાવ છો ત્યારે અમારી ઠેકડી ઉડાડો છો.

'તો દાળ ઢોકળી...'

વાક્ય પૂરું થતાં પહેલાં જ કાપી નાખે :

ના હો મારાથી સરખી બનતી નથી.

એ પછી નવેસરથી અકળાઈને પુરુષ કહે : 'તારે જે બનાવવું હોય તે બનાવ.' એટલે તરત જ કહેશેઃ

-એમ તો બપોરે ઢોકળાનું પલાળ્યું છે.

અવાચક થઈ ગયેલો પુરુષ મનમાં વિચારે કે મનનું ધાર્યું જ કરવું છે છતાં છેલ્લી દસ મિનિટથી મારી અણી કાઢે છે મેથા મારે છી ને ઉપરથી નીટ લોહી પીવે છે.

'તો ઢોકળા ફાઇનલ છે એમ કહે ને ! '

જોકે નવી પેઢી ના ડાયલોગ થોડા જુદા હોય છે.

પહેલો પ્રશ્ન એ હોય કે આજે બહાર જમવા જઈશું? મે રીલમાં એક સરસ રેસ્ટોરન્ટ જોયું છે ફોન કરી દીધો છે. ટેબલ બુક કરાવી દીધું છે. આટલું બધું પ્લાનિંગ થઈ ગયું હોય પછી પ્રશ્નાર્થ કરવાનો કોઈ અર્થ છે?

'હવે તો આપણે બધાએ ભેગા થઈ અને નક્કી એ કરવાનું છે કે કઈ રીતે આ પ્રશ્નનો સામનો કરવો?

ઘરનું ખાવાનું મળે અને એ પણ આપણી પસંદગીનું આવા સંજોગો ઊભા કરવા માટે શું કરવું જોઈએ તે ચર્ચા કરો.'

પ્રમુખના આ વાક્ય સાથે સન્નાટો છવાઈ ગયો. બધા એકબીજાના મોઢા જોવા લાગ્યા. તરત જ પ્રમુખે કહ્યું કે 'મારા મનમાં એક વાત આવી છે. આપણે સાંજે ૫ થી ૭ ફોન સ્વીચ ઓફ કરવાનું રાખીએ. કમ સે કમ આપણે કહ્યું તે ન થયું તેનો રંજ તો ન રહે !'

ચુનિયાએ ખોખારો ખાઈ અને કહ્યું કે 'મારા મનમાં પણ એક વિચાર આવે છે કે આપણે જે ખાવું હોય તે વાનગી નો ઉચ્ચાર કરવો નહીં અથવા તો જે ખાવું હોય તે બોલી અને કહેવું કે આ તો બનાવતી જ નહીં. સાંજે તમારી થાળીમાં જો તે ના પીરસાય તો તમે કહો તે હારી જાઉ.! '

ત્યાં હાજર રહેલા બધાને આ પ્રયોગ ઉચિત લાગ્યો. એ તમામે હર્ષ અને ઉલ્લાસ સાથે આ સજેશન સ્વીકાર્યું. ઊતરેલ કઢી જેવા મોઢા પર ચમક આવી ગઈ. આટલી વાત થઈ ત્યાં જ દરેકના ફોનની ઘંટડી વારાફરતી વાગવા લાગી.

દરેકે એકબીજાથી દૂર જઈ નવી વાતનો પ્રયોગ શરૂ કર્યો.

જોઈએ હવે આજે રાત્રે ભાણામાં શું આવે છે. ■

**વિચારવાયુ**

*જૂની પેઢીઃ 'તે ઘરે આવે પછી જમીએ'*
*નવી પેઢી :*
*'તે ઘરે લાવે પછી જમીએ.'*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ઝી-લાઈન આવાસ - સેમારંગ - ઈન્ડોનેશિયા આવાસની રસપ્રદ ખાંચાખૂંચી

ઈન્ડોનેશિયાના સેમારંગ નગરનું આ સ્થપતિ રેવાનો સાત્રિઆ દ્વારા નિર્ધારિત કરાયેલ અને સન ૨૦૧૯મા પૂર્ણતાને પામેલ આંતરરાષ્ટ્રીય સ્તરે વખણાયેલું આ આવાસ છે. આવાસની વિવિધ ઉપયોગીતા ને જુદા જુદા આકારમાં રસપ્રદ રીતે પ્રયોજી તેની સાથે પ્રકાશ અને અનુભૂતિનું જે નાટક રચાયું છે તે આ આવાસની ખાસિયત છે - અને આ બધાનાં કેન્દ્રમાં લટકતો હોય તેમ જણાતો સ્વિમિંગ પૂલ છે.

અહીં ભૂમિતિની મજા છે. આવાસનું તલ દર્શન - પ્લાન જોતાં જણાશે કે એક મોટા લંબચોરસની અંદર ત્રાસમાં જુદા જુદા સ્થાનો ગોઠવીને ઉપયોગમાં લઈ શકાય તેવી આકસ્મિક જગ્યાઓ ઊભી કરાઈ છે. આનાથી સ્થાન અનુભૂતિમાં નાટકીયતા આવે છે. તે ઉપરાંત પણ દેખાવ માટે ક્યાંક ખૂણાદાર ભાગ બહાર કઢાયો છે. આમ તો આ આવાસનો મૂળ આકાર એકદમ મૂળભૂત અને સાદો છે પણ તેના વિગતિ-કરણથી ખૂણાદાર - પાસાદાર રચનાની અનુભૂતિ થાય છે. સરળ ભૌમિતિક આકાર અને જટિલ વિગતી-કરણ વચ્ચેનું સંતુલન રસપ્રદ છે.

૧૧૦૦ ચોરસ મીટરના આ ત્રણ માળના આવાસમાં નીચેના માળે ગેરેજ તથા સંરચનાકીય વ્યવસ્થાનું આયોજન કરાયું છે. પછી ઉપરના માળે કૌટુંબિક સંસ્થાનો અને પછી શયન કક્ષ રખાયા છે. આનાથી કુટુંબના સ્તરે જરૂરી ગોપનીયતા જળવાઈ રહે છે. આવાસના સ્થાન નિર્ધારણમાં એવી કંઈ ખાસ વિશેષતા નથી, અને કદાચ હોવી પણ ન જોઈએ. આવાસની અન્ય ખાસિયતમાં ઉષ્ણકટિબંધીય આબોહવામાં પાણીના કુંડ થકી તાપમાનને નિયંત્રિત કરી શકે તેવી ભૌમિતિક ગોઠવણ, પવનની દિશાને ધ્યાનમાં રાખીને પૂર્વ અને પશ્ચિમનાં વરંડાનું અસરકારક આયોજન, ઘરના આગળના ભાગમાં રાખવામાં આવેલ ૭.૦૦ મીટર લાંબો કેન્ટીલીવર્ડ સ્વિમિંગ પૂલ, ઘરના આગળના ભાગમાં અનુભવાતી મોકળાશ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આકસ્મિક રીતે ઊભી થતી ખૂણાદાર જગ્યાઓનો જે રીતે અનુભૂતિ માટે તથા ઉપયોગીતા માટે નિર્ધારણ થયું છે તે રસપ્રદ છે. આ આકસ્મિક જગ્યાને કારણે જ તેનો આકાર અંગ્રેજી અક્ષર ઝેડ જેવો ઊભરતો હોવાથી તેનું નામ જ ઝી-લાઈન આવાસ બની ગયું.

ભૌમિતિક આકારોનું અનુસરણ થયું હોવા છતાં આ આવાસના સ્થાનમાં એક પ્રકારની પ્રવાહિતતા ઊભી થાય છે. આમ તો આ પ્રકારની સ્થાપત્ય શૈલી નવી ન ગણાય પણ જે રીતે તેને આખરી ઓપ આપવામાં આવ્યો છે તેનાથી તેની સ્થાપત્યકીય કિંમત વધી ગઈ છે. એક વિશાળ ભૌમિતિક આકાર સાથે થોડા ત્રાસમાં મુકાયેલા અને તે જ પ્રકારના ભૌમિતિક આકારોથી સાતત્યતા પણ સર્જાય છે અને વિરોધાભાસ પણ વર્તાય છે. આ બધાંની વચ્ચે આ જ શૈલીથી પહેલા માળે બનાવાયેલ સ્વિમિંગ પૂલ સમગ્ર આવાસના આત્મા સમાન છે. તેની સાથે બધું જ સંકળાયેલું છે - વાસ્તવિકતામાં અને દ્રષ્ટિથી. આખા આવાસને કરાયેલ સફેદ રંગથી સાતત્યતામાં વધારો થાય છે અને વિરોધાભાસ કંઈક અંશે મંદ થાય છે. આકારની આ પ્રકારની ગોઠવણથી વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા પણ અસરકારક બની રહે છે.

સ્થપતિ દ્વારા આ આવાસને વિશેષ રીતે આગવું બનાવવાનો પ્રયત્ન કરાયો છે. આ પ્રકારનો આગ્રહ લગભગ દરેક જગ્યાએ જોવા મળે છે. દરેક કુટુંબ - દરેક સંપન્ન વ્યક્તિ એમ ઈચ્છે કે પોતાનું આવાસ નજરે ચડે તેવું હોવું જોઈએ - તેની પ્રશંસા થવી જોઈએ - તેની ઓળખ બંધાવી જોઈએ; અને આ બધા માટે કંઈ ને કંઈ નીતનવાં અખતરાં થતાં રહે છે. ક્યારેક તો આ પ્રકારનો આગ્રહ ઘેલછા બની રહે છે, અને તેમાં જો સ્થપતિની ક્ષમતા ઓછી હોય તો આવાસ વિચિત્ર બની રહે. અહીં એમ નથી થતું. અહીં ધ્યાનાકર્ષતા સાથે સૌમ્યતા પણ છે. અહીં આધુનિકતા સાથે પરંપરા પણ છે. અહીં નવી તકનીકની ઉપયોગિતામાં સંયમ છે. અહીં જુદા પડવાનો ભાવ છે પણ તે ભાવ સીમાની અંદર કાર્યરત થાય છે. અહીં દંભ નથી. આ આવાસ કોઈ નકારાત્મક અસર નથી છોડતું. રસ્તે પસાર થનાર વ્યક્તિના માથા પર આ આવાસ ભટકાશે નહીં.


એમ કહી શકાય કે આ આવાસની રચના પેરામેટ્રીક સ્થાપત્યના અભિગમ સાથે શરૂ થઈ અને ધીમે ધીમે તેનું સરળીકરણ કરાયું જેથી અનિચ્છનીય દ્રશ્ય અનુભૂતિથી મુક્તિ મળી. આમ તો આ આભાર ૨૦.૦૦ X ૪૦.૦૦ X ૮.૦૦ મીટરના એક ઘનાકાર ચોસલા જેવું જ છે પણ જે રીતે તેનું વિગતિકરણ થયું છે તેને કારણે અહીં ભૌમિતિક ગણતરી અને શિલ્પમય નિર્ણયનો સમન્વય શક્ય બન્યો છે. આવાસ બની ગયા પછી ગ્રાહકના પ્રતિભાવ અનુસાર એમ કહી શકાય કે આ આવાસ માટે તેને ગર્વ પણ છે અને સંતોષ પણ. તેના કહેવા પ્રમાણે અહીં તેની ઉપયોગીતા પણ સચવાઈ જાય છે અને ભાવનાત્મક ઈચ્છા પણ પ્રતિબિંબિત થાય છે. વાસ્તવમાં આ એક સફળ રચના કહેવાય.

જરૂરિયાત કરતાં થોડું વધારે આપતું આ આવાસ છે. સાથે સાથે જરૂરિયાત પણ લગભગ ન્યૂનતમ છે. અહીં બિનજરૂરી વિશાળતા નથી કે નથી બિનજરૂરી સંકડાશ. રહેણાંકીય પ્રમાણમાં અહીં દરેક જગ્યાએ સ્થાપિત થાય છે. આ એક સરળ અને સ્વીકૃત રચના છે. બાંધકામ અને રચનાના અગત્યના પાસા વચ્ચે તાલમેલ સાધવાનો આ એક પ્રયત્ન છે.

જેમ અત્યારની દરેક રચનામાં થતું આવ્યું છે તેમ આ રચના માટે પણ મોટી મોટી પર્યાવરણની, આબોહવાની અને ભવિષ્યની ચિંતાની વાતો કરાઈ છે. પણ આ વાતો સ્વીકારવી થોડી અઘરી છે. એક રીતે હવે આવી વાતો કરવી એ એક પ્રથા તેમજ ફેશન થઈ ગઈ છે. પરિસ્થિતિને જેમની તેમ સ્વીકારવાની જરૂર છે. મોટી મોટી વાતો કરવાથી ક્યાંક સારી વાતો પણ બાજુમાં ધકેલાઈ જતી હોય તેમ જણાય છે. ■







સ્પોર્ટ્સ મૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# પૈસા મળે કરોડોમાં, પણ પર્ફોર્મન્સના નામે મીંડું

## છેલ્લી પાંચ આઇપીએલમાં સૌથી ઊંચા ભાવે ખરીદવામાં આવેલા મોટા ભાગના ખેલાડીઓ કરોડો રૂપિયાના કૉન્ટ્રૅક્ટ-મનીને અનુરૂપ નથી રમ્યા


રિષભ પંત


કાઇલ જેમિસન

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના ફ્રૅન્ચાઇઝીઓ દર વર્ષે ખેલાડીઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે, પણ તેમના તમામ ખેલાડીઓ પોતાના ઊંચા ભાવને અનુરૂપ સારું પર્ફોર્મ નથી કરતા હોતા. ઊલટાનું, ૨૦, ૩૦ કે ૫૦ લાખ રૂપિયા મેળવનાર ખેલાડીઓ પોતાની ટીમને વધુ ઉપયોગી સાબિત થતા હોય છે. ઑસ્ટ્રેલિયાના ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલને પંજાબ કિંગ્સે આ વખતે ૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને હવે અધવચ્ચે (પ્લે-ઑફ માટેની રેસ ઉગ્ર બની છે ત્યારે) ઈજાને લીધે સીઝનની બહાર થઈ ગયો છે. તે સાત મૅચ રમ્યો અને બીજી બે મૅચ માટે ઉપલબ્ધ હતો એટલે તેણે ૨.૮૦ કરોડ રૂપિયા તો બનાવી લીધા, પણ પર્ફોર્મન્સના નામે મીંડું છે. બીજી રીતે કહીએ તો તેણે સાત મૅચમાં ફક્ત ૪૮ રન કર્યા અને ચાર વિકેટ લીધી. જમણા હાથની આંગળીમાં ફ્રૅક્ચર થવાને કારણે તેણે આ સીઝનમાંથી વિદાય લીધી છે.

મુદ્દાની વાત એ છે કે ખેલાડીઓ પાછળ કરોડો રૂપિયા વાપરવામાં આવે છે, પણ ઘણી વાર તેઓ અડધા ભાગની રકમ જેટલું પણ સારું પર્ફોર્મ નથી કરી શકતા. રિષભ પંત આઇપીએલના ઇતિહાસનો સૌથી મોંઘો ખેલાડી છે. લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ તેને ૨૭ કરોડ રૂપિયામાં મેળવ્યો છે. તેના સુકાનમાં લખનઊની ટીમ ૧૦ ટીમના પૉઇન્ટ્સ-ટેબલમાં હાલ છેક છઠ્ઠા નંબરે છે જે માટે રિષભ પંતનો ફ્લૉપ-શૉ પણ જવાબદાર છે. દસમાંથી પાંચ મૅચ જીતેલી અને પાંચ હારી ચૂકેલી આ ટીમના નામે માત્ર ૧૦ પૉઇન્ટ છે અને હવે કોઈ ચમત્કાર જ આ ટીમને ટોચની ચાર ટીમના પ્લે-ઑફ રાઉન્ડમાં પહોંચાડી શકે. સંજીવ ગોયેન્કા સાહેબે આ વિકેટકીપર-બૅટ્સમૅનને ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે એટલે તેની પાસે જવાબ તો માગશે જ.

૯ ઇનિંગ્સમાં પંતના નામે માત્ર ૧૧૦ રન છે. છગ્ગા-ચોક્કાની આતશબાજી માટે પ્રખ્યાત પંત આ વખતે ફક્ત પાંચ સિક્સર અને નવ ફોર ફટકારી શક્યો છે. બે વાર શૂન્યમાં આઉટ થયો છે અને નવ ઇનિંગ્સમાં તેની ફક્ત એક હાફ સેન્ચુરી છે. ટી-૨૦ ફૉર્મેટમાં જેનો સ્ટ્રાઇક-રેટ (દર ૧૦૦ બૉલ દીઠ બનાવેલા રન) ૧૫૦-૨૦૦ જેટલો હોય એ સ્ટાર કહેવાય, પરંતુ પંત માત્ર ૯૮.૨૧ અને બૅટિંગ-ઍવરેજ ફક્ત ૧૨.૨૨ છે. પંત વિકેટકીપર પણ છે એટલે એ પર્ફોર્મન્સ પણ ગણતરીમાં લેવાય. જોકે એમાં પણ તેણે સાધારણ પર્ફોર્મ કર્યું છે. ૧૦ ઇનિંગ્સમાં તેના નામે માત્ર પાંચ શિકાર છે.

મોટા ભાગના કિસ્સાઓમાં જે ખેલાડીઓ જે તે વર્ષમાં સૌથી ઊંચા ભાવે ખરીદવામાં આવ્યા છે તેમનો એ વર્ષમાં પર્ફોર્મન્સ ટોચના પાંચ (ક્યારેક તો ટોચના દસ) ખેલાડીઓમાં પણ નથી રહ્યો. ■


ગ્લેન મૅક્સવેલ

### છેલ્લા પાંચ વર્ષમાં કોને સૌથી વધુ પૈસા મળ્યા? કેવું પર્ફોર્મ કર્યું?

**૨૦૨૧નું વર્ષ:**

(૧) ક્રિસ મૉરિસ (રાજસ્થાન રૉયલ્સ): ૧૬.૨૫ કરોડ મળ્યા, સાત ઇનિંગ્સમાં કુલ ૬૭ રન કર્યા અને ૧૧ ઇનિંગ્સમાં ૧૫ વિકેટ લીધી. તેનાથી બમણાથી પણ વધુ વિકેટ (૩૨) બૅંગલૂરુના હર્ષલ પટેલે લીધી હતી.

(૨) કાઇલ જૅમિસન (બૅંગલૂરુ): ૧૫.૦૦ કરોડ રૂપિયા મળ્યા, નવ ઇનિંગ્સમાં માત્ર કુલ નવ વિકેટ લીધી અને ૬૫ રન કર્યા.

(૩) ગ્લેન મૅક્સવેલ (બૅંગલૂરુ): ૧૪.૨૫ કરોડ રૂપિયા મળ્યા, ૧૪ ઇનિંગ્સમાં કુલ ૫૧૩ રન કર્યા અને છ ઇનિંગ્સમાં ફક્ત ત્રણ વિકેટ લીધી.

**૨૦૨૨નું વર્ષ:**

(૧) ઇશાન કિશન (મુંબઈ ઇન્ડિયન્સ): ૧૫.૨૫ કરોડ રૂપિયા મળ્યા, ૧૪ ઇનિંગ્સમાં ૪૧૮ રન કર્યા અને વિકેટકીપિંગમાં કુલ ૧૩ શિકાર કર્યા.

(૨) દીપક ચાહર (ચેન્નઈ સુપર કિંગ્સ): ૧૪ કરોડ રૂપિયામાં ખરીદયો, પણ પીઠના દુખાવાને કારણે તે આખી સીઝનમાં નહોતો રમી શક્યો.

(૩) શ્રેયસ ઐયર (કોલકાતા નાઇટ રાઇડર્સ): ૧૨.૨૫ કરોડ રૂપિયા મળ્યા, ૧૪ ઇનિંગ્સમાં કુલ ૪૦૧ રન કર્યા.

**૨૦૨૩નું વર્ષ:**

(૧) સૅમ કરૅન (પંજાબ કિંગ્સ): ૧૮.૫૦ કરોડ રૂપિયા મળ્યા, ૧૪ ઇનિંગ્સમાં ૧૦ વિકેટ લીધી અને ૧૩ ઇનિંગ્સમાં ફક્ત એક હાફ સેન્ચુરીની મદદથી માત્ર ૨૭૬ રન કર્યા.

(૨) કૅમેરન ગ્રીન (મુંબઈ ઇન્ડિયન્સ): ૧૭.૫૦ કરોડ રૂપિયા મળ્યા, ૧૬ ઇનિંગ્સમાં ૪૫૨ રન કર્યા અને ફક્ત છ વિકેટ લીધી.

(૩) બેન સ્ટોક્સ (ચેન્નઈ સુપર કિંગ્સ): ૧૬.૨૫ કરોડ રૂપિયામાં ખરીદાયો, પણ ઈજાને લીધે એ સીઝનથી તેની આઇપીએલ કરીઅર ખોરવાઈ ગઈ છે.

**૨૦૨૪નું વર્ષ:**

(૧) મિચલ સ્ટાર્ક (કોલકાતા નાઇટ રાઇડર્સ): ૨૪.૭૫ કરોડ રૂપિયા મળ્યા, ૧૩ ઇનિંગ્સમાં ૧૭ વિકેટ લઈને કેકેઆરને ટાઇટલ અપાવવામાં મોટી ભૂમિકા ભજવી.

(૨) પૅટ કમિન્સ (સનરાઇઝર્સ હૈદરાબાદ): ૨૦.૫૦ કરોડ રૂપિયા મળ્યા, ૧૬ ઇનિંગ્સમાં ૧૮ વિકેટ લીધી અને ૧૩૬ રન કર્યા.

(૩) ડૅરિલ મિચલ (ચેન્નઈ સુપર કિંગ્સ): ૧૪ કરોડ રૂપિય મળ્યા, ૧૩ ઇનિંગ્સમાં ૩૧૮ રન કર્યા અને બે ઇનિંગ્સમાં એક વિકેટ લીધી.

**૨૦૨૫નું વર્ષ:**

(૧) રિષભ પંત (લખનઊ સુપર જાયન્ટ્સ): ૨૭ કરોડ રૂપિયામાં ખરીદાયો, ૧૦ ઇનિંગ્સમાં માત્ર ૧૧૦ રન કર્યા, વિકેટકીપર તરીકે પાંચ શિકાર કર્યા.

(૨) શ્રેયસ ઐયર (પંજાબ કિંગ્સ): ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદાયો, ૧૦ ઇનિંગ્સમાં ૩૬૦ રન કર્યા.

(૩) વેન્કટેશ ઐયર (કોલકાતા નાઇટ રાઇડર્સ): ૨૩.૭૫ કરોડ રૂપિયામાં ખરીદાયો, સાત ઇનિંગ્સમાં ૧૪૨ રન કર્યા.

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# પોં પોં પોં..ઉઉઉઉ : ‘ભોપું-વાદન’ની ભૂલાતી ભવ્યતા




કાર, ખટારા, બસ, રિક્ષા, સાઇકલ વગેરેમાં હોર્ન વગાડવાની કળા હવે ધીમે ધીમે લુપ્ત કે અદ્રશ્ય થઈ રહી છે. એક સમય હતો જ્યારે દેશમાં વાહન ચલાવનાર ડ્રાઇવર ભોપુંને એક વાદ્ય તરીકે ગણતો હતો અને એ ભોપુંનો સૂર વાતાવરણમાં એવો ગુંજી ઊઠતો કે દૂર દૂરથી મુસાફરો ખેંચાઈ આવતા. આ નાનકડું વાદ્ય, હાર્મોનિયમ જેટલું ભાગ્યશાળી નહોતું, જે સૂરીલી તાન વગાડીને સિતાર કે સારંગીની ઉચ્ચ હરોળમાં જઈને બેસી શકે, પણ એ એની પોતાની જગ્યાએ સતત સ્થિર રહીને સંગીતની સેવા કરતું. ભોપું આમેય સંગીત સભાની બહાર જ રહ્યું, એ આવી સભામાં ક્યારેય પ્રવેશી શક્યું જ નહીં. એ કાર/વાહન સાથે જોડાયેલું હોવાથી એની સીમા મર્યાદિત હતી. વળી શહેરમાં ભોપું વગાડવાના શાસ્ત્રીય સંગીતની જેમ કાર્યક્રમો પણ કદી યોજાતા નહોતા, છતાંયે અલગ અલગ જગ્યાએ ભોપું વાગતું ને બાઆવાઝે બુલંદ જોરશોરથી વાગતું, જેને ઉચ્ચ, નિમ્ન કે ગરીબ બધા જ વર્ગ પાસેથી સુંદર પ્રતિસાદ મળતો.

‘રાગ ભોંપુ’ તો ભારતીય હાઇવેની અનોખી ઓળખ છે. ૨૦ ૩૦ વર્ષ પહેલાં દેશમાં એવા ડ્રાઇવરો હતા, જેમને આપણે ફક્ત ભોપું વગાડવાની કુશળતાને કારણે વિદેશી ફેસ્ટિવલોમાં મોકલીને હજારોલાખો ડૉલર/પાઉંડ લૂંટી શક્યા હોત, પણ હંમેશની જેમ હાઇ સોસાયટીવાળાં સામાન્ય લોકોનાં વાજિંત્રોને સ્વીકારતા નહોતા એટલે જ મોટર, ખટારા, ટેંપોના બિચારા ડ્રાઇવરોને ક્યારેય સારા સંગીતકાર માનવામાં આવ્યા નહીં! અમીર કે ઉચ્ચ વર્ગના લોકોએ કાર ખરીદી, પણ એના ભોપુંઘરાણાંના સંગીતને ક્યારેય સ્વીકારી શક્યા નહીં. આમ છતાં, ભોંપુંને જીવતા રાખવાનું કામ કર્યું છે આમ જનતાએ. ખરેખર તો ભોપું એક ચાલતું વાદ્ય છે અને કદાચ એ એકમાત્ર વાદ્ય છે, જે ચાલતી ગાડીમાં વગાડવામાં આવે છે. હાઇ-વે પરની બસના ડ્રાઇવરો નદીઓ, પર્વતો, જંગલો અને નાની બસ્તીઓને મસ્તીથી સાંભળતા. હવામાં એક લહેર જેવી શું ઊઠતી, ‘ભોં..પૂઉઉઉઉ....

‘ભોં..પૂઉઉઉઉઉ....ભોં..’ જાણે કે મનમાં એક પીડા ગુંજી ઊઠતી. પછી એક પ્રકારનું કંપન શરૂ થતું. કુશળ ડ્રાઈવર એની હથેળીથી હળવેથી તાલ આપતો ને એક વિચિત્ર પડઘો આખા ગ્રામીણ વાતાવરણને માદક બનાવતો. જ્યારે વળાંક આવે ત્યારે કદાચ કોઈ અકસ્માતની શંકા ભોપુંસંગીતકારને ધબકાવી દેતી ને પછી ટ્રકમાંથી ધૂન બાજી ઉઠે: ‘પૂહ....પૂહ.ભૂન.પૂહ.!’

પહાડી પાસે વળાંક વહી જાય પછી ધીમે ધીમે ગામ દેખાય. જાણે આવકાર આપતું ગામ. ભોપુંનો અવાજ એવો ગુંજતો કે જાણે વર્ષોથી વિખૂટો પડેલી કોઈ વ્યક્તિ મળવાને આતુર હોય! આહા, કેવા દિવસો હતા એ! એ જમાનામાં અનુભવી ડ્રાઈવર ૫૦ કિલોમીટર સ્પીડની મુસાફરીમાં ૨-૩ કલાકનો ભોપું વગાડવાનો કાર્યક્રમ આપતો. ઇન શોર્ટ, પ્રેક્ષકોને ટિકિટના પૈસા કરતાં વધારે ભોપુથી મનોરંજન મળતું હતું.

મને ૧૯૩૫-૧૯૩૬નો સમયગાળો બરોબર યાદ છે, જ્યારે ઉજ્જૈન ને ઇન્દોર વચ્ચે બન્ને ખાન નામનો ડ્રાઇવર ગાડી ચલાવતો હતો અને ત્યારે ભોપું વગાડવાની કળા ચરમસીમાએ હતી. બન્ને ખાન લખનઊ-કાનપુર વચ્ચે દોડતી રાધેશ્યામ બસ સર્વિસના પ્રખ્યાત ઉસ્તાદ ગુલશેર ખાન સાંદિવલીનો શિષ્ય કે શાગિર્દ હતો. ભોપું વગાડવાનું એમની પાસેથી જ શીખેલો. બન્ને ખાનને બાળપણથી જ ભોપું વગાડવાનો શોખ. એનો બાપ હામિદ ખાન પંકચર રિપેર કરવા માટે આખા ઉત્તર પ્રદેશમાં ફરતો ત્યારે નાનકડાં બન્નેને ખોળામાં બેસાડીને લઈ જતો ને ભોપું વગાડવાની તક આપતો. બન્નેમાં જન્મજાત ટેલેન્ટ હતી. ભોપુંવાદનમાં એની એવી નિપુણતા હતી કે

ભોપુંકલાના જાણકારોએ પહેલેથી જ આગાહી કરેલી કે એક દિવસ બન્ને ખાન ખૂબ સારો ડ્રાઇવર બનશે ને એના ભોપુંનો અવાજ માઇલો સુધી સંભળાશે.. અને થયું પણ એવું જ!

દીકરો બન્ને સ્કૂલમાં લખતોવાંચતો થાય ત્યાં તો બાપે એને સ્કૂલમાંથી ઉઠાડી મૂક્યો ને ડ્રાઇવિંગ શીખવા ગુલશેર ખાનસાહેબને સોંપી દીધો. ત્રણ વર્ષ સુધી, ગુલશેરે બન્નેને સ્ટીયરિંગને અડવા દીધું નહોતું. ખાલી ગાડીઓ સાફ કરાવતો, પણ બાળક બન્ને ખાન દૃઢ નિશ્ચયી હતો. એ ધીમે ધીમે ગાડીઓ ચલાવવાનું અને ભોપું વગાડવાનું શીખી ગયો.

મેં જ્યારે એને પહેલી વાર જોયો ત્યારે આ લાઇનમાં એ પોતાનો સિક્કો જમાવી ચૂકેલો. ઉજ્જૈન-ઇન્દોર બસમાં મેં પહેલીવાર એનો ભોપું વગાડવાનો કાર્યક્રમ સાંભળ્યો અને એ યાદગાર ભોપુંવાદનમાં મજા પડી ગઇ!

જોકે મારા જીવનમાં અનેક પ્રખ્યાત હોર્ન વગાડનારા ડ્રાઇવરોને સાંભળવાની તક મળેલી, પણ બન્ને ખાન જેવું સુરીલું ભોપું વગાડનાર ક્યાંય જોયો નહોતો. મને બરોબર યાદ છે કે એ પાઘડી પહેરીને વાહન સ્ટાર્ટ કરતો, સ્ટીયરિંગ ને હોર્નને નમન કરતો, અને પછી વાતાવરણ શાંત કરવા માટે હોર્ન વગાડતા પહેલા મુસાફરો તરફ પાછળ જોતો, નાનો અરીસો ગોઠવતો, અને પછી હોર્ન વગાડવામાં એવો તો મગ્ન થઈ જતો કે સામે ઓડિયંસ હોય કે નહીં, એની એને પરવા ન કરતો.બન્ને ખાને જીવનભર એમના ગુરુએ આપેલ મંત્રનું પાલન કર્યું કે ‘એક સારા ભોપુંવાદક બનવા માટે સમયસર ખાવું, સમયસર સૂવું, નિયમિત કસરત કરવી ને શિસ્તબદ્ધ જીવન જીવવું અગત્યનું છે.’

હવે ના તો એવા ગાડીખટારા છે કે ના તો એવા ડ્રાઇવરો. કાળક્રમે ભોપું વગાડવાની કળા ખતમ થઈ રહી છે કે થઇ ગઇ છે. ઇલેક્ટ્રિક ઓટોમેટિક હોર્ને લોક વાજિત્ર એવાં ભોપુંકળાનું ગળું ટૂંપી દીધું.. રસ્તાઓ, શેરીઓ, ગલીઓ ભોપુંસંગીતથી વંચિત થઈ ગઈ ને તેનું સ્થાન ‘પીં...પેં...પેં...’ એવા બેસૂરા હોર્નનાં અવાજોએ લઈ લીધું છે, આવા સંજોગોમાં. જો સરકાર ને સરકારી આકાશવાણી ધારે તો કંઈક કરી શકે. આજેય દેશમાં ઘણાં મહાન મૂર્ધન્ય ભોપુંવાદકો છે, જેમની રેકોર્ડ કે સીડી કે રીલ બનાવી શકાય છે. ભોપુંવાદન અખિલ ભારતીય સ્પર્ધાઓનું આયોજન કરીને અને મોટાં વાહનોમાં ભોપું લગાડવાનું કંપલસરી કરીને ભોપુંકળાને ફરી જીવતી કરી શકાય. હજીયે બહુ મોડું નથી થયું. આપણાં દેશમાં ફરી ભોપું વાગી શકે છે ને ખોવાયેલી રાગ ભોપું નામે કલાને બચાવી શકાય છે. ■

વિશેષ
રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

# સ્વસ્થ વિશ્વના નિર્માણમાં પશુચિકિત્સકોનો પણ મોટો ફાળો છે...



વર્ષ ૨૦૨૪માં, વિશ્વભરમાં એક અબજથી વધુ પાળેલા પ્રાણીઓ હતા, જેમાં કૂતરા, બિલાડી, સસલા, ગધેડા, ઘોડા અને સેંકડો દૂધાળા અને અન્ય ઉપયોગી પ્રાણીઓ હતા. જેમાંથી લગભગ ૫૦ થી ૬૦ ટકા લોકોને કોઈને કોઈ સ્વરૂપે તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. પશ્ચિમી દેશોમાં, કૂતરા, બિલાડી, સસલા જેવા પાલતુ પ્રાણીઓને લગભગ ૮૦ થી ૮૫ ટકા રસીકરણ અને અન્ય આરોગ્ય સંબંધિત સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. આ તમામ માહિતીમાં છુપાયેલી સૌથી મહત્ત્વની અને પરોક્ષ હકીકત એ છે કે જો આ તમામ પ્રાણીઓને આરોગ્ય અને રસીકરણ સંબંધિત વિવિધ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં ન આવી હોત તો એક વર્ષમાં ૫૦ લાખથી વધુના મોત થયા હોત.

આ આંકડો થોડો અતિશયોક્તિભર્યો લાગશે, પરંતુ વિશ્વાસ કરો, જો પશુ ચિકિત્સા ઉપલબ્ધ ન હોત અને મનુષ્યે પ્રાણીઓને વિવિધ પ્રકારની રસી આપવાની માહિતી શોધી ન હોત, તો દર વર્ષે કરોડો લોકો હડકવા, બર્ડ ફ્લૂ અને સ્વાઈન ફ્લૂ જેવા ઝૂનોટિક રોગો (જે પ્રાણીઓમાંથી મનુષ્યમાં ફેલાય છે)ને કારણે મૃત્યુ પામ્યા હોત.

આ રીતે, જો આપણે ધ્યાનથી જોઈએ તો, પ્રાણીઓને સ્વસ્થ રાખવા કરતાં મનુષ્યને સ્વસ્થ રાખવામાં પશુચિકિત્સકોની ભૂમિકા ઘણી મોટી છે. જો પશુચિકિત્સકો ન હોત તો આજનો માનવ સમાજ આટલો સ્વસ્થ ન હોત. પશુચિકિત્સકો માત્ર માનવ સમાજને જ નહીં, પરંતુ પર્યાવરણ અને જાહેર જીવનને પણ સુરક્ષિત બનાવે છે.

સાચા અર્થમાં, વિશ્વને સ્વસ્થ અને સલામત રાખવામાં પશુચિકિત્સકોની સામાન્ય માનવ ડોક્ટરો કરતાં ઓછી મહત્ત્વની ભૂમિકા નથી; કેટલીક રીતે, પશુચિકિત્સકો વધુ મહત્ત્વપૂર્ણ છે. તેમ છતાં, લાંબા સમયથી વિશ્વએ પશુચિકિત્સકોને તે માન અને સન્માન આપ્યું નથી જે તેઓ સામાન્ય ડોક્ટરોને આપે છે. તેથી, વર્ષ ૨૦૦૦માં, વર્લ્ડ વેટરનરી એસોસિએશન (ડબ્લ્યૂવીએ) એ દર વર્ષે એપ્રિલના છેલ્લા શનિવારે વિશ્વ પશુચિકિત્સા દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું, જેની પાછળનો ઉદ્દેશ્ય વિશ્વને પશુ ચિકિત્સાનું મહત્ત્વ સમજાવવાનો હતો. કહેવાની જરૂર નથી કે આ દિવસની ઉજવણીથી, પશુચિકિત્સકો અને પશુ ચિકિત્સાના મહત્ત્વની વિશ્વની મોટી વસ્તીને જાણ કરવામાં આવી છે.

આ દિવસ દ્વારા, વિશ્વએ વૈશ્વિક પ્લેટફોર્મ પર વેટરનરી મેડિસિન અને તેની સાથે સંકળાયેલા વ્યાવસાયિકોના મહત્ત્વને સમજ્યા અને તેની પ્રશંસા કરી છે. તેથી જ દર વર્ષે આ દિવસે સમાજના વિવિધ ક્ષેત્રો દ્વારા લાખો પશુચિકિત્સકોનું સન્માન કરવામાં આવે છે.

આ દિવસની શરૂઆતથી, પોતાના પાલતુ પ્રાણીઓને પોતાના સ્વાસ્થ્યની જેમ સ્વસ્થ રાખવા પ્રત્યે જાગૃતિ વધી છે, જેથી માત્ર તેમનું સ્વાસ્થ્ય જ નહીં, પરંતુ ઘરમાં સ્વસ્થ વાતાવરણનું નિર્માણ થાય. દર વર્ષે આ દિવસ એક ખાસ થીમ સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષના વેટરનરી ડેની થીમ હતી ‘પ્રાણીઓના સ્વાસ્થ્ય માટે એક ટીમની જરૂર છે.’ આનો અર્થ એ થયો કે પ્રાણીની આરોગ્ય સંભાળ માત્ર પશુચિકિત્સકો સુધી મર્યાદિત નથી પણ તેમાં પશુચિકિત્સક નર્સ, ટેકનિશિયન, સંશોધકો અને અન્ય સંલગ્ન આરોગ્ય વ્યાવસાયિકોની સામૂહિક ભૂમિકા પણ મહત્ત્વપૂર્ણ હોય છે.

આ વર્ષે, ૧૮ થી ૨૨ જુલાઈ ૨૦૨૫ દરમિયાન, વિશ્વભરના પશુચિકિત્સક સમુદાયની અગ્રણી હસ્તીઓ વોશિંગ્ટન ડીસીમાં યોજાનારી ૪૦મી વર્લ્ડ વેટરનરી એસોસિએશન કૉંગ્રેસમાં એકત્ર થશે, જ્યાં તેઓને તેમની વિવિધ સિદ્ધિઓ માટે સન્માનિત કરવામાં આવશે. તેવી જ રીતે, આ વર્ષે ૨૮ એપ્રિલ ૨૦૨૫ ના રોજ એશિયા પેસિફિક ક્ષેત્રમાં એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં પશુચિકિત્સા સેવાઓમાં લૈંગિક વિચારો પર ચર્ચા કરવામાં આવશે. હું કે તમે એટલે કે કોઈપણ સામાન્ય વ્યક્તિ, વિશ્વ પશુ ચિકિત્સક દિવસના દિવસે તમારી આસપાસના કોઈપણ પશુચિકિત્સક અને તેમની ટીમને આભાર પત્ર અથવા સંદેશ મોકલી શકીએ છીએ.

તેમને મળીને તેમણે સમાજ માટે કરેલી મહત્ત્વપૂર્ણ સેવાઓ બદલ તેમનો આભાર વ્યક્ત કરી શકીએ છીએ. પશુચિકિત્સા કલ્યાણ સંબંધિત સંસ્થાઓને દાન આપી શકાય છે અને આ દિવસે, આપણે આપણા પાળેલા પ્રાણીઓના પ્રિય ડોક્ટરને સ્વસ્થ રાખવા માટે આભાર વ્યક્ત કરી શકીએ છીએ. હકીકતમાં આ દિવસ પશુચિકિત્સા પ્રત્યે જાગૃતિનો દિવસ છે. આ વર્ષના વેટરનરી ડેની ઉજવણી માટે સેટ કરેલી થીમ આપણને યાદ અપાવે છે કે કેવી રીતે પ્રાણીઓની આરોગ્ય સંભાળ એક વ્યક્તિનું કામ નથી પરંતુ ઘણા લોકોનું કાર્ય છે અને તેમણે એ ભૂમિકા ભજવવી જોઈએ.

દર વર્ષે, વિશ્વભરમાં ૬૦ થી ૭૦ કરોડ પાલતુ પ્રાણીઓ અદ્યતન તબીબી સારવાર મેળવે છે, જે કરોડો લોકોને રોજગાર પ્રદાન કરે છે. વિશ્વભરમાં ૩૩ બિલિયનથી વધુ ફાર્મ પ્રાણીઓ છે, એટલે કે, તે પ્રાણીઓ કે જેનો ઉપયોગ મનુષ્ય ખોરાક માટે કરે છે, જેમ કે મરઘી, ભૂંડ, બકરા, ઘેટાં, ગાય અને ભેંસ વગેરે. જો આ ફાર્મ પ્રાણીઓને આટલા મોટા પાયે તબીબી સુવિધાઓ ઉપલબ્ધ ન હોય તો તે મોટા પાયે માણસોને રોગોનું કારણ બની શકે છે. જો આપણે દર વર્ષે અમુક પ્રકારની દવા અથવા તબીબી સંભાળ મેળવતા પ્રાણીઓની સંખ્યામાં તમામ પ્રકારના પ્રાણીઓનો ઉમેરો કરીએ, તો આવા પ્રાણીઓની સંખ્યા ૬ થી ૮ અબજ હશે, જેમાંથી સૌથી મોટી સંખ્યા ચોક્કસપણે ખેતરના પ્રાણીઓની છે. એકંદરે, પશુચિકિત્સા એ આધુનિક અદ્યતન વિશ્વની એક મહાન સિદ્ધિ છે. જો પશુચિકિત્સા સંભાળ ઉપલબ્ધ ન હોત, તો આપણે આજે મનુષ્યો સ્વસ્થ ન હોત. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી ૯૮૧૯૦૦૬૪૦૪. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૭૩)

## ૯. લગ્ન સંબંધી

**50થી ઉપરની**

વયની મહિલાઓ જામનગરના વેલસેટ ઉદ્યોગપતિ જોડે જીવનસાથી માટે સંપર્ક. ''બસેરા'' - 8591902845. (દહેજ નહીં). (બી-૧૫૯૧૫)

**પરિચય મેળો**

રોટરી ક્લબ ઓફ બોમ્બે નોર્થ વેસ્ટ, મલાડ અને અનુબંધ ફાઉન્ડેશન દ્વારા રવિવાર તા. 25/5/2025 ના રોજ મલાડ ખાતે 50 વર્ષથી વધુ ઉંમરના કુંવારા, ડાયવોર્સી, વિધવા, વિધુર ઉમેદવારો માટે વિના મુલ્યે પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સંપર્ક નિલેશભાઈ દલાલ - 7208469200/ નટુભાઈ પટેલ - 9825185876. (દહેજ નહીં). (૧૫૮૭૭-બી)

**યુવક MBA**

**કાંદિવલી સ્થિત, 45, 5'8" MBA કુંવારા, વેલસેટ, સારું કમાતા યુવકને કુંવારી ગ્રેજ્યુએટ ભણેલી ગૃહકુશળ યુવતી આવકાર્ય. 9022412333. (જ્ઞાતિબાધ નથી). (દહેજ નહીં). (૧૫૮૭૯-એ)**

■ મુંબઈની જૈન કન્યા 1991 Professionally રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૯૨૮)

■ સુંદર કન્યા - ઉંમર - 28 ઊંચાઈ 5'.3" શિક્ષણ 12મી કંપનીમાં કામ કરે છે પગાર - 15,000/- કન્યાના માતાપિતા નથી, મામા-મામી સાથે રહે છે, નિર્વ્યસની, સમજુ, મહેનતી છોકરો જોઈએ, જાતિ-ઉંમરબાધ નથી. (તરત લગ્ન) 8956644802. (દહેજ નહીં). (બી-૧૫૯૩૪)

**પરિચય સંમેલન**

01/06/2025, રવિવારે, કાંદિવલીમાં, સમસ્ત ગુજરાતી સમાજના/ દરેક જ્ઞાતિના કુંવારા દિકરા/ દિકરીઓ માટે તથા અન્ય હિન્દુ જ્ઞાતિની દિકરીઓ પણ આવી શકે છે. શ્રી હરિ ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (૧૫૩૪૮-બી)

## ૯. લગ્ન સંબંધી

**JAIN GIRL:**

November 79, Educated, MNC Working, 5.5 Height, Fair, Slim. Gujarati Boys can Contact 9323268284. (No Dowry) (15860/A)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15882-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૫૭૫૭)

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ અને લેડીજ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૫૬૯)

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકીંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૭૭૨)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૮૪-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચિરાગ શ્રીનાથજી**

05 દિવસ, 06 પુસ્કર નાથદ્વારા, અંબાજી 07 દિવસ, સાવરીયા, શ્રીનાથજી, કુંભલગઢ 8 દિવસ, 7 શામળાજી ડાકોર, પાવાગઢ, 9 દિવસ, 9 શ્રીનાથજીના 12 ચરણ ચોકીમાં ઝારી ચરણ સ્પર્શ. 7303560200/ 9833009445. (૧૫૩૪૫/બી)

**ચિરાગ ચારધામ**

ચારથી ચારસો જાત્રાળુના ગ્રૂપના દિવસ તારીખ મુજબ. ઓગષ્ટથી ઓક્ટોબરમાં શ્રાવણમાસમાં કેદારનાથના દર્શનનું આયોજન કરી આપશું 9833009445/ 7303560200. (૧૫૩૪૫/એ)

**નિઃશુલ્ક મહાબળેશ્વર**

નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે દર રવિવાર/ મંગળવાર/ગુરુવારે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીના ૧૨૦ પ્રવાસ ભરાઈ ગયા છે, ૨૦૨૬નું બુકિંગ શરૂ થઈ ગયું છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૩૬)

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૭૨)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**

**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

## ૧૪. નોકરી ખાલી છે

**મુલુંડ અને ઘાટકોપર**

માટે પાર્ટ-ટાઈમ અથવા ફુલ-ટાઈમ બેસિક કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે. સંપર્ક - 9322565600. (જેપી/૪૯૮૪-ઈ)

**URGENT HIRING**

મનોજ ઓર્નામેન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ ખાતે આવેલ પ્રતિષ્ઠિત જ્વેલરી શોરૂમ માટે Retail Sales Executive (Male/Female), CRM (Female), Sales Coordinator (Female), HR Executive, Personal Assistant. જ્વેલરી ઇન્ડસ્ટ્રીનો અનુભવ હોવો પ્રધાન્યભર્યો. રિઝ્યુમ મોકલો: hr@manojornaments.com / સંપર્ક 8828627211 / 9769825850. (૧૫૮૫૦-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**ઘેરબેઠાં કમાણી**

સહેલાઈથી તાત્કાલિક અઢળક રકમ મેળવવા રૂબરૂ સંપર્ક - 9326554121. (બી-૧૫૮૯૩)

**રે રોડ - ઓફિસ બોય**

**પ્રખ્યાત પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોંશિયાર, વિશ્વાસુ, સાયકલ ચલાવનાર ઓફિસ પ્યુનની જરૂર છે. યોગ્ય અને સારો પગાર અનુભવ પ્રમાણે મળશે. email:alloysteel3@gmail.com CALL: 7021734143. (એસડીબી-૨૫૭૯)**

**ACCOUNTANT REQUIRED**

Experienced Lady Accountant at Vile Parle West. Contact: 9004687006. (15852-C)

**SALESMAN REQUIRED**

Experienced Salesman for Tiles, Fittings & Sanitaryware Showroom at Vile Parle West. Contact: 9004687006. (15852-A)

**JOB OPPORTUNITY**

**ઘાટકોપર (ઈ) સ્થિત નવી બ્રાંચ તેમજ વિલે પાર્લા સ્થિત બ્રાંચ માટે**

- **HR Executive (1)** – ૩ વર્ષના અનુભવી
- **Jr. HR Executive (1)** – ૨ વર્ષના અનુભવી
- **Data Entry - MALE (8)** – ૨ વર્ષના અનુભવી
- **Store Manager (2)** – ૩ વર્ષના અનુભવી
- **Floor Manager (5)** – ૩ વર્ષના અનુભવી
- **Sr. Sales Executive (20)** – ૩ વર્ષના અનુભવી
- **Jr. Sales Executive (30)** – ફ્રેશર
- **Greeter (6)** – ૨ વર્ષના અનુભવી
- **Old Gold Specialist (3)** – ૫ વર્ષના અનુભવી

CHHEDA JEWELLERS GOLD & DIAMONDS

Send your recent Photo with your CV to hr@chhedajewellers.co.in or 8850275447

(૧૫૮૮૭-ડી)

## ૧૭. જગ્યા આપવી છે

**''વિલેપાર્લામાં..''**

૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, ડુપ્લેક્ષ, પેન્ટહાઉસ, ઓફિસ, દુકાનો તૈયારમાં / બંધાતામાં લેવા / વેચવા / ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૮૯૫)

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં. પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૮૮૯)

**પાર્લા વેસ્ટ**

સ્ટેશન દેરાસર 4 બેડ, 1300 કારપેટ અર્જન્ટ સેલ અમિત 7045622403. (બી-૧૫૯૧૨)

**બાંદ્રા/ખાર/સાન્તાક્રુઝ**

(વેસ્ટ/ ઈસ્ટ) ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો તેમજ દુકાનો, ઓફિસો- ઓનરશીપ/ લીઝથી લેવા- વેચવા ''પ્રદીપભાઈ'' 9820086313. (બી-૧૫૯૧૪)

**વિલેપાર્લે વેસ્ટમાં**

મોડર્ન એમેનીટીઝ, ૨, ૩ અને ૪ BHK, ૧૫ માળાના ટાવરમાં એસ. વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ), શગુન રેસીડેન્સી. ૯૩૨૦૨૯૩૮૪૦. (બી-૧૫૯૦૯)

**કાંદિવલી (વેસ્ટ)**

શાંતિલાલ મોદી રોડ 2 બેડરૂમ 616' કારપેટ, 1.89 Package નવું ટાવર, રેડી પજેશન, OC સાથે નિયર હવેલી દેરાસર. સંપર્ક ધ્રુવ રૂઘાણી 7718024133. (જેપી/ ૪૯૮૮-સી)

**કાંદિવલી (વેસ્ટ)**

સ્ટેશન 0.5 km, એસવી રોડ, 22 માળના નવા ટાવરમાં, 2 બેડરૂમ 1.45 કરોડ/ 1.83 કરોડ+, 3 બેડરૂમ 2.68 કરોડ+, 20+ અમેનિટીસ, પોડિયમ, Rooftop Garden marketed by: M. G. Realtors 9820964062, Radha estate agency 9821034272. (જેપી-૪૯૮૪-એફ)

■ ગ્રાન્ટ રોડ (ઈસ્ટ) આઉટ રાઈટ સ્પેશિયસ બે બેડરૂમ (ત્રણ થઈ શકે) (ઓનરશીપ) ત્રણ બાજુ ખુલ્લી ૩૯૦ લાખ (નેગોશીએબલ) ૯૩૨૧૦૯૬૮૫૦ દલાલ માફ. (એસડીબી-૨૫૬૧)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

૪ બેડરૂમ -એરીયા ૧૬૨૦' કારપેટ, મંદિર પાસે, આધુનિક સુવિધાઓ સાથે, વેચાણથી ૧૧ કરોડ. અન્ય ૧૦ ફ્લેટો ૮ કરોડથી ૨૦ કરોડ સુધી ઉપલબ્ધ. ફોન :- ''જીતેન્દ્ર ચાવડા'' ૯૮૧૯૦૧૧૭૭૦. (બી-૧૫૮૭૩)

**અંધેરી (વેસ્ટ)**

1 BHK ગંગાવિહાર - ઓનરશીપ (1.70 કરોડ), 2 BHK ગ્રીનકોર્ટ - (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ.વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ - જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૧૫૮૪૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ)**

1 BHK - 2 BHK, નવા ટાવરમાં, મથુરાદાસ રોડ, જૈન દેરાસર, હવેલીની બાજુમાં સાઈટ - 7353026969. (જેપી/૪૯૮૪-બી)

MahaRERA Registration No. P51800045951 available on https://maharera.mahaonline.gov.in MahaRERA QR

**GHATKOPAR EAST**

NEELSIDHI JAYBANDHU ON 90 FEET ROAD

3 BHK LUXURY FLATS ₹ 3.19 CR*. ONWARDS *T & C Apply

READY POSSESSION OC RECEIVED

98334 69305

(B-15923)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૮૨૧)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન / દેરાસર નજીક રેડીમાં 4 બેડરૂમ હાયર ફ્લોર 31500/- થી (ઓલ ઇન્ક્લુઝીવ ભાવે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૫)**

**અંધેરી (ઈસ્ટ)**

**ઘટાડેલા ભાવે 3 બેડરૂમના રેડીમાં ફ્લેટો (સ્ટેશનની નજીક) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૬)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન પાસે 2 બેડરૂમ 711' ફૂટ 31,500/-ના ભાવે (ઓલ ઇન્ક્લુઝીવ) દિવાળીએ પઝેશન. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૭)**

**જુહુ બંગલો**

વેચાણથી. ગ્રાઉન્ડ + બે માળ, પાંચ બેડરૂમ, બે કાર પાર્કિંગ અંદાજે 3000' સ્કે. ફીટ. કારપેટ. સંપર્ક: માલિક: 9619910170 / 9833766747. (૧૫૮૬૯-એ)

**''ચારકોપ - કાંદિવલીમાં, બોરીવલીમાં..''**

૨૫/ ૩૦/ ૪૦ મીટરનાં રોહાઉસ, ૬૦થી ૧૨૫ મીટરનાં બંગલાઓ, ૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, દુકાનો, ઓફિસો, ગોડાઉન તૈયારમાં/ બંધાતામાં લેવા વેચવા / ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૮૯૪)

**બોરીવલી ઈસ્ટ: દૌલત નગરમાં**

2 BHK, 3 બાથરૂમ, દેરાસર મંદિર નજીક, હવાઉજાસવાળો ફ્લેટ, 1 પાર્કિંગ. વેચાણથી સંપર્ક ઓનર: 7977922699. (૧૫૮૫૪-એ)

**કાંદિવલી પોઈસરમાં**

**મેન રોડ ટચ, સ્વતંત્ર બિલ્ડિંગ, ગ્રાઉન્ડ + પહેલો માળ વેચાણથી આપવાનો. (કમર્શિયલ શક્ય). (ઓનર): 9821163601. (૧૫૮૬૨-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**અપર - વર્લી**

**પ્રાઈમ લોકેશન, વિશાળ 2 બેડરૂમ હોલ કિચન 865' કાર્પેટ, પ્રતિષ્ઠિત એપાર્ટમેન્ટ, આધુનિક સુવિધાઓ સાથે વેચાણથી. 9820660781/ 9769018852. (એસડીબી-૨૫૭૧)**

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરીયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન. સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૮૮૧)

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**વેચાણથી 2 BHK ફર્નિશ્ડ ફ્લેટ, 800' કાર્પેટ સ્ટેશન - દેરાસર નજીક, લીફ્ટ - કાર પાર્કિંગ સાથે. 2.75 Cr ભરત શાહ - 9820280034. (૨૬૭)**

**KALPATARU VIENTA**

**અશોક નગર, કાંદીવલી (ઈસ્ટ) BUY-SALE-RENT 2/ 3/ 4 BHK, Full Amenities, Lock in Key with OC, (સૌથી જુના Experts Broker) Bijendra Kewat:. 9869209916- 8850411559. (જેપી/ ૪૯૮૯-એ)**

**સબસે સસ્તા**

**KALPATARU VIENTA 3BHK, ફક્ત 3.90 કરોડ (PACKAGE) VINAYAK ESTATE AGENCY 9869209916 - 7715916818. (જેપી/૪૯૮૯-સી)**

**કાંદીવલી (વેસ્ટ)**

2- 3 BHK લેવા/ વેચવા 1.65 થી 3.50 કરોડ 7498921336. (જેપી/૪૯૮૯-બી)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૭૨૭-એ)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**

૨ બેડરૂમ હોલ-કિચન 3.05 CR++ | ૩ બેડરૂમ હોલ-કિચન ૪.૪૮ CR++

રેડી પજેશન-OC Received

● સારૂ પ્લાનીંગ,
● પાર્કિંગની સારી સુવિધા છે
એરપોર્ટ, સ્કુલ, કોલેજ, દેરાસર અને મંદિર નજીક

98212 28907/98332 42388

(બી-૧૫૯૦૩)

**જુહુ સ્કીમ**

**10th રોડ, 1200' 3 બેડરૂમ, 7.5 CR સંપર્ક: સાયલા એસ્ટેટ -7669053318. (બી-૧૫૯૧૯)**

**જુહુ સ્કીમ**

**10th રોડ, 4 બેડરૂમ, 2400' 12.00 CR. સંપર્ક: સાયલા એસ્ટેટ - 7669053318. (બી-૧૫૯૨૦)**

(જુઓ પાનું ૧૦) ▶▶

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગંગાજ | શિખર |
| ગંગાઈ | સેળભેળ કરેલું |
| ગંગાજમની | પતિના મૃત્યુ બાદ પત્ની |
| ગંગાકૂટ | પિતામહ |
| ગંગાસ્વરૂપ | વાચાળ પક્ષી |

## ઓળખાણ પડી?

સૌથી નાની ઉંમરે હેવીવેટ બોક્સિંગમાં વિજેતાપદ મેળવનાર અમેરિકન બોક્સરની ઓળખાણ પડી? તેણે ફિલ્મોમાં પણ કામ કર્યું હતું.

અ) મોહમ્મદ અલી
બ) માર્વિન હેગલર
ક) લેરી હોમ્સ
ડ) માઈક ટાયસન



## ગુજરાત મોરી મોરી રે

હલવાસન, અકીકના ઘરેણાં તેમજ રેશમ અને છીંટ માટે ગુજરાતનું કયું શહેર પ્રખ્યાત છે એ જણાવો. માર્કો પોલોના વર્ણનમાં પણ એનો ઉલ્લેખ છે.

અ) નડિયાદ બ) ખંભાત ક) વલ્લભીપુર ડ) ધોરાજી

## જાણવા જેવું

ભૂમિતિ ગણિતની એક શાખા છે જેમાં ભૌમિતિક આકૃતિઓના આકાર, કદ અને સ્થિતિનો અભ્યાસ કરવામાં આવે છે. વળી આકાર, ખૂણા અને અંતર એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલા છે તેનો અભ્યાસ પણ કરવામાં આવે છે. સમતલ પરની ભૌમિતિક આકૃતિઓમાં ત્રિકોણ, લંબચોરસ, વર્તુળ વગેરે તથા ઘન ભૌમિતિક આકારોમાં સમઘન, લંબઘન અને ગોલક વગેરેનો સમાવેશ થાય છે.

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

ચાર પૈડાંથી ચાલતી મોટર કાર ૧૯મી સદીના અંતમાં ભારતમાં આવી. કાર ધરાવનારા પ્રથમ ભારતીય કોણ હતા એ વિકલ્પમાંથી શોધી શકશો?

અ) જે. સી. બોઝ
બ) જમશેદજી ટાટા
ક) ઘનશ્યામદાસ બિરલા
ડ) જગદીશ મહેતા

## નોંધી રાખો

સાગરના મોતી શોધવા સહેલા છે, પણ માણસના મન પારખવા બહુ અઘરા છે. અઘરી પરીક્ષામાં પાસ થાઓ તો જીવન સરળ બની જાય છે.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓને ધ્યાનથી જુઓ: ૩૬, ૩૪, ૩૦, ૨૮, ૨૪... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૨૪ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૬ બ) ૨૨
ક) ૨૫ ડ) ૨૦

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ખા | ૨ વ | ૩ તી | ■ | ૪ મ | ળ | ૫ તા | વ | ૬ ડા |
| ર | ■ | ૭ ર | ખો | ૮ પા | ■ | ■ | વ | ■ | ક |
| ૯ હ | ર | સ | ■ | ૧૦ ર | ટ | ણ | ■ | ૧૧ મ | ણ |
| દી | ■ | ■ | ૧૨ ચા | દ | ■ | ■ | ૧૩ ગ | જા | ■ |
| ■ | ૧૪ પ્રિ | ય | દ | ર્શિ | ની | ■ | વ | ■ | ૧૫ અં |
| ૧૬ ક | વિ | ■ | ૧૭ ગા | તા | ■ | ૧૮ જ | ન | ૧૯ મ | ત |
| રૂ | ■ | ૨૦ વ | ર | ■ | ૨૧ બ | સ | ■ | ૨૨ હા | રિ |
| ૨૩ ર | જ | સ | ■ | ૨૪ આ | દ | ત | ■ | ૨૫ લ | ક્ષ |
| વા | ■ | ૨૬ વ | તી | ■ | દુ | ■ | ૨૭ વ | ■ | ■ |
| ૨૮ દી | લા | સો | ■ | ૨૯ અ | વા | ર | ન | વા | ર |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | | ■ | | ■ |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | ■ | ૧૨ |
| ૧૩ | | ■ | ૧૪ | | | ■ | | ■ | |
| ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | | |
| ૧૯ | | | ■ | ૨૦ | ■ | | ■ | ■ | |
| | ■ | ■ | ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | |
| ૨૫ | | | ■ | ૨૬ | | | ■ | | ■ |
| | ■ | ■ | ૨૭ | ■ | | ■ | ૨૮ | | ૨૯ |
| ૩૦ | | | | ■ | ૩૧ | | | | |

**આડી ચાવી**

૧. બીજા રૂપમાં મૂકાયેલું (૫)
૪. બળવાન (૪)
૬. --- થવી એટલે હારી જવું (૨)
૭. સાથ (૨)
૮. ઘોડાને --- લગાવવી પડે (૩)
૧૦. ખાણમાંથી મળતાં દ્રવ્યો (૨)
૧૩. સાથે નિયમ પણ પાળવા પડે (૨)
૧૪. એક કચ્છી વ્યંજન (૩)
૧૫. રોગો (અં.) (૩)
૧૭. શરીર, કાયા (૫)
૧૯. દરિયો, પયોનિધિ (૩)
૨૧. હામ (૩)
૨૩. --- વઘર એટલે ચીંથરેહાલ (૩)
૨૫. રામ-લક્ષ્મણ-સીતાએ વનમાં પહેર્યાં (૩)
૨૬. ઘોર, મજાર (૩)
૨૮. એક ઋતુ (૩)
૩૦. ઉંડાણભરી (૪)
૩૧. ફાયદો કરાવે એવી (૫)

**ઊભી ચાવી**

૧. હોસ્પિટલ, દવાખાનું (૪)
૨. બધું જ, સઘળું (૩)
૩. પદ્ધતિ, (૨) (જો.છૂ.)
૪. દીવાની વાટ (૨)
૫. કોઇપણ વિષયનું પદ્ધતિસર જ્ઞાન આપતો ગ્રંથ (૨)
૭. સમતોલ (૪)
૯. ગામડાનો રહેવાસી (૪)
૧૦. --- ચડી પતંગ ઉડાવવાની મજા આવે (૨)
૧૧. દારૂ, મદ્ય (૩)
૧૨. ઉત્થાન કરનાર (૫)
૧૪. ચીડ, કંટાળો, ગુસ્સો (૨)
૧૬. --- રીતે એટલે સરળતાથી(૨) (જો.છૂ.)
૧૮. પહાડમાંથી નીકળી સમુદ્રને મળે (૨)
૧૯. પરાવર્તન પામેલું (૫)
૨૦. ચમકારો, આશ્ચર્ય, તાજુબી (૩)
૨૨. ઘોડો ચાલે (૪)
૨૪. ઘા ભેગા --- (૪)
૨૭. દૂર---એટલે જોનારું (૨)
૨૮. બંગાળનો મુખ્ય પાક (૨)
૨૯. ચાદર, શેત્રંજી (૨)

## સુડોકુ-૮૦૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૨ | | ૯ | | ૬ | |
| | | | ૮ | | ૭ | | | |
| ૮ | | ૬ | ૧ | | ૩ | ૪ | | ૯ |
| ૯ | | ૨ | | | | ૫ | | ૪ |
| | | | | ૯ | | | | |
| ૩ | | ૫ | | | | ૬ | | ૭ |
| ૨ | | ૩ | ૫ | | ૬ | ૭ | | ૧ |
| | | | ૭ | | ૪ | | | |
| | ૬ | | ૯ | | ૧ | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૭ | ૨ |
| ૫ | ૭ | ૩ | ૧ | ૨ | ૯ | ૪ | ૮ | ૬ |
| ૯ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૭ | ૧ | ૨ | ૮ | ૯ | ૩ | ૬ | ૪ | ૫ |
| ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૬ | ૨ | ૧ | ૭ |
| ૬ | ૫ | ૪ | ૨ | ૭ | ૧ | ૩ | ૯ | ૮ |
| ૪ | ૬ | ૧ | ૩ | ૫ | ૮ | ૭ | ૨ | ૯ |
| ૨ | ૮ | ૫ | ૯ | ૪ | ૭ | ૧ | ૬ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૬ | ૧ | ૨ | ૮ | ૫ | ૪ |

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| આખર | છેવટે |
| આખેટ | શિકાર |
| આરવ | ધ્વનિ |
| આસવ | અર્ક |
| આતશ | અગ્નિ |

ગુજરાત મોરી મોરી રે: ૧૯૭૪

ઓળખાણ પડી: ઈન્ડોનેશિયા

માઈન્ડ ગેમ: ૨,૭૩,૦૦,૦૦૦

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: બોમ્બે

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) નુતન વિપીન (૨૦) પુષ્પા પટેલ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મહેશ દોશી (૨૪) વિણા સંપટ (૨૫) અલકા વાણી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) દિપીકા દોશી (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) નિતિન બજરિયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ધીરેન ઉદેશી (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૬) અરવિંદ કામદાર




# ૫૦મી મૅચમાં નંબર-વન મુંબઈનો ૧૦૦ અને ૨૦૦ના આંકડાનો જાદુ

## પહેલી વાર ચાર બૅટ્સમેનના ૪૦-પ્લસ રોહિત અને સૂર્યકુમારના પણ વિક્રમ

જયપુરઃ હાર્દિક પંડ્યાની કેપ્ટન્સીમાં મુંબઈ ઈન્ડિયન્સએ ગુરુવારે વિજયી સિક્સર' મારીને રાજસ્થાન રૉયલ્સને સ્પર્ધાની બહાર કરી દીધી એ સાથે એમઆઈએ આ મૅચ દ્વારા અનેક વિક્રમો પણ રચ્યા હતા. ચેન્નઈ અને રાજસ્થાનની ટીમ હવે પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ છે. મુંબઈ હવે (૧૪ પોઇન્ટ, +૧.૨૭૪નો રનરેટ) નંબર વન અને બેંગલૂરુ (૧૪ પોઇન્ટ, +૦.૫૨૧નો રનરેટ) નંબર ટૂ છે.

### ૧૦૦ રનથી શાનદાર વિજય

આઈપીએલની વર્તમાન સીઝનની આ ૫૦મી મૅચ હતી જેમાં મુંબઈએ ૧૦૦ રનથી જીત મેળવી હતી. બેટિંગ મળ્યા પછી મુંબઈએ ૨૦ ઓવરમાં બે વિકેટે ૨૧૭ રન કર્યા ત્યાર બાદ રાજસ્થાનની ટીમ ૧૬.૧ ઓવરમાં ૧૧૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. મુંબઈએ રાજસ્થાનની પહેલી પાંચ વિકેટ ફક્ત ૨૯ રનમાં મેળવી હતી. ટ્રેન્ટ બૉલ્ટ અને કર્ણ શર્માએ ત્રણ-ત્રણ વિકેટ, જસપ્રીત બુમરાહે બે વિકેટ તેમ જ હાર્દિક અને દીપક ચાહરે એક-એક વિકેટ લીધી હતી. મુંબઈની ઇનિંગ્સમાં ૩૮ બૉલમાં ત્રણ સિક્સર અને સાત ફોરની મદદથી ૬૧ રન કરનાર વિકેટકીપર-બૅટ્સમૅન રાયન રિકલ્ટનને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

### ત્રીજી વાર ૧૦૦ રનના માર્જિનથી જીત

આઈપીએલના ઇતિહાસમાં મુંબઈએ ત્રીજી વખત ૧૦૦ કે વધુ રનના માર્જિનથી વિજય મેળવ્યો છે. માત્ર બેંગ્લૂરુની ટીમ એનાથી આગળ છે. બેંગલૂરુએ ચાર વખત આ સિદ્ધિ મેળવી છે.

### મુંબઈએ ૧૭મી વખત ૨૦૦-પ્લસનો ટાર્ગેટ ડિફેન્ડ કર્યો

આઈપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સે સતત ૧૭મી વખત ૨૦૦ પ્લસનો પોતાનો સ્કોર ડિફેન્ડ કર્યો છે. ગુરુવારે મુંબઈએ ૨૧૭ રન કર્યા પછી રાજસ્થાનને ૧૧૭ રનના સ્કોર પર ઑલઆઉટ કરી દીધું હતું.

### ચાર બૅટ્સમેનના ૪૦-પ્લસ રન, પહેલી વાર બન્યું

આઈપીએલની કોઈ એક મૅચમાં એક ટીમની ઇનિંગ્સમાં ચાર બૅટ્સમેને ૪૦-પ્લસ રન કર્યા હોય એવું આ વખતની સીઝનમાં પ્રથમ વખત બન્યું છે. કોઈ એક ટીમની ઇનિંગ્સમાં ટૉપ-ઑર્ડરના ચાર બૅટ્સમેને ૪૦-પ્લસ રન કર્યા હોય એવું બીજી જ વાર બન્યું છે. ગુરુવારે ઓપનર્સ રાયન રિકલ્ટન (૬૧ રન, ૩૮ બૉલ, ૩ સિક્સર, ૭ ફોર) અને રોહિત શર્મા (૫૩ રન, ૩૬ બૉલ, ૯ ફોર) વચ્ચે ૧૧૬



રનની ભાગીદારી થઈ હતી. ત્યાર પછીના બીજા બે હાફ સેન્ચુરિયનો સૂર્યકુમાર યાદવ (૪૮ અણનમ, ૨૩ બૉલ, ૩ સિક્સર, ૪ ફોર) અને હાર્દિક પંડ્યા (૪૮ અણનમ, ૨૩ બૉલ,૧ સિક્સર, ૬ ફોર) વચ્ચે ૯૪ રનની અતૂટ પાર્ટનરશિપ થઈ હતી. અગાઉ આવું ૨૦૧૧માં રાજસ્થાન સામે ચેન્નઈની ઇનિંગ્સમાં બન્યું. ત્યારે ચેન્નઈના માઈક હસી (૪૬ રન), મુરલી વિજય (૫૩ રન), સુરેશ રૈના (૪૩ રન) અને એમએસ ધોની (૪૧ અણનમ)ના ૪૦-પ્લસ રન હતા.

### મુંબઈ ચાર વર્ષમાં પહેલી વાર નંબર-વન

મુંબઈની ટીમ આઇપીએલના પોઇન્ટ્સ ટેબલમાં નંબર-વન થઈ હોય એવું ચાર વર્ષે બન્યું છે. આ પહેલાં મુંબઈની ટીમ ૨૦૨૧ની ૧૭મી એપ્રિલે નંબર-વન થઈ હતી. ગુરુવારે રાજસ્થાનની ટીમ એના બીજા નંબરના સૌથી ઊંચા માર્જિન (૧૦૦ રન)થી હારી હતી. રાજસ્થાનની સૌથી ખરાબ હાર ૨૦૨૩માં બેંગલૂરુ સામે (૧૧૨ રનથી) થઈ હતી.

### ૧૩ વર્ષે જયપુરમાં જયજયકાર

આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સનો જયપુરમાં વિજય થયો હોય એવું ૧૩ વર્ષે બન્યું છે. છેલ્લે મુંબઈની ટીમ ૨૦૧૨માં જયપુરમાં રાજસ્થાન સામે જીતી ત્યાર બાદ (૨૦૧૩-૨૦૨૪ દરમ્યાન) લાગલગાટ ચાર મૅચમાં મુંબઈનો પરાજય થયો હતો.

### સૂર્યકુમારનો અનોખો વિક્રમ

આ વખતની સીઝનમાં સૂર્યકુમારે સતત ૧૧ વખત ૨૫-પ્લસ રન કર્યા છે. તેણે રૉબિન ઉથપ્પા (૨૦૧૪ની સીઝનમાં સતત દસ વાર ૨૫-પ્લસ રન)નો વિક્રમ તોડી નાખ્યો છે.

### રોહિત શર્મા થયો કોહલીની બરાબરીમાં

ટી-૨૦ ફૉર્મેટમાં એક જ ટીમ વતી ૬,૦૦૦-પ્લસ રન કરનાર રોહિત શર્મા હવે વિરાટ કોહલી પછીનો બીજો ખેલાડી બન્યો છે. મુંબઈ ઇન્ડિયન્સ વતી રોહિતએ કુલ ૬,૦૨૪ રન કર્યા છે. બેંગલૂરુ (આરસીબી)ની ટીમ વતી કોહલીએ ૮,૮૭૧ રન બનાવ્યા છે. આ બંને દિગ્ગજ સિવાય બીજા કોઈ પણ ખેલાડીના નામે ટી-૨૦માં એક જ ટીમ વતી ૪,૦૦૦ રન પણ નથી. ■

# ગુજરાત ૩૮ રનથી જીત્યું, હૈદરાબાદ ઑલમોસ્ટ આઉટ

## ઑરેન્જ અને પર્પલ, બન્ને કૅપ ગુજરાતના ખેલાડીઓ પાસેઃ જીટી બીજા નંબરે

અમદાવાદઃ ગુજરાત ટાઇટન્સ (જીટી)એ ગઈકાલે અહીં સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ને ૩૮ રનથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં બીજું સ્થાન મેળવ્યું હતું અને અમદાવાદના હોમ-ગ્રાઉન્ડ પર ટીમનું ગૌરવ જાળવ્યું હતું. ગુજરાતે છ વિકેટે ૨૨૪ રન કર્યા બાદ હૈદરાબાદની ટીમે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૬ રન કર્યા હતા.

અભિષેક શર્મા (૭૪ રન, ૪૧ બૉલ, છ સિક્સર, ચાર ફોર) હૈદરાબાદને દમદાર પર્ફોર્મન્સ છતાં રોમાંચક વિજય અપાવવામાં નિષ્ફળ રહ્યો હતો. ઇશાંત શર્માની ત્રીજી ઓવરના છેલ્લા બૉલમાં મોહમ્મદ સિરાજે લાંબુ દોડ્યા બાદ અભિષેકનો નીચો કૅચ ઝીલ્યો હતો. સિરાજે બે બૉલમાં અનિકેત વર્મા અને મેન્ડિસની વિકેટ લીધી હતી. સૌથી વધુ રન બદલ ઑરેન્જ કૅપ ગુજરાતના સાઇ સુદર્શન (૫૦૪ રન) અને હાઇએસ્ટ વિકેટ બદલ પર્પલ કૅપ ગુજરાતના જ પ્રસિદ્ધ ક્રિષ્ના (૧૯ વિકેટ) પાસે છે. તેણે આ મૅચમાં ૧૯ રનમાં બે વિકેટ લીધી હતી. એ પહેલાં, સાઇ સુદર્શન (૪૮ રન, ૨૩ બૉલ, નવ ફોર) અને કૅપ્ટન શુભમન ગિલ (૭૬ રન, ૩૮ બૉલ, બે સિક્સર, દસ ફોર) વચ્ચે ૮૭ રનની ભાગીદારી, ગિલ અને જૉસ બટલર (૬૪ રન, ૩૭ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ૬૨ રનની અને બટલર તથા વૉશિંગ્ટન સુંદર (૨૧ રન, ૧૬ બૉલ, એક સિક્સર) વચ્ચે પંચાવન રનની પાર્ટનરશિપ થઈ હતી. ■

# ભારતની પાકિસ્તાન પર ડિજિટલ સ્ટ્રાઇક ચાલુ જ છે

## ચાર પાકિસ્તાની ક્રિકેટરોના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક કરાયા

નવી દિલ્હીઃ બાવીસમી એપ્રિલે કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓના હિન્દુ લોકો પરના હુમલામાં ૨૮ જણના જાન ગયા એને પગલે પાકિસ્તાન સામે ભારત સરકાર જબરદસ્ત ઍક્શન-મોડમાં છે અને લગભગ દરરોજ પાકિસ્તાનને ઝટકા લગાવવામાં આવી રહ્યા છે. હાલમાં ભારત સરકાર પાકિસ્તાનના એવા ખેલાડીઓના સોશિયલ મીડિયા અકાઉન્ટની વિરુદ્ધ ઍક્શન લઈ રહી છે જેમના ભારતમાં બહુ મોટી સંખ્યામાં ફૉલોઅર્સ છે.

બાબર આઝમ, હૅરિસ રઉફ, મોહમ્મદ રિઝવાન, શાહિન શાહ આફ્રિદીના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક કરી નાખવામાં આવ્યા છે. દુશ્મનદેશ પાકિસ્તાનના આ ખેલાડીઓના ભારતમાં ઇન્સ્ટા અકાઉન્ટ ખોલવાનો પ્રયાસ કરી રહેલા લોકોને આ સંદેશ મળી રહ્યો છે, 'ભારતમાં આ અકાઉન્ટ ઉપલબ્ધ નથી. કાનૂની અનુરોધ અનુસાર આ નિર્ણય લેવામાં આવ્યો છે.'

ભારતમાં ખાસ કરીને શોએબ અખ્તર, બાસિત અલી તેમ જ શાહિદ આફ્રિદીના યુટ્યૂબ અકાઉન્ટ ભારતમાં બંધ કરી દેવામાં આવ્યાં છે. જોકે શાહિદ આફ્રિદીનું ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ હજી પણ ઉપલબ્ધ હોવાનું જાણવા મળ્યું છે. ભાલાફેંકના ઑલિમ્પિક ચૅમ્પિયન ખેલાડી અર્શદ નદીમનું ઇન્સ્ટા અકાઉન્ટ પણ ભારતમાં બ્લૉક કરી દેવાયું છે. ■

# પૃથ્વી શોએ 'ગર્લફ્રેન્ડ' સાથે સેલિબ્રેટ કર્યો બર્થ-ડે, કોણ છે આ મિસ્ટ્રી ગર્લ?

મુંબઈઃ ભારતીય ક્રિકેટરોનો દબદબો હંમેશાં ચાહકોમાં છવાયેલો રહે છે. એક વાર લાઈમલાઈટમાં આવ્યા પછી સદાકાળ લોકોના દિલોદિમાગમાં રહે છે. તાજેતરમાં 'ગબ્બર' તરીકે જાણીતા શિખર ધવને છૂટાછેડા આપ્યા પછી ગર્લફ્રેન્ડ (સૉફી શાઇન) અંગે ફોડ પાડ્યો છે ત્યારે હવે વધુ એક ભારતીય ક્રિકેટરે જાહેરમાં ગર્લફ્રેન્ડનો બર્થ-ડે સેલિબ્રેટ કરીને ચર્ચામાં આવ્યો છે. ઓપનર બૅટ્સમૅન પૃથ્વી શોનું નામ તાજેતરમાં એક અભિનેત્રી સાથે જોડવામાં આવી રહ્યું છે. મુંબઈની રેસ્ટોરામાં અભિનેત્રી સાથે તેનો બર્થ-ડે સેલિબ્રેટ કર્યો હતો, જ્યારે તેની તસવીરો પણ શૅર કરી હતી.

પૃથ્વી શો અત્યારે ક્રિકેટની દુનિયાથી દૂર છે. એટલે આ વખતે આઈપીએલનો



ભાગ બન્યો નથી. જોકે, પૃથ્વી શોને આઈપીએલ ૨૦૨૫ના મેગા ઓક્શનમાં કોઈ પણ ફ્રેન્ચાઇઝીએ નહોતો ખરીદ્યો. આઈપીએલથી દૂર રહ્યા પછી પૃથ્વી શો તેની ગર્લફ્રેન્ડ સાથે બર્થ-ડે સેલિબ્રેટ કરીને ચર્ચામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં એક રેસ્ટોરાંની બહાર પૃથ્વી શો જોવા મળ્યો હતો અને તેની સાથે હતી આકૃતિ અગ્રવાલ. આકૃતિ અગ્રવાલ એક મૉડેલ, ફૅશન ઈન્ફ્લુઅન્સર અને કન્ટેન્ટ ક્રિયેટર છે. મીડિયાના રિપોર્ટસ અનુસાર બંને એકબીજાને લાંબા સમયથી ડેટ કરે છે.

પૃથ્વી શોએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આકૃતિ અગ્રવાલનો ફોટો શેર કરીને બર્થ-ડે વિશ કરી હતી સાથે લખ્યું હતું કે 'હેપ્પી બર્થડે આકૃતિ અગ્રવાલ.' હાર્ટના ઈમોજી સાથે તસવીર પણ સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહી છે. લખનઉમાં જન્મેલી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર તરીકે જાણીતી આકૃતિ અગ્રવાલની આગામી ડેબ્યૂ ફિલ્મ 'ત્રિમુખા' હશે. ■

# કેરળમાં શ્રીસાન્ત પર ત્રણ વર્ષનો પ્રતિબંધ



નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ પેસ બોલર અને આઇપીએલમાં રાજસ્થાન રૉયલ્સ, ગુજરાત જાયન્ટ્સ, કોચી ટસ્કર્સ અને કિંગ્સ ઇલેવન પંજાબ વતી રમી ચૂકેલા શાંતાકુમારન શ્રીસાન્ત (એસ. શ્રીસાન્ત) પર કેરળમાં ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ મામલો તાજેતરની વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતીય સ્ક્વૉડમાં સંજુ સૅમસનનો સમાવેશ ન કરવા સંબંધિત છે. ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકનાર કેરળ ક્રિકેટ ઍસોસિયેશન (કેસીએ)નું કહેવું છે કે શ્રીસાન્તે ક્રિકેટ બોર્ડ પર ઉપજાવી કાઢેલા અને અપમાનજનક આરોપ મૂક્યા હતા. શ્રીસાન્ત હાલમાં કેરળ ક્રિકેટ લીગ (કેસીએલ)માં કોલ્લમ એરીઝ ટીમનો સહ-માલિક છે.

ટીવી પરની ચર્ચા દરમ્યાન શ્રીસાન્તે સૅમસન અને અન્ય ક્રિકેટરોને પૂરો ટેકો આપવાનું વચન આપ્યું હતું તેમ જ સાથોસાથ તેણે કેસીએની વિરુદ્ધમાં આરોપ પણ લગાવ્યા હતા. શ્રીસાન્તે વિવાદાસ્પદ ટિપ્પણી એ કરી કે કેરળ ક્રિકેટ ઍસોસિયેશને વિજય હઝારે ટ્રોફીની સ્ક્વૉડમાંથી સૅમસનને બહાર રાખ્યો હતો. ■

## ગુજરાત

# ગુજરાતમાં આજથી છ દિવસ માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને ૩ મેથી ૮ મે ૨૦૨૫ દરમિયાન દરમ્યાન રાજ્યના અનેક જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા કચ્છ, બનાસકાંઠા, અમરેલી, ભાવનગર, વડોદરા, રાજકોટ સહિતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની આગાહી કરવામાં આવી હતી. તે ઉપરાંત ભારે પવન ફૂંકાઇ શકે છે.

હવામાન વિભાગ ૩થી ૮ મે સુધીની આગાહી મુજબ, ૩ મે ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં કમોસમી વરસાદની શક્યતા છે. તેમજ ભારે પવનો સાથે મેઘગર્જનાની સંભાવના છે.

ચોથી મે ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં છૂટોછવાયો હળવાથી મધ્યમ વરસાદ થઇ શકે છે. તેમજ ભારે પવનો સાથે માવઠાની શક્યતા છે.

પાંચમી મે ૨૦૨૫ના રોજ કચ્છ, મોરબી, પાટણ, અમરેલી, ભાવનગર, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થઇ શકે છે. તેમજ ભારે પવન સાથે કમોસમી વરસાદ ખાબકી શકે.

છઠ્ઠી મે ૨૦૨૫ના રોજ દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, દાહોદ, વડોદરા, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લામાં અમુક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થઇ શકે છે.

સાતમી મે ૨૦૨૫ના રોજ કચ્છના મોટાભાગનાં સ્થળો તેમજ બનાસકાંઠા, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, તાપી,નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં ક્યાંક ક્યાંક હળવાથી મધ્યમ વરસાદ જ્યારે ૮ મે ૨૦૨૫ના રોજ કચ્છના મોટાભાગના સ્થળો ઉપરાંત મોરબી, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, ભરૂચ, પાટણ, બનાસકાંઠા જિલ્લામાં છૂટોછવાયો કમોસમી વરસાદ ખાબકી શકે છે. ■

# વડોદરામાં મુખ્ય પ્રધાનના કાર્યક્રમમાં હોબાળો

## હરણી બોટકાંડમાં દીકરી ગુમાવનારી માતાને ધક્કા મારી બહાર કઢાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વડોદરાની મુલાકાતે હતા. આ દરમિયાન એક કાર્યક્રમમાં હોબાળો થયો હતો. મુખ્ય પ્રધાન કાર્યક્રમમાં પોતાનું ભાષણ આપી રહ્યા હતા ત્યાં અચાનક જ હરણી બોટકાંડની બે મહિલા બોલવા માંડી હતી કે દોઢ વર્ષથી મળવા માગીએ છીએ, કોઇ મળવા દેતું નથી. જે બાદ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, બેન, તમે સ્પેશિયલ એજન્ડાથી આવ્યાં છો. તો અત્યારે બેસી જાઓ, મને મળો શાંતિથી. તમે અત્યારે બેસી જાઓ, મને મળીને જજો. આ બાજુ જુઓ તમે. એની પર ધ્યાન ના આપશો, તે સ્પેશિયલ એજન્ડાથી આવ્યાં છે, એટલે તેની પર ધ્યાન આપવાની જરૂર નથી. મને મળીને જ જજો. સોમવારે આવી જાવ, આજે પણ હું મળીશ. બાદમાં મુખ્ય પ્રધાનનું ભાષણ પૂર્ણ થતાં બંને મહિલા ફરી ઊભી થઈ હતી અને રજૂઆતનો પ્રયાસ કરતાં પોલીસ બંને મહિલા સંધ્યા નિઝામા અને સરલા શિંદેને બળજબરીથી પકડીને બહાર લઈ ગઈ હતી. બાદમાં મુખ્ય પ્રધાને બંને મહિલાને મળવા બોલાવી હતી. બંને મહિલાના પતિ પંકજ શિંદે અને કલ્પેશ નિઝામાને પોલીસે ડિટેઇન કર્યા હતા.

મળતી વિગત મુજબ સંબોધનપૂર્ણ થયા બાદ ભૂપેન્દ્ર પટેલે બંને મહિલાને મળવા બોલાવી હતી. બંને મહિલાના પતિ પંકજ શિંદે અને કલ્પેશ નિઝામાને પોલીસે ડિટેઇન કર્યા હતા અને બંને મહિલા ઓડિટોરિયમ રૂમમાં બંધ હતી. ત્યારબાદ બંને મહિલા અને તેમના પતિને ક્રાઇમ બ્રાન્ચ લઈ જવાયાં હતાં, જ્યાં તેમને કોઈના કહેવાથી વિરોધ કર્યો છે કે કેમ તે જાણવા માટે તેમની પૂછપરછ કરાઈ હતી. જોકે, ૩.૩૦ કલાક સુધી પૂછપરછ બાદ પોલીસે તેમને મુક્ત કર્યા હતા.

આ સમગ્ર મામલે કલ્પેશ નિઝામાએ જણાવ્યું હતું કે, મારા પત્નીને ડિટેઇન કરવામાં આવ્યાં હતાં. ■

# ગુજરાત હાઇ કોર્ટમાં સાત નવા જસ્ટિસની નિમણૂક

## કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલયે જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારે ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે ૭ ન્યાયિક અધિકારીઓની નિમણૂકને મંજૂરી આપી હતી. સોશિયલ મીડિયામાં એક પોસ્ટમાં કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે જાહેરાત કરી હતી કે, રાષ્ટ્રપતિએ ન્યાયિક અધિકારીઓ લિયાકત હુસૈન શમસુદ્દીન પીરઝાદા, રામચંદ્ર ઠાકુરદાસ વાછાણી, જયેશ લખનશીભાઈ ઓડેદરા, પ્રણવ મહેશભાઈ રાવલ, મૂળચંદ ત્યાગી, દિપક મનસુખલાલ વ્યાસ અને ઉત્કર્ષભાઈ ઠાકોરને ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિયુક્ત કર્યા છે. આ સાથે જ હાઈકોર્ટમાં જજની સંખ્યા ૩૮ની થઈ છે.

ભારતના બંધારણની કલમ ૨૧૭ની કલમ (૧) દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, રાષ્ટ્રપતિ (૧) લિયાકત હુસૈનન શમસુદ્દીન પીરઝાદા, (૨) રામચંદ્ર ઠાકુરદાસ વાછાણી, (૩) જયેશ લખનશીભાઈ ઓડેદરા, (૪) પ્રણવ મહેશભાઈ રાવલ, (૫) મૂળચંદ ત્યાગી, (૬) દિપક મનસુખલાલ વ્યાસ અને (૭) ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈને ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવા માટે મજૂરી આપી હતી. જે તારીખથી તેઓ તેમના સંબંધિત કાર્યાલયનો ચાર્જ સંભાળશે તે તારીખથી અમલમાં આવશે. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરાયેલા એક જાહેરનામામાં જણાવાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ, ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાના નેતૃત્વ હેઠળ સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ૮ ન્યાયિક અધિકારીઓને ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી.■

# પાટણમાંથી બે બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ, એકે તો પરિણીત હોવા છતાં બીજાં લગ્ન કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ જિલ્લામાંથી બે બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ કરવામાં આવી હતી. આ બે બાંગ્લાદેશી મહિલાઓએ ગેરકાયદે ભારતમાં પ્રવેશ કર્યો અને બોગસ દસ્તાવેજો બનાવીને આધાર કાર્ડ પણ બનાવી લીધું હતું. પાટણ એસપી વીકે નાઈએ જણાવ્યું હતું કે, આ બે મહિલાઓની ઓળખ સુલતાના (૩૨ વર્ષ) અને બ્યૂટી બેગમ રિયા શાહ (૩૭ વર્ષ) રૂપે થઈ હતી અને તેમની સામે કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. આ બન્ને મહિલાઓ ૨૦૨૨માં ગેરકાયદે ભારતમાં આવી અને ઓળખ છુપાવીને પાટણમાં રહેતી હતી. એટલું જ નહીં પરંતુ બન્નેને પાટણની એક હોટલમાં નોકરી પણ મળી ગઈ હતી.

સુલતાનાએ તો ગુજરાતમાં બે વખત લગ્ન પણ કર્યાં હતા. જો કે, આ બાંગ્લાદેશમાં પણ તેના લગ્ન થયેલા છે અને તે પોતે ચાર બાળકોની માતા પણ છે. આ બન્ને બાંગ્લાદેશી મહિલાઓએ બોગસ દસ્તાવેજોના આધારે આધાર કાર્ડ બનાવ્યાં હતાં. આ બન્ને માહિલાઓ કોલકાતાના એક એજન્ટ દ્વારા બાંગ્લાદેશમાં પોતાના પરિવારને રૂપિયા પણ મોકલતી હતી. સુલતાનાએ કબૂલાત કરી છે કે તે બિહારના રહેવાસી મોહમ્મદ અલીની મદદથી ભારતમાં પ્રવેશવામાં સફળ રહી હતી. તેણે સુરતમાં પોતાનું આધાર કાર્ડ અને પાન કાર્ડ બનાવડાવ્યું અને ત્યાંથી બીજા લગ્નનું પ્રમાણપત્ર પણ મેળવ્યું હતું. પોલીસે તેના બાંગ્લાદેશી પાસપોર્ટ અને ઓળખપત્રને જપ્ત કરી લીધા હતા.

બીજી બાંગ્લાદેશી મહિલા બ્યુટી બેગમની વાત કરવામાં આવે તો તેણે અમદાવાદના દાણીલીમડા વિસ્તારના સરનામાનો ઉપયોગ કરીને પોતાનું આધાર કાર્ડ બનાવડાવ્યું હતું. દસ્તાવેજોની ચકાસણી દરમિયાન, તેની પાસેથી એક જન્મ પ્રમાણપત્ર મળી આવ્યું હતું. જેથી બ્યુટી બેગમ બાંગ્લાદેશી નાગરિક હોવાનું સાબિત થયું હતું. પહલગામ આતંકવાદી હુમલા પછી ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકો સામે શરૂ કરાયેલી ખાસ ઝુંબેશમાં પાટણ પોલીસે શહેરમાં ૩૨ શંકાસ્પદોની ઓળખ કરી હતી અને તેમને દસ્તાવેજ ચકાસણી માટે પોલીસ સ્ટેશન બોલાવ્યા હતા. આ પ્રક્રિયામાં સુલતાના અને બ્યુટી બેગમ બાંગ્લાદેશી નાગરિક હોવાનું સાબિત થયું હતું. ■

# અમદાવાદથી ભાગીને વડોદરા આવેલા ૩૪ બાંગ્લાદેશીઓને પોલીસે ઝડપી પાડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ચંડોળા તળાવ વિસ્તારમાં પોલીસ દ્વારા મોટી સઘન તપાસ કરવામાં આવી હતી. જેના કારણે અનેક બાંગ્લાદેશીઓ ત્યાંથી ભાગી ગયાં હતાં. તપાસ દરમિયાન ચંડોળાથી ભાગી ગયેલા ૩૪ શંકાસ્પદ બાંગ્લાદેશીઓને વડોદરા જિલ્લા પોલીસે ઝડપીને આગળની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. પોલીસે ૬ પુરુષો, ૯ મહિલાઓ તેમજ ૧૯ બાળકો મળી કુલ ૩૦ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી લીધી છે. આ લોકો પાસેથી પોલીસે દસ્તાવેજોની માગણી કરી હતી પરંતુ યોગ્ય દસ્તાવેજો મળ્યા ન હતાં. પોલીસે વધારે તપાસ કરી ત્યારે સામે આવ્યું હતુ કે, અમદાવાદમાં ચંડોળા તળાવ વિસ્તારમાં પોલીસ અને અમદાવાદ મનપા દ્વારા ડિમોલિશનની કાર્યવાહી થતા ત્યાંથી ભાગીને વડોદરા આવી ગયા હતા. આ લોકોએ કોને ત્યાં આશરો લીધો હતો અને કોણે બોલાવ્યા હતાં તે અંગે પોલીસે વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. પોલીસે કરેલી પૂછપરછમાં આ લોકોએ અમદાવાદથી આવ્યા હોવાની કબૂલાત કરે હતી. જેથી હવે તેમને ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

# અમદાવાદના ચંડોળા તળાવ ડિમોલિશન અચાનક સ્થગિત કરવામાં આવતાં અનેક તર્કવિતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવમાં શરૂ કરવામાં આવેલા ડિમોલિશન પર ગુરુવારે અચાનક બ્રેક લાગી હતી. મિનિ બાંગ્લાદેશ તરીકે ઓળખતા ચંડોળા તળાવ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ તોડવાની કામગીરી તંત્રએ રાતોરાત સ્થગિત કરતાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. ગુરુવારે મિલ્લતનગરમાં બનાવવામાં આવેલા ૧૦ રૂમ અને એક ગોડાઉન પર બુલડોઝર ફરી વળ્યું હતું, જે બાદ કામગીરી બંધ કરવામાં આવી હતી. બે લાખ સામે ૧.૫૦ લાખ ચોરસ મીટર જ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

ચંડોળા તળાવમાં ગેરકાયદે બાંધકામ તોડવાની કામગીરી દરમિયાન ધાર્મિક સ્થાનો અને વર્ષોથી જે લોકો આ સ્થળે વસવાટ કરે છે તેમના બાંધકામ નહીં તોડવા કૉંગ્રેસના કેટલાક નેતાઓએ મુખ્ય પ્રધાનને રજૂઆત કરી હતી. આ પછી રાજ્ય સરકારના એક મંત્રી ચંડોળા તળાવની જગ્યામાં ચાલી રહેલી ડિમોલિશનની કામગારી જોવા પહોંચ્યા બાદ એક મીટિંગ યોજાઈ હતી. બેઠકમાં ડિમોલિશનની કામગારી અંગે કયા પ્રકારની સૂચના આપવામાં આવી તે જાળવા મળ્યું નથી.

ચંડોળા તળાવની આસપાસ કુખ્યાત લલ્લા બિહારીએ ગેરકાયદે પાર્ટીપ્લોટથી માંડીને ગોડાઉન, પાર્કિંગ બાંધી દેતા સ્થાનિકોએ રાજ્યપાલને ફરિયાદ કરી હતી. ૨૦૨૨માં એક વ્યક્તિએ રાજ્યપાલથી લઈ તત્કાલીન મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને લેખિતમાં ફરિયાદ કરી હતી કે લલ્લા બિહારીએ ચંડોળા તળાવમાં રોજ ૪૦ ટ્રેક્ટરનું પુરાણ કરીને પાર્ટી પ્લોટ બાંધી દીધો છે. તેના મળતિયાઓ દ્વારા ગોડાઉન-દુકાનો બાંધી છે. આ રજૂઆતને પગલે રાજ્યપાલ શહેરી વિકાસ વિભાગને આગળની કાર્યવાહી કરવા ભલામણ કરી હતી. વાત આટલેથી અટકી નહોતી. મુખ્ય પ્રધાન કાર્યાલયમાંથી પણ શહેરી વિકાસ વિભાગને દબાણો તોડવા સૂચના આપવામાં આવી હતી. જોકે કમનસીબે આ બધુંય કાગળ પર જ રહ્યું હતું. ચંડોળા તળાવમાં ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન હટાવવામાં આવેલા લોકો ત્રણ કિલોમીટર દૂર આવેલા લાંભા વોર્ડના ગણેશનગર વિસ્તારમાં આવી રહ્યા છે. ■

## ૧૭. જગ્યા આપવી છે

**સાન્તાક્રુઝ**
**એસ. વી. રોડ, 2 બેડરૂમ, 860' કારપેટ 4.25 CR. સંપર્ક : સાયલા એસ્ટેટ - 7669053318. (બી-૧૫૯૨૧)**

**સાંતાક્રુઝ**
**એસ. વી. રોડ, 3 બેડરૂમ, 975 સ્કવે. ફિટ હાયર ફ્લોર. 5.00 CR સંપર્ક: સાયલા એસ્ટેટ -7669053318. (બી-૧૫૯૨૨)**

**''શ્રી...''**
**''શ્રીજી'' - 2 બેડ- 724' કાર્પેટ, ફક્ત 3.99 બધું મળીને + 51 ગ્રામ ગોલ્ડ+ રોલેક્સ ઘડિયાળ કપલ માટે. રેડીમાં લેવા : 9322792882. (૧૫૮૬૭-સી)**

**''વરલી''**
2 બેડરૂમ ફર્નીશ્ડ, પાર્કિંગ, જીમ- 4,75,00,000. લેવા-વેચવા. ''નિતીન'': 9867222020. (૧૫૮૭૮-બી)

**સાંતાક્રુઝ વેસ્ટ**
**1230' કાર્પેટ, 3 બેડરૂમ નવા બિલ્ડિંગમાં, ઓસી સાથે, દેરાસર નજીક વેચાણથી + બીજા નાના - મોટા ફ્લેટો લેવા/ વેચવા. રજનીકાંત - 8657131155. (બી-૧૫૯૨૯)**

**સાંતાક્રુઝ વેસ્ટ**
**વેચાણથી 3 બેડરૂમ 950'/ 1220' નવા બિલ્ડિંગમાં + પાર્કિંગ. રજનીકાંત - 8657131155. (બી-૧૫૯૩૦)**

**સાંતાક્રુઝ વેસ્ટ**
**2 બેડરૂમ 720', 3 બેડરૂમ 1150' નવા બિલ્ડિંગમાં OC સાથે + પાર્કિંગ રજનીકાંત - 8657131155. (બી-૧૫૯૩૧)**

**જુહુસ્કીમ**
**4 બેડરૂમ 2500'/ 2600' હાયર ફ્લોર Sea View, નવા બિલ્ડિંગમાં એમેનીટીઝ સાથે રેડી પજેશન. રજનીકાંત - 8657131155. (બી-૧૫૯૩૨)**

**કાંદિવલી (વેસ્ટ)**
**0% સ્ટેમ્પડ્યુટી, ફુલ CC સાથે, આલોક@ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ +, 2 બેડરૂમ 1.60 કરોડ +, સીલીંગ હાઈટ 10.25 ફૂટ, યોગેશ મહેતા 9322287656. (જેપી-૪૯૯૦-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી- પાર્ક રોડ, બ્રાન્ડ ન્યુ નવા ટાવરમાં, 3 BHK 1180' કારપેટ, હાયરફ્લોર, OC અને 2 પાર્કિંગ સાથે, જૈન દેરાસર અને માર્કેટ નજીક, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992 જતીન વીરા- 9119512675. (જેપી/૪૯૮૯-ડી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી- અથર્વ ડેવલોપરનાં બ્રાન્ડ ન્યુ ટાવરમાં, 1002' કારપેટ, પાર્કિંગ અને OC સાથે, રેડી ટુ મુવ, ચિતરંજન રોડ, ચિંતામણી જૈન દેરાસર નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992 જતીન વીરા- 9119512675. (જેપી/૪૯૮૯-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી- પાર્ક રોડ, વીરા ડેવલોપરના નવા ટાવરમાં, 2 BHK 654' કારપેટ, 2.5 BHK 835' કારપેટ, OC અને પાર્કિંગ સાથે, રેડી પઝેશન, જૈન દેરાસર અને માર્કેટ નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992 જતીન વીરા- 9119512675. (જેપી/૪૯૮૯-એફ)

**પ્રાર્થના સમાજ**
રિલાયન્સ હોસ્પિટલ પાસે, ૧ બેડરૂમ ૫૨૫ કાર્પેટ, ઓનરશીપ વેચાણથી/ લીવ લાયસન્સથી મળશે. 9820034317. (બી-૧૫૯૩૫)

■ વેચાણ માટે- વસંત ઓએસિસ, અંધેરી પૂર્વ, 3 BHK+ બાલ્કની+ પૂજા+ સૂકો વિસ્તાર, વાસ્તુ અનુરૂપ, મધ્યમ માળ, સિંગલ માલિક, સુવિધાઓ સાથે પ્રીમિયમ ગેટેડ કોમ્પ્લેક્સ, પારેખ કન્સલ્ટન્ટ્સ- 9820948070. (બી-૧૫૯૨૫)

**''પ્રાર્થનાસમાજ''**
**4 BHK ફુલ્લી લેવીશ ફર્નીશ્ડ પાર્કિંગ સાથે વેચાણમાં.: ''જયેશ લબ્ધિ'': 9323088090. (૧૫૮૭૮-સી)**

**ગામદેવી**
૪ બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, ૨ પાર્કિંગ હાયર ફ્લોર, ઓનરશીપથી, વેચવાની, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૬)

**લીવલાયસન્સ**
પેડર રોડ- ફર્નિશ્ડ, ત્રણ બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, White Goods, પાર્કિંગ, હાયર ફ્લોર, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૭)

**લીવલાયસન્સ**
પ્રાર્થનાસમાજ, એક/બે બેડરૂમ, ફર્નિશ્ડ/ અનફર્નિશ્ડ વેજીટેરીયન રેડી પઝેશન, 'ભરતભાઈ' 9322246950. (બી-૧૫૯૩૮)

**કોલ ઓનર ઘાટકોપર (ઈસ્ટ)**
**૬૦' રોડ, પ્રીમીયમ ન્યુ ટાવર, ૨ બેડરૂમ અનટચ રીસેલ ફ્લેટ લેવા. 7208215105 (૧૫૮૮૭-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**૨ બેડ વેચાણથી, 726' કારપેટ, હાયર ફ્લોર, રેલ્વે સ્ટેશનથી ૧ મિનીટના અંતરે, પઝેશન ડિસેમ્બર ૨૦૨૫. ૨.૫૦ કરોડ (All Inclusive). લેવા. ભાનુ પ્રોપર્ટીઝ- 9820612111, 9930219031. (૧૫૮૮૭-બી)**

**બોરીવલી (વેસ્ટ)**
**સોડાવાલા લેન, ૨.૫ બીએચકે, OC સાથે, 832' કારપેટ, ૩.૨૫ કરોડ+, હાયર ફ્લોર, વેંચાણથી લેવા. ભાનુ પ્રોપર્ટીઝ- 9820612111, 9930219031. (૧૫૮૮૭-સી)**

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ) જાંબલી ગલ્લી**
**દેરાસર - મંદિર નજીક, 3 બેડરૂમ, 977' કાર્પેટ, બીજે માળે, વેચવાનો. (ઓનર): 9892154644. (૧૫૮૭૯-બી)**

**અંધેરી વેસ્ટ**
આઉટરાઈટથી ઉપાશ્રય લેન 1 બેડરૂમ 459 કાર્પેટ, નવા બિલ્ડિંગમાં વી. પી. રોડ 3 બેડરૂમ 900 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627 / 7045660627. (એસડીબી-૨૫૮૬)

**અંધેરી ઈસ્ટ**
વિશાલ હોલ નજીક આઉટરાઈટથી 2 બેડરૂમ 725 કારપેટ ''રીમા એસ્ટેટ'' 9820000627 / 7045660627. (એસડીબી-૨૫૮૭)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૫૮૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, ગારોડિયા નગર, 3 બેડરૂમ, હોલ, કિચન - 960' કારપેટ, સેમીફર્નિશ્ડ, 2.95 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 1060' કારપેટ, 3.30 Cr, 2 બેડરૂમ, હોલ, કિચન - 810' કારપેટ, 2.60 Cr, 4 બેડરૂમ, હોલ, કિચન- 1225' કારપેટ, 3.71 Cr, 1 બેડરૂમ, હોલ, કિચન - 475' કારપેટ, 1.45 Cr, પાર્કિંગ સાથે. Home-Alone Property - જુગ્નું શાહ - 9833352224. (૧૫૮૮૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
પંતનગર, શુભમમાં, ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો, રેડી પઝેશન કૌશલ મહેતા - 9323871933. (૧૫૮૮૫-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. સુધાપાર્ક, 3 બેડરૂમ, હોલ, કિચન, હાયર / મીડલ ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ. કૌશલ મહેતા - 9323871933. (૧૫૮૮૫-બી)

**"20,000/ 25,000"**
''દહિસરમાં ભાડેથી 1 બેડરૂમ તથા વેચાણમાં - 70,00,000/ 72,00,000''. ''ભવ્યભાઈ'':- 7021281534. (૧૫૮૮૦-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
3-4 બેડ, અંડર કન્સ્ટ્રકશન, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક, જીમ, સ્વીમીંગ પુલ, બેંકવેટ હોલ, અન્ય ઘણી એમેનીટીઝ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એચ)

**અંધેરી (વેસ્ટ)**
2-3-4 બેડ અંડર કન્સ્ટ્રકશન, SV રોડ, Shopper Stopની સામે, સ્ટેશન, દેરાસર નજીક, બધીજ એમેનીટીઝ - જીમ, સ્વીમીંગ પુલ, સલોન અને સ્પા, બેંક્વેટ હોલ, મલ્ટી પર્પસ કોર્ટ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એફ)

**જુહુસ્કીમ**
3-4 બેડ, 1200-1500-1700-3300-3500 કાર્પેટ, રેડી પઝેશન, અંડર કન્સ્ટ્રકશન, બધીજ એમેનીટીઝ સાથે. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-જી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી એક બેડરૂમ 485' - 575' ફુલ્લી - ફર્નિશ્ડ, પાર્કિંગ, બે બેડરૂમ 705' ફુલ્લી - ફર્નિશ્ડ, બે પાર્કિંગ 600'-640'-715', ત્રણ બેડરૂમ 850'- 960'- 1015', ચાર બેડરૂમ 1200'થી 1400', ત્રણ બેડરૂમ જોડી 2100' લીવલાયસંસથી, બે બેડરૂમ 650', ત્રણ બેડરૂમ 1025'- 1200' ''જ્યોતિ એસ્ટેટ''- 9029335133, 9323523535. (૧૫૮૮૧-એ)**

**DADAR EAST, BIG LAUNCH**
**Main Highway Ramp Parking All amenities, Play area, Group Booking Offers 2 Bed 3.5 to 4 Cr. 9769884999. (B-15877)**

**PEDDER ROAD**
2 BHK 900 sqft, Fully Furnished Higher Floor, 1 Parking, 1.60 Lac nego. Sea view - 9892710071 / 9619048555. (B-15916)

**BYCULLA, LUXURY 3 BED**
**1550 Carpet, Rani Baug Views Genuine Seller, Pool, Club, Gym Beautiful Interiors 7.95 Cr. +91 86559 29524. (B-15911)**

**SOUTH MUMBAI**
For Sale 1 BHK Bhaveshwar Vihar, Prathna Samaj, 520c @ 2.50 Cr. negotiable. Serious Seller. Spot Closure. Raj 9820855056 / 9821036552. (15883-C)

**CHURCHGATE**
Outright 850 Cpt 2 BHK Nr. Wankhede 9819592415. (15878-D)

**TARDEO**
Outright 1400 Cpt 3 BHK 2 Prkg Nr. Bhatia / Slttr Rd 9819592415. (15878-E)

**TARDEO**
Outright 975 Cpt 2 BHK FF 1 Prkg Nr. Bhatia / Slttr Rd 9819592415. (15878-F)

**TARDEO**
Outright 700 Cpt 2 BHK Nr. Bhatia 9819592415. (15878-G)

## ૧૭. જગ્યા આપવી છે

**WALKESHWAR**
Lease 1050 Cpt 2 BHK FF Dongersey Rd 9819592415. (15878-H)

**MALABAR HILL**
Lease 1100 Cpt 2 BHK Large 2 Prkg 9819592415. (15878-I)

**VILE PARLE WEST**
Lease 750 Cpt 3 BHK FF, for Family or Students Nr. Mithibai 9819592415. (15888-A)

**VILE PARLE WEST**
Outright - Irla 1050 Cpt 3 BHK FF 2 Prkgs 9819592415. (15888-B)

**KANDIVALI WEST**
Outright 980 Cpt 3 BHK FF 1 Prkg Shankar Lane / SV Rd Touch 9819592415. (15888-C)

**TARDEO COMMERCIAL**
Outright 250 Cpt Oship Socty 9819592415 Nr. Bhatia / Slttr Rd 9819592415. (15888-D)

**TARDEO COMMERCIAL**
Outright 260 Cpt Oship Socty Nr. Bhatia 9819592415. (15888-E)

**KHAR**
**Near Madhupark 2 Bedroom 815' / 4 Bedroom 1750' New Building. Builder Finished. Rajnikant - 8657131155. (B-15933)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**જોઈએ છે**
બોરીવલી વેસ્ટમાં 2 અથવા 3 બેડના untouch બે ફ્લેટ ભાડેથી (એકજ ફ્લોર અથવા એકજ વિંગમાં) Owners અને Brokers સંપર્ક શ્રી વર્ધમાન રિયલ્ટર- 9821040812. (બી-૧૫૯૨૭)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**મલાડ (ઈસ્ટ)**
રેડી ઓફિસ - કોમર્શિયલ ગાળા, 200' થી 400' કારપેટ, 14' હાઈટ, @ 25000/- કારપેટના ભાવે, દફ્તરી રોડ, જોડી ઉપલબ્ધ, 9867618111 - 9833477510 - 9224766381. (જેપી/૪૯૮૮-એ)

**વસઈ (ઈસ્ટ)**
**સાતીવલી, એનએચ 48, ઈન્ડસ્ટ્રીઅલ ગાળા 727' થી 4609' (RC) ગ્રાઉન્ડ, પહેલા, બીજા માળે, 16' હાઈટ, 1.5 ટન લીફ્ટ, OC. 8850050642 / 7304665227. (૧૫૮૪૦-એ)**

**ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ**
એરિયા ૬૦૦, ગ્રાઉન્ડ ફ્લોર. સસેક્સ ઇન્ડસ્ટ્રીયલ એરિયા ૬૦૦ & ૭૦૦. બન્ને લીવ લાઇસન્સ પર આપવાના છે. પાણી, પાવર સાથે. ઓફિસ, ફેક્ટરી, ગોડાઉન માટે ખાસ લાયક. જીતુભાઇ: 9821041515 / 9702434343. (એસડીબીજી-૨૫૭૦)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાસ પ્લાઝામાં ૧૬૫' ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ ભાડેથી / વેચાણથી લેવા ઓનર - ૯૩૨૨૭૪૪૮૮૩. (બી-૧૫૮૮૬)**

**''ચર્નીરોડ''**
સ્ટેશન પાસે, ઓફિસ- 312'- ગોડાઉન- લેબ- ક્લાસીસ- સ્ટુડીયો- લીઝ- 35,000/- : 9867222020. (૧૫૮૭૮-એ)

**દહિસર (વેસ્ટ)**
**રેલ્વે સ્ટેશન પાસે, 169' ફૂટ + ઓટલો ધરાવતી દુકાન વેંચવાની. (75,00,000/=) MUKESH ESTATE 9004090580 / 9820074825. (૧૫૮૭૯-સી)**

**MALAD WEST**
**Office Available for Rent Area: 1700 Sq. Ft. Including Mezzanine. Fully Furnished with 32 Workstations + 1 MD / 5 Manager's Cabin, Pantry, 2 Toilets, CCTV, 1 Car Park. Call: 9819814477. (B-15904)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2567)

**MARINEDRIVE**
Ground Floor Lease 1050 + 650' Carpet, High Ceiling, Attached Toilet, Suitable for Classes, Gym, Office, Bank, Play School. 9821036552 / 9870246552. (15883-A)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીત સંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૮૫૮/એ)

## ૨૫. શૈક્ષણીક

**FREE CONSULTATION**
**સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ માટે પર્સનલ આર્ટ ડિઝાઈન એજ્યુકેશન કન્સલટેશન ONLINE/ OFFLINE: 8080874774. (૧૫૮૭૨-એ)**

## ૨૭. ઔષધ ઉપચાર

**કોઢ-સોરાયસીસ**
ખરજવું- ચામડીની એલર્જી-વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૯૨૬)

## ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

## ૩૨. જમીન-મિલકત

**મકાન જોઈએ છે**
ફાઉન્ટન, કોલાબા, ઓપેરાહાઉસ, મેટ્રો, ગામદેવીમાં ભાડુત સાથે/ વગર. સંપર્ક મહેશ શાહ: 9820253026/ 23422261. (એસડીબીજી-૨૫૬૬)

FREEHOLD AGRI LAND available in Prime Locations with Developments around Nr. Nashik as investment. Ph: 9890443322. (B-15885)

FOR SALE AS IS WHERE IS basis Ground Floor plus 2 Floors at Chira Bazar having plot area of 275 sqm and carpet area of 392 sqm, walking distance from Railway and Metro Stations, Mobile No. 9820028706. (B-15924)

**UMARGAON (EAST)**
21 acre for Development Residance. ashok@squarefeetrealty.in (15883-B)

## ૩૩. ધંધાદારી

**''કેસર કેરી''**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)



(બી-૧૫૯૦૫)

**પ્રોપર્ટી વેલ્યુએશન**
**સોસાયટી ફોર્મેશન**
**PR કાર્ડ / CTS પ્લાન**
**પ્રોપર્ટી ટેક્સ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૯૦૮)

**LEASE PROPERTY**
Opportunity to rent premises with provisions of Stretcher Lift + Staircase with Ambulance Parking Ideal for
**HEALTH CARE PURPOSE**
Clinic / Diagnostic Centre / Day Care Facilities
**Area 3000 Sqft.** Ground + 1st Floor 10 Exclusive Car Parking Space
S.V. Road, Borivali (W), Outside Borivali Station
For Details & Inspection
dm.realty01@gmail.com 83695 40301
(B-15897)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૫૮૭૭-ડી)

**"WILL - VASIYATNAMU"**
**Married Females have right in Father's Property. Make your Will.: 9594385838, 9819545656. (15867/A)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર***
ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. માલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)

**શ્રીનાથજી જ્યોતિષ**
**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્ની દુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/. 9920991344, 9833390898, 28898500. (૧૫૮૭૭-એ)**

## ૪૨. કોમ્પ્યુટર્સ

**"WE PURCHASE SCRAP COMPUTERS"**
**"Old Household Furniture" A.C. etc. at "Reasonable Rate" "Contact": "Zaheeruddin" : 95947 86957. (SDBG-2584)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**હરે ક્રિષ્ના સર્વિસીસ (1997)**
ઉધઈ, વાંદા, માંકડ 100% અસરકારક, કારપેટ, ચેર, સોફાગાદી ક્લીનીંગ, ફ્લેટ, ઓફિસ ડીપક્લિનિંગ હાઉસકીપિંગ, લેબર સપ્લાય. - 9892747758/ 9702875877. (જેપી/૪૯૮૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફિંગ**
**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 9594599769. (૧૫૩૪૮/એ)

## ૪૭. હેલ્થ અને ફિટનેસ

**વજન ઘટાડો**
ફેન્સી ફૂડથી નહીં! કે નહીં દવાઓથી! ફક્ત ઘરના ભોજનથી જ. 8369042634/ PureSpoon.in (બી-૧૫૮૮૮)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# પંજાબ અને હરિયાણા વચ્ચે જળ વિવાદ મામલે મળી સર્વપક્ષી બેઠક

ચંડીગઢઃ પંજાબ અને હરિયાણા વચ્ચે પાણી વિવાદ વચ્ચે મુખ્ય પ્રધાન ભગવંત માનની અધ્યક્ષતામાં પંજાબ ભવનમાં મળેલી સર્વદળીય બેઠક મળી હતી. પ્રદેશ ભાજપ પ્રમુખ સુનીલ જાખડ, અકાલી દળના દલજીત ચીમા અને કોંગ્રેસ તરફથી તૃપ્ત ઈન્દર સિંહ બાજવા અને રાણા કેપી બેઠકમાં હાજર રહ્યા હતા. કોંગ્રેસના ત્રિપ્ત રાજિન્દર બાજવાએ બેઠકમાં મુખ્ય પ્રધાન માનને જણાવ્યું હતું કે સર્વદળીય પ્રતિનિધિમંડળે સમય કાઢીને આ પાણીના મુદ્દા પર વડા પ્રધાનને મળવું જોઈએ.

બેઠક બાદ પત્રકાર પરિષદમાં મુખ્ય પ્રધાન માને કહ્યું હતું કે સર્વદળીય બેઠકમાં પાણીના મુદ્દા પર બે કલાક ચર્ચા થઈ હતી. માને કહ્યું હતું કે આપ સરકાર પાડોશી રાજ્યને વધુ પાણી આપવાની મંજૂરી આપશે નહીં અને તેમણે દાવો કર્યો હતો કે તેણે પહેલાથી જ પોતાના હિસ્સાના પાણીનો ઉપયોગ કરી લીધો છે.

માને હરિયાણાને ૮,૫૦૦ ક્યુસેક પાણી છોડવાના નિર્ણય બદલ ભાખરા બિયાસ મેનેજમેન્ટ બોર્ડ (બીબીએમબી) પર પણ પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે પંજાબના અધિકારોની આવી ''લૂંટ'' સહન કરવામાં આવશે નહીં અને બોર્ડને તેમના રાજ્યને લગતી બાબતોમાં ''નિર્દેશો'' આપવાનો કોઈ અધિકાર નથી. હરિયાણાને પાણી આપવાનો નિર્ણય રાતો રાત લેવામાં આવ્યો હતો. સર્વપક્ષીય બેઠકમાં તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. સીએમ માને કહ્યું કે બેઠકમાં પાણીના ગંભીર મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે તમામ પક્ષના નેતાઓએ પાણીના હિસ્સાને આપવા અંગે પોતાના હક પર સહમતિ વ્યક્ત કરી હતી. કેટલાક સૂચનો આપવામાં આવ્યા છે, તેનો અમલ પણ કરવામાં આવશે. બીબીએમબીના કરાર અને વર્ગ, અધિકારીઓની તહેનાતી, ચંડીગઢ વહીવટના હિસ્સા અંગે વિધાનસભાના ખાસ સત્રમાં દરખાસ્તો લાવવામાં આવશે. બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની વાત કરવામાં આવી છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે શક્ય છે કે હરિયાણામાં પણ સમય સાથે પાણીની જરૂરિયાત વધી હોય. આવી સ્થિતિમાં ૨૦ મે પછી જરૂરિયાતોમાં સુધારો થઈ શકે છે.

અકાલી નેતા બલવિંદર સિંહ ભૂંદડે કહ્યું કે ''અમે સરકાર સાથે છીએ. પંજાબ ભાજપ પ્રમુખ સુનીલ જાખડે કહ્યું કે પંજાબ સરકાર રાઇનો પર્વત બનાવી રહી છે. આ મુદ્દો વાતચીત દ્વારા સરળતાથી ઉકેલી શકાયો હોત. સપ્ટેમ્બરથી મે સુધી દુષ્કાળ રહેતો હોવાથી કોઇના કોઇ રાજ્ય વધુ પાણીનો ઉપયોગ કરે છે અને તેમને તેના માટે વળતર આપવામાં આવે છે. મેં મુખ્ય પ્રધાનને કહ્યું હતું કે આ વિવાદનો અંત લાવો. દેશ આજે એવા તબક્કે ઉભો છે જ્યાં આટલો બિનજરૂરી તણાવ અયોગ્ય છે. હું પંજાબ સાથે ઊભો છું અને અમારી પાર્ટી પણ. બંને પક્ષોની પોતાની રાજકીય મજબૂરીઓ છે.''

બીબીએમબીના ચેરમેને કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહર લાલને જણાવ્યું હતું કે નાંગલ ડેમ પર પોલીસ તહેનાત કરવી એ બોર્ડની રચના સમયે બનાવેલા નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. બીબીએમબીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહર લાલે શુક્રવારે આ સંદર્ભમાં એક બેઠક બોલાવી છે. બીબીએમબીના ચેરમેન પણ તેમાં હાજરી આપી શકે છે. મુખ્ય પ્રધાન માને પણ ચેતવણી આપતા કહ્યું હતું કે કોઈપણ વ્યક્તિએ પંજાબનું પાણી લઇને બતાવે. બીબીએમબીએ સરમુખત્યારશાહી આદેશ જાહેર કરીને પંજાબનું પાણી લૂંટવાનો પ્રયાસ કર્યો છે. નૈતિકતાના આધારે હરિયાણાની વસ્તી પ્રમાણે પીવા માટે ૧૭૦૦ ક્યુસેક પાણી જરૂરી છે તેમ છતાં તેને ૪૦૦૦ ક્યુસેક પાણી આપવામાં આવી રહ્યું છે. ■

# પાકિસ્તાન આતંકીઓ વિરુદ્ધ કાર્યવાહીમાં ભારત સાથે સહયોગ કરશે એવી આશાઃ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ

ન્યૂયોર્કઃ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે હવે પહલગામ હુમલા અંગે પ્રતિક્રિયા આપી હતી. વેન્સે કહ્યું હતું કે અમેરિકા આશા રાખે છે કે ભારત પહલગામ આતંકવાદી હુમલા પછી સાવધાનીપૂર્વક પ્રતિક્રિયા આપશે જેથી ક્ષેત્રિય યુદ્ધને ટાળી શકાય. નોંધનીય છે કે જ્યારે પહલગામમાં હુમલો થયો ત્યારે જેડી વેન્સ પોતાના પરિવાર સાથે ભારતના પ્રવાસે હતા. આ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયાં હતાં, જેમાંથી મોટાભાગના પ્રવાસીઓ હતા.

આ સાથે વેન્સે આશા વ્યક્ત કરી કે પાકિસ્તાન આતંકવાદીઓને પકડવામાં ભારતને સહયોગ કરશે. અમેરિકન ચેનલ ફોક્સ ન્યૂઝ પર આપેલા ઇન્ટરવ્યૂમાં વેન્સે કહ્યું હતું કે, અમને આશા છે કે ભારત આ આતંકવાદી હુમલાનો જવાબ એવી રીતે આપશે કે જેનાથી વ્યાપક ક્ષેત્રિય યુદ્ધ થાય નહીં. વેન્સે વધુમાં કહ્યું હતું કે , 'અમે અપેક્ષા રાખીએ છીએ કે જ્યાં સુધી પાકિસ્તાનની જવાબદારી છે તે આતંકવાદ સામેની લડાઇમાં ભારત સાથે સહયોગ કરશે. અમે ચોક્કસપણે સંપર્કમાં છીએ. અમે જોઈશું કે શું થાય છે.'

પહલગામ હુમલા બાદ વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિની ટિપ્પણી મહત્ત્વપૂર્ણ છે. ગયા મહિને ભારતની ચાર દિવસની મુલાકાતે આવેલા વેન્સે તે સમયે આ હુમલાની નિંદા કરી હતી. એક્સ પરની પોતાની પોસ્ટમાં પીડિતો અને તેમના પરિવારો સાથે એકતા વ્યક્ત કરી હતી. પહલગામ હુમલા પછી ભારતે પાકિસ્તાન સામે અનેક કડક પગલાં લીધાં હતાં. જેમાં સિંધુ જળ સંધિને રદ્દ કરવી, પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરવા અને પાકિસ્તાની રાજદ્વારીઓની સંખ્યામાં ઘટાડો કરવો મહત્તવપૂર્ણ છે. નોંધનીય છે કે પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત લશ્કર-એ-તૌયબાના સહયોગી આતંકી સંગઠન રેઝિસ્ટન્સ ફ્રન્ટે હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ■

# ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી ત્રણનાં મોતઃ અનેક ઈજાગ્રસ્ત

એટા/ફિરોઝાબાદ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના મોટા ભાગના હિસ્સાઓમાં શુક્રવારે સવારે વાવાઝોડા અને વરસાદ વચ્ચે વીજળી પડવાથી અલગ અલગ ઘટનાઓમાં ૧૭ વર્ષની છોકરી સહિત ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયા હતાં અને અનેક ઘાયલ થયા હતા. મૃતકોમાં ફિરોઝાબાદમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી અધિનિયમ (મનરેગા) હેઠળ એક રોડ યોજના પર કામ કરતા બે મજૂરોનો સમાવેશ થાય છે. વરસાદથી બચાવવા માટે ઘાસના ઢગલાને તાડપત્રીથી ઢાંકવાનો પ્રયાસ કરી રહેલા એક પરિવાર પણ તેની ઝપેટમાં આવી ગયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે એટા જિલ્લાના ભગવંતપુર ગામમાં ગાજવીજ સાથે ભારે વરસાદ દરમિયાન વીજળી પડવાથી ૧૭ વર્ષની દીક્ષાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું અને તેની નાની બહેન સપના ગંભીર રીતે દાઝી ગઈ હતી. તેમના પિતા અને ભાઈ પણ ઘાયલ થયા હતા.

પરિવારના સભ્યે અમને જણાવ્યું હતું કે ''જ્યારે તેઓ કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક બન્ને બહેનો પર વીજળી પડી હતી. દીક્ષાનું તાત્કાલિક મૃત્યુ થયું, જ્યારે સપનાની હાલત ગંભીર છે. ગ્રામજનો અને પરિવારે આપત્તિ રાહત જોગવાઈઓ હેઠળ નાણાકીય સહાય માટે જિલ્લા વહીવટીતંત્રને અપીલ કરી છે.'' ફિરોઝાબાદ જિલ્લામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે શિકોહાબાદ-નાનેમઉ રોડ પર વીજળી પડતાં ૩૫ વર્ષીય સત્યેન્દ્ર અને ૨૫ વર્ષીય વિષ્ણુનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તેમની સાથે કામ કરી રહેલો ત્રીજો વ્યક્તિ ૩૦ વર્ષીય દેવેન્દ્ર ઘાયલ થયો અને તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

જિલ્લા મેજિસ્ટ્રેટના નિર્દેશ બાદ મામલતદારના નેતૃત્વ હેઠળની એક ટીમે આપત્તિ રાહત ભંડોળમાંથી પીડિતોના પરિવારોને વળતર સુનિશ્ચિત કરવા માટે કાર્યવાહી શરૂ કરી છે. બંને ઘટનાઓમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. ■

# અમેરિકન ટ્રેડ ડીલ પાર પડવાના આશાવાદ વચ્ચે સેન્સેક્સમાં ૨૬૦ પોઈન્ટનો સુધારો, નિફ્ટી ૨૪,૩૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા સાથેની વ્યાપારી વાટાઘાટ સારી રીતે પાર પડવાની આશા સાથે સ્થાનિક સ્તરે વિદેશી સંસ્થારીય રોકાણકારોની એકધારી લેવાલીના ટેકાએ બેન્ચમાર્કે અફડાતફડીમાંથી પસાર થઇને ૨૬૦ પોઇન્ટના સુધારા સાથે પોઝિટિવ ઝોનમાં આગળ વધવામાં સફળતા મેળવી હતી. નિફ્ટી પણ ૨૪,૩૦૦ પોઇન્ટના મહત્ત્વના સ્તરની ઉપર રહેવામાં સફળ રહ્યો હતો. આ ઉપરાંત એપ્રિલમાં જીએસટીનું વિક્રમી કલેક્શન અને વૈશ્વિક બજારોના મજબૂત વલણે પણ સેન્ટિમેન્ટ ટકાવી રાખ્યું હતું.

ઇન્ટ્રા-ડે ટ્રેડમાં તીવ્ર તેજી પછી સેન્સેક્સ મોટાભાગનો સુધારો ગુમાવીને ૨૫૯.૭૫ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા વધીને ૮૦,૫૦૧.૯૯ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, બેન્ચમાર્ક ૯૩૫.૬૯ પોઈન્ટ અથવા ૧.૧૬ ટકા વધીને ૮૧,૧૭૭.૯૩ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૨.૫૦ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકાના નજીવા વધારા સાથે ૨૪,૩૪૬.૭૦ પર સ્થિર થયો હતો.

એપ્રિલમાં ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકા વધીને લગભગ ૨.૩૭ લાખ કરોડ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું, જે સરકારે ભારતીય અર્થતંત્રની સ્થિતિસ્થાપકતા અને સહકારી સંઘવાદની અસરકારકતા દર્શાવે છે તેમ જણાવ્યું હતું. દરમિયાન, ભારતીય ઉત્પાદન ક્ષેત્રમાં એપ્રિલમાં વૃદ્ધિની ગતિમાં સુધારો થયો, જૂન ૨૦૨૪ પછી સૌથી ઝડપી ગતિએ ઉત્પાદન વધ્યું છે. મોસમી રીતે ગોઠવાયેલ એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) માર્ચના ૫૮.૧ના સ્તર સામે વધીને એપ્રિલમાં ૫૮.૨ થયો, જે દસ મહિના માટે ક્ષેત્રના સ્વાસ્થ્યમાં સૌથી મજબૂત સુધારો દર્શાવે છે.

સત્રના પૂર્વાર્ધમાં બજાર અત્યંત અસ્થિર હતું અને બેંકિંગ અને આઇટી શેરોમાં પસંદગીયુક્ત ખરીદીને કારણે રેન્જબાઉન્ડ થઈને લગભગ ૧,૦૦૦ પોઈન્ટની અફડાતફડીમાં અટવાયું હતું. રોકાણકારો સાવચેતીના માનસ વચ્ચે પ્રોફિટ બુકિંગ કર્યું હતું અને વ્યાપક બજારો નબળા પડ્યા હતા. ભૌગોલિક રાજકીય તણાવ અને ચાલુ ટેરિફ યુદ્ધ વચ્ચે નાજુક વૈશ્વિક વાતાવરણને કારણે, રોકાણકારોમાં સાવચેતીનું માનસ હોવાનું સાધનોએ જણાવ્યું હતું.

સેન્સેક્સ કંપનીઓમાંથી, અદાણી પોર્ટ્સે માર્ચ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૫૦ ટકાનો ઉછાળો નોંધાવ્યા બાદ અને ચાલુ નાણાકીય વર્ષ માટે વાર્ષિક ધોરણે વધુ આવક વૃદ્ધિ આગાહી જારી કર્યા પછી, પોર્ટ વોલ્યુમમાં મજબૂત વૃદ્ધિ અને લોજિસ્ટિક્સ વ્યવસાયમાં મજબૂત વૃદ્ધિને ટાંકીને ૪ ટકાથી વધુનો ઉછાળો નોંધાવ્યો હતો. બજાજ ફાઇનાન્સ, ઇન્ડસઇન્ડ બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, મારુતિ, ટાટા મોટર્સ, આઇટીસી, ટાટા સ્ટીલ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ પણ વધ્યા હતા. જ્યારે નેસ્લે, એનટીપીસી, કોટક મહિન્દ્રા બેંક, પાવર ગ્રીડ અને ટાઇટન ગબડ્યા હતા.

અદાણી એન્ટપ્રાઇઝે ચોથા ક્વાર્ટરના પરિણામમાં પાછલા વર્ષના સમાન ગાળાના રૂ. ૪૫૦.૫૮ કરોડ સામે ૭.૫૦ ગણો ઉછાળા સાથે રૂ. ૩૮૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હોવાથી તેના શેરમાં ત્રણેક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ગોદરેજ પ્રોપર્ટીઝનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૮૨ કરોડ નોંધાયો છે, જ્યારે રેવન્યુ વધીને રૂ. ૨૬૮૧ કરોડ રહી છે. ગેન્સોલ એન્જિનિયરિંગમાં સતત ૧૬માં દિવસે પાંચ ટકાની નીચલી સર્કિટ લાગી છે.

સંપૂર્ણ સંકલિત સ્ટેનલેસ સ્ટીલ કંપની, મંગલમ વર્લ્ડવાઇડ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૨૯.૬૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧,૦૬૬.૦૩ કરોડની કુલ આવક, ૪૨.૩૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫૯.૧૧ કરોડનો એબિટા, ૪૬.૩૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૯.૪૧ કરોડનો ચોક્કો નફો નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૨.૭૬ ટકા રહ્યું છે.

અદાણી પોર્ટના નાણાકીય પરિણામની જાહેરાત બાદ તેના શેરમાં છ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. પ્રવેગ લિમિટેડે બંગારામ આઇલેન્ડ રિસોર્ટ કામગીરી ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડને ઔપચારિક રીતે સોંપવાની જાહેરાત કરી છે. ત્રીજી માર્ચે બંને પક્ષો વચ્ચે હસ્તાક્ષર કરાયેલા અને જાહેર કરાયેલા હોટેલ મેનેજમેન્ટ કરાર અનુસાર લક્ષદ્વીપના બંગારામ ટાપુ પર સ્થિત તેની મુખ્ય રિસોર્ટ મિલકત, પ્રવેગ એટોલ્સની કામગીરી ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડને સોંપી દેવાઇ છે.

હિરો મોટોકોર્પના ચાર પ્લાન્ટમાં ત્રણ દિવસ ઉત્પાદન સ્થગિત રહ્યું હોવાથી એપ્રિલમાં તેના ડિસ્પેચમાં ૪૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગમાં અગ્રણી કંપનીમાંની એક પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે ઇલેક્ટ્રિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પાંચ દાયકાની સફર માટે સુવર્ણ જયંતી ઉજવી રહી છે. કંપની એક પૂર્ણ સ્તરીય ઇપીસી સર્વિસ પ્રોવાઇડર છે, જે પહેલા ઘરો, ઉદ્યોગો માટે કામગીરી બજાવ્યા બાદ હવે, સમગ્ર દેશમાં જટિલ વીજ નેટવર્ક અને હાઇ વોલ્ટેજ પ્રોજેક્ટ્સ હાથ ધરે છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, ટોક્યોનો નિક્કી ૨૨૫ અને હોંગકોંગનો હેંગ સેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા જ્યારે શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નજીવો નીચો રહ્યો. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૮૨ ટકા ઘટીને ૬૧.૬૨ પ્રતિ બેરલ બોલાયો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૫૦.૫૭ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા. ગુરુવારે મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે ઇક્વિટી બજારો બંધ રહ્યા હતા.

દરમિયાન, અમેરિકામાં યીલ્ડમાં વધારો અને ભૂરાજકીય તણાવ વચ્ચે વિદેશી રોકાણકારોએ ભારતીય બોન્ડમાંથી રૂ. ૧૩,૩૫૯ કરોડ ઉપાડી લીધા છે. વૈશ્વિક બોન્ડ સૂચકાંકોમાં સ્થાનિક દેવાનો સમાવેશ થયા પછી એપ્રિલમાં વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય બોન્ડનું ચોખ્ખું વેચાણ સૌથી વધુ વધ્યું હતું. ભારતીય બોન્ડની વેચવાલીનો આ વધારો અમેરિકામાં ઊંચા વળતરના સતત આકર્ષણ અને મહિનાના ઉત્તરાર્ધમાં પાકિસ્તાન સાથે વધતા તણાવની અસરને પ્રતિબિંબિત કરે છે, એમ બજાર નિષ્ણાતોએ જણાવ્યું હતું.

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) પહેલાં પ્રમોટર્સ, ડિરેક્ટર્સ અને પાત્ર સંસ્થાકીય ખરીદદારો સહિત મુખ્ય શેરધારકો દ્વારા રાખવામાં આવેલા શેરનું ડિમટીરિયલાઈઝેશન ફરજિયાત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે સ્ટોક બ્રોકર્સ, નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપનીઓ અને સિક્યોરિટીઝ ધરાવતી અન્ય કોઈપણ નિયમનકારી સંસ્થાઓને ઓફર દસ્તાવેજ ફાઇલ કરતા પહેલા ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં આવા હોલ્ડિંગ રાખવાની જરૂર પડશે.

# દેશાવરોની માગને ટેકે ખાંડમાં ₹ ૧૦થી ૨૦નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્ટોકિસ્ટો, રિટેલ સ્તરની અને દેશાવરોની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. પાંચથી ૨૫ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની અને દેશાવરોની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો.

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

## ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીએ ₹ ૧૧૩ તૂટ્યાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ગઈકાલની મહારાષ્ટ્ર દિનની જાહેર રજા પશ્ચાત્ સ્ટોકિસ્ટોની તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગ અનુસાર એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ખાસ કરીને કોપર અને બ્રાસમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીન, નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૩, રૂ. ૩૫ અને રૂ. પાંચનો અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. એક અને રૂ. બે ઘટી આવ્યા હતા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ખાસ કરીને કોપર અને બ્રાસની વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારો આવ્યો હતો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

सार्वजनिक आरोग्य खाते

क्र. एचओ/3036/प्रा. आ. से. स./दि.02.05.2025

**शुद्धीपत्रक**

बृहन्मुंबई महानगरपालिकेच्या सार्वजनिक आरोग्य खाते प्राथमिक आरोग्य सेवा सक्षमीकरण विभागामार्फत मा.महानगरपालिका आयुक्त यांची क्र.MGC/F/5910/दि.25.03.2025 यांच्या मंजुरी अन्वये हिंदूहृदयसम्राट बाळासाहेब ठाकरे आपला दवाखाना आणि पॉलिक्लिनिक व डायग्नॉस्टिक केंद्र येथे कंत्राटी वैद्यकीय अधिकारी(MO), कंत्राटी सहाय्यक वैद्यकीय अधिकारी (आयुष), कंत्राटी विशेष कार्य अधिकारी, (प्रा.आ.से.स./एचबीटी), कंत्राटी परिचारीका, कंत्राटी औषधनिर्माता, कंत्राटी संगणक सहाय्यक, कंत्राटी बहूउद्देशीय कामगार यांच्या नियुक्ती बाबत दि.30.04.2025 रोजी स्थानिक वृतपत्रात जाहिरात प्रसारित केली होती. तरी प्रसिद्ध झालेल्या जाहिरातीत खालील प्रमाणे बदल करण्यात येत आहे.

ऑनलाईन पध्दतीने गुगल फॉर्मव्दारे अर्ज भरण्याची दिनांक व वेळ ही जाहिरातीत प्रसिद्ध केल्यानुसार दि.30.04.2025 सकाळी 11.00 ते दि.02.05.2025 संध्याकाळी 06.00 वाजेपर्यंत होती. तरी त्यामध्ये वाढ करण्यात येत असून सदर जाहिरातीचा कालावधी हा दि.13.05.2025 संध्याकाळी 06.00 वाजेपर्यंत वाढविण्यात आलेला आहे तरी इच्छुक उमेदवार खालील गूगल फॉर्म द्वारे अर्ज करू शकतील.

https://shorturl.at/eNGXm

सही/-

PRO/269/ADV./2025-26/शुद्धीपत्रक

कार्यकारी आरोग्य अधिकारी

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**PUBLIC NOTICE**

**OKl : 8/2**

**IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD DE: 29/3/25**

CIVIL APPLICATION (FOR BRINGING HEIRS) NO. 1 of 2024 in R/SECOND APPEAL NO. 206 of 1997
With
CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 2 2024 In R/SECOND APPEAL NO. 206 of 1997
With
CIVIL APPLICATION (FOR BRINGING HEIRS NO. 3 of 2024 in R/SECOND APPEAL NO. 206 of 1997
With
CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAV) NO. 4 of 2024 In I/ SECOND APPEAL NO. 206 of 1997 CIVIL APPLICATION (FOR BRINGING HEIRS) NO. 5 of 2024 10 R/SECOND APPEAL NO. 206 of 1997
With
CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 6 of 2024 In R/SECOND APPEAL NO. 206 of 1997
With
CIVIL APPLICATION (FOR ABATMENT) NO. 7 of 2024 in R/SECOND APPEAL NC. 206 of 1997
With
CIVIL APPLICATION (FOR ABATMENT) NO. 8 of 2024 in R/SECOND APPEAL NO. 206 of 1997
With
CIVIL APPLICATION (FOR SET ASIDE ABATEMENT) NO. 9 of 2024 in R/ SECOND APPEAL NO. 206 of 1997
With
R/CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 4193 of 2024 In R/SECOND APPEAL NO. 206 of 1997 WITH R/CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO, 4194 of 2024 In R/SECOND APPEAL NO. 206 of 1997 WITH R/CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 4195 of 2024 in R/SECOND APPEAL NO. 206 of 1997

**LAXMAN RAMII MARATHE SINCE DECD THROUGH HIS HEIRS & ORS... APPLICANT (s)**
Versus
**DHANVANTLAL CHUNILAL SHETH (SINCE DECD THROUGH HIS HEIRS & ORS... RESPONDEN(5)**

**FIXED ON 08/05/2025**
**To District: BHARUCH**
**MS. PRIYANSHI JOSHI**
**Ld. Advocate for Applicant**

**To,**

**1.1 DAMYANTIBEN WD/O DHANVANTLAL SHETH RESIDING AT:** 2, TRIVEDI NIWAS, NEAR NEW NAGARDAS ROAD, ANDHERI(EAST), MUMBA-400069

**1.3 SHAILESH SON OF DHANVANTLAL SHETH** RESIDING AT 2, TRIVEDI NIWAS, NEAR NAGARDAS ROAD, ANDHERI(EAST), MUMBAI - 400069

**2. RAMABEN MADANLAL SHETH** RESICING AT, LIMDI KUL, SONI NI CHAWL GOPIPURA JASHODA NIWAS SURAT-395001

**1.2 SMITA DAUGHTER OF DHANVANTLAL SHETH** RESIDING AT 2, TRIVEDI NIWAS, NEAR NEW NAGARDAS ROAD, ANDHERI (EAST), MUMBAI - 400069

1.4 PRITI HITESH MEHTA DAUGHTER OF DHANVANTLAL SHETH RESIDING AT: 2, TRIVEDI NIWAS, NEAR NEW NAGARDAS ROAD, ANDHERI (EAST), MUMBAI-400069

**3. RAKESH MADANLAL SHETH** RESIDING AT, LIMOI KUI, SONI NI CHAWL GOPIPURA, OPP JASHODA NIWAS SURAT - 305001

Take notice that Applicant(s) above-named having presented a CIVIL APPUCATION (FOR BRINGING HEIRS) NO. 1 of 2024 in R/SECOND APPEAL NO 206 of 1997 With CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 2 of 2024 In R/SECOND APPEAL NO. 206 of 1997 Wah CIVIL APPLICATION (FOR BRINGING HEIRS) NO. 3 of 2024 In R/SECOND APPEAL, NO. 206 of 1997 With CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 4 of 2024 in R/SECOND APPEAL NO. 206 of 1997 With CIVIL APPLICATION (FOR BRINGING HEIRS) NO. 5 of 2024 In R/SECOND APPEAL NO. 206 of 1997 With CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 6 of 2024 In R/SECOND APPEAL NO. 206 of 1997 With CIVIL APPLICATION (FOR ABATMENT) NO. 7 of 2024 in R / SECOND APPEAL NO. 205 of 1997 With CIVIL APPLICATION (FOR ABATMENT) NO. 8 of 2004 In R/SECOND APPEAL NO. 206 of 1997 With Civil Application (FOR SET ASIDE ABATEMENT) NO. 9 of 2024 in R/SECOND APPEAL NO. 206 of 1997 R/CIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 4193 of 2024 in R/SECOND APPEAL NO. 206 1997 WITH RICIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 4194 of 2024 in R/SECOND APPEAL NO. 206 of 1997 WITH RACIVIL APPLICATION (FOR CONDONATION OF DELAY) NO. 4195 of 2024 In R/SECOND APPEAL NO 206 of 1997 to the High Court to grant relief as prayed to condone the delay of 90 days caused in presenting the present appeal against the judgment and order dated 17/10/1997 passed by the District Judge Sharuch in Regular Civil Appeal No. 52. of 1990 and order dated 30/10/1990 passed by the 3rd Joint Civil Judge (S.D) Bharuch in Regular Civil Suit No. 409 of 1984 to this Hon'ble High Court and the same having been registered in this Court on dated 12/01/1998.

Whereas upon hearing the CIVIL APPLICATION (FOR SUBSTITUTE SERVICE) NO.1 OF 2025 IN R/SECOND APPEAL NO.206 OF 1977 the Honourable Court (CORAM: ADDITIONAL REGISTRAR (JUDICIAL)) had on 19/03/2025 ordered to Issue Notice Of Rule to unserved Respondent No. 1.1 to 1.4,2 and 3 by way of Public Notice in vernacular language in local newspaper having wide circulation in the vicinity where the respondents were lastly known to have actually and voluntarily resided.

Take notice that the hearing of the said CA (For Bringing Heirs) No.1 of 2024 in SA No. 206 of 1997 with CA (For Condonation of Delay) No 2 of 2024 in SA No. 206 of 1997 with CA (For Bringing Heirs) No. 3 of 2024 in SA No. 206 of 1997 with CA (Condonation of Delay) No. 4 of 2024 in SA No. 206 of 1997 with CA (For Bringing Heirs) No. 5 of 2024 in SA No. 206 of 1997 with CA (Condonation of Delay) No. 6 of 2024 in SA No. 206 of 1997 with CA (For Abatement) No. 7 of 2024 in SA No. 206 of 1997 on 28.08.2024 and Ca (for Abatement) No. 8 of 2024 in SA No. 206 of 1997 with CA (For Set Aside Abatement) No. 9 of 2024 in SA No. 206 of 1997 on 28.08.2024 and CA (Condonation of Delay) No. 4193 of 2024 in SA No. 206 of 1997 on 05.02.2025. and CA(Condoration of Delay) No. 4194 of 2024 in SA No. 206 of 1997 on 05.02.2025 and CA (Condonation of Delay) No. 4195 of 2024 in SA No. 206 of 1997 will take place on 8th day of May, 2025 at 11 AM peremptorily in this court and if no appearance is made on your behalf, by yourself, your advocate or by someone authorised by law to for you, it will be heard and of determined in your absence.

Witness SUNITA AGARWAL, Esquire The CHIEF JUSTICE at Ahmedabad aforesaid this 19th March, 2025

SEAL

**By the Court**
**Sd/-**
**Assitant Registrar**
**Dt. 03.05.2025**

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પબ્લિક નોટિસ

જાહેર જનતાને આથી ખબર આપવામાં આવે છે કે અમો અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ પ્રીમાઈસીસ (''સદર પ્રીમાઈસીસ'')માં ૨જો માળ, સોહમ એપાર્ટમેન્ટ, ૨૦૮, વાલકેશ્વર રોડ, તીન બત્તી, મુંબઈ-૪૦૦૦૦૬ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર એક કંપની, **ANJIS (એન્જીસ) ડેવલપર્સ પ્રા. લિ.** (CIN No. U45200MH1994PTC076629)નું ટાઈટલ તપાસી રહ્યા છીએ.

તમામ શખ્સો જે સદર પ્રીમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઇક્વીટેબલ કે બીજી રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, પારિવારિક વ્યવસ્થા, પાર્ટીશન, પાર્ટનરશીપ, નિભાવ, બીક્વેસ્ટ, પાવર ઓફ એટર્ની, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીયન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેજ, ગેરંટી, ઇઝમેન્ટ, લોન્સ, એડવાન્સીઝ, લીસ-પેન્ડન્સ, ઇંજંક્શન કે જપ્તી, કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, હુકમ કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે આપેલા સરનામે આ છપાયાના ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સોના દાવા કંઈ હશે તો ત્યજી દીધેલ અને / કે છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતમાં બંધનકર્તા રહેશે નહીં.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**
**(''સદર પ્રીમાઈસીસ'')**

મુંબઈ શહેર અને મુંબઈ પરાના નોંધણી જીલ્લા અને પેટા-જીલ્લામાં વાલકેશ્વર રોડ, મલબાર હીલ, તીન બત્તી, મુંબઈ-૬ ખાતે આવેલ ''નીલમ કો-ઓપ. હા.સો.લિ.''ની માલિકીના ભરતમાં ૧૮૨૦.૨૬ ચો.મી. કે તે સુમારે મલબાર અને કંબાલા હીલ ડીવીજનના સી.એસ. નં. ૧૭૮ ધરાવતી જમીનના હિસ્સા પર બંધાયેલ **''સોહમ એપાર્ટમેન્ટ્સ''** તરીકે જાણીતા બિલ્ડિંગના બેઝમેન્ટ ૨ ખાતે સ્થિત નં. **૨૭ અને ૨૮** ધરાવતી અને બેઝમેન્ટ ૩ ખાતે નં. **૪૮ અને ૪૯** ધરાવતી ૪ કાર પાર્કિંગ જગ્યાઓના વપરાશ સાથે સંપૂર્ણ **૧૬મા** માળા પર કુલ ભરતમાં **૧૭૨.૬૧** ચો.મી. **૧૮૫૭.૯૮** ચો. ફુટ કારપેટ એરિયાની સમકક્ષ ફ્લેટ નં. **૧૬૦૧ અને ૧૬૦૨** હોઈ તે **તમામ** રહેણાંક પ્રીમાઈસીસ.

આજ તા. ૩જી મે, ૨૦૨૫

**LAW POINT**
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
જગત વિદ્યા માર્ગ,
ગુરુનાનક હોસ્પિટલ પાછળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ,
બાન્દ્રા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૫૧.
ઈ-મેઇલઃ response@lawpointindia.com

## પબ્લિક નોટિસ

જાહેર જનતાને આથી ખબર આપવામાં આવે છે કે અમો અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ પ્રીમાઈસીસ (''સદર પ્રીમાઈસીસ'')માં ૨જો માળ, સોહમ એપાર્ટમેન્ટ, ૨૦૮, વાલકેશ્વર રોડ, તીન બત્તી, મુંબઈ-૪૦૦૦૦૬ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવનાર એક કંપની, **ANJIS (એન્જીસ) ડેવલપર્સ પ્રા. લિ.** (CIN No. U45200MH1994PTC076629)નું ટાઈટલ તપાસી રહ્યા છીએ.

તમામ શખ્સો જે સદર પ્રીમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઇક્વીટેબલ કે બીજી રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, પારિવારિક વ્યવસ્થા, પાર્ટીશન, પાર્ટનરશીપ, નિભાવ, બીક્વેસ્ટ, પાવર ઓફ એટર્ની, કબજો, લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લીયન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેજ, ગેરંટી, ઇઝમેન્ટ, લોન્સ, એડવાન્સીઝ, લીસ-પેન્ડન્સ, ઇંજંક્શન કે જપ્તી, કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, હુકમ કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બીટ્રેશન કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે આપેલા સરનામે આ છપાયાના ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સોના દાવા કંઈ હશે તો ત્યજી દીધેલ અને / કે છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતમાં બંધનકર્તા રહેશે નહીં.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**
**(''સદર પ્રીમાઈસીસ'')**

મુંબઈ શહેર અને મુંબઈ પરાના નોંધણી જીલ્લા અને પેટા-જીલ્લામાં વાલકેશ્વર રોડ, મલબાર હીલ, તીન બત્તી, મુંબઈ-૬ ખાતે આવેલ ''નીલમ કો-ઓપ. હા.સો.લિ.''ની માલિકીના ભરતમાં ૧૮૨૦.૨૬ ચો.મી. કે તે સુમારે મલબાર અને કંબાલા હીલ ડીવીજનના સી.એસ. નં. ૧૭૮ ધરાવતી જમીનના હિસ્સા પર બંધાયેલ **''સોહમ એપાર્ટમેન્ટ્સ''** તરીકે જાણીતા બિલ્ડિંગના બેઝમેન્ટ ૨ ખાતે સ્થિત નં. **૪૧ અને ૪૨** ધરાવતી અને બેઝમેન્ટ ૩ ખાતે નં. **૪૬ અને ૪૭** ધરાવતી ૪ કાર પાર્કિંગ જગ્યાઓના વપરાશ સાથે સંપૂર્ણ **૬ઠ્ઠા અને ૭મા** માળા પર કુલ ભરતમાં **૨૫૩.૧૧** ચો.મી. **૨૭૨૪.૪૮** ચો. ફુટ કારપેટ એરિયાની સમકક્ષ ફ્લેટ નં. **૬૦૧, ૬૦૨-૭૦૨ (ડુપ્લેક્ષ)** ૬૦૩, ૭૦૧ ધરાવતા ડુપ્લેક્ષ ફ્લેટ હોઈ તે **તમામ** રહેણાંક પ્રીમાઈસીસ.

આજ તા. ૩જી મે, ૨૦૨૫

**LAW POINT**
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ,
જગત વિદ્યા માર્ગ,
ગુરુનાનક હોસ્પિટલ પાછળ,
બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ,
બાન્દ્રા (પૂર્વ),
મુંબઈ-૪૦૦૦૫૧.
ઈ-મેઇલઃ response@lawpointindia.com

## વૈશ્વિક સોનામાં બે સપ્તાહની નીચી સપાટીએથી બાર્ગેઈન હંન્ટિંગ નીકળતા બાઉન્સબૅક

# શુદ્ધ સોનાએ ₹ ૪૦૭ના ઘટાડે ₹ ૯૪,૦૦૦ની સપાટી ગુમાવી, ચાંદીમાં ₹ ૨૩૬ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેડ વૉરનો તણાવ હળવો થતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં સલામતી માટેની માગમાં ઘટાડો થતાં હાજરમાં સોનાના ભાવ ઘટીને એપ્રિલ મધ્ય પછીની નીચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ઘટ્યાં મથાળેથી રોકાણકારોનું બાર્ગેઈન હંન્ટિંગ નીકળતા ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં બે ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જોકે, આજે ચાંદીના ભાવમાં સત્રના આરંભે સુધારો જોવા મળ્યા બાદ પીછેહઠ જોવા મળી હતી.

ગઈકાલે સ્થાનિક ઝવેરી બજાર મહારાષ્ટ્ર દિન નિમિત્તે બંધ રહ્યા બાદ આજે ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં પણ ઘટાડો થવાથી સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૫થી ૪૦૭નો ઘટાડો આવ્યો હતો જેમાં શુદ્ધ સોનાના ભાવે રૂ. ૪૦૭ના ઘટાડા સાથે રૂ. ૯૪,૦૦૦ની સપાટી ગુમાવી હતી. તેમ જ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૩૬નો સાધારણ ઘટાડો આવ્યો હતો. તાજેતરમાં સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેવાની સાથે અખાત્રીજ જેવા તહેવારો અને લગ્નસરાની મોસમ પણ ચાલી રહી હોવાથી ડીલરો આ સપ્તાહમાં પાંચ મહિનામાં પહેલી વખત સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં પ્રીમિયમમાં ક્વૉટ કરી રહ્યાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સોનામાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ અને ડૉલર સામે રૂપિયો મજબૂત થતાં આયાત પડતર ઘટવાને કારણે વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૦૫ના ઘટાડા સાથે રૂ. ૯૩,૫૭૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૦૭ ઘટીને રૂ. ૯૩,૯૫૪ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૩૬ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૯૩,૯૫૪ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ ઘટીને બે સપ્તાહની નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોનું બાર્ગેઈન હંન્ટિંગ નીકળતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૩૨૬૭.૫૬ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪ ટકા વધીને ૩૨૬૬.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકના નોન ફાર્મ પે રૉલ ડેટા પર હોવાથી અમુક અંશે તેઓમાં સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હતું, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલના તબક્કે ટ્રેડ વૉરનો તણાવ હળવો થયો હોવા છતાં ઘણી બધી અનિશ્ચિતતા હોવાથી હજુ રોકાણકારોનું સોનામાં આકર્ષણ જળવાયેલું રહેશે, એમ એએનઝેડ કૉમૉડિટીઝનાં સ્ટ્રેટેજિસ્ટ સોનીકુમારીએ જણાવતાં ઉમેર્યું હતું કે સોનામાં પ્રત્યેક ઘટાડાને ખરીદીની તક ગણી શકાય તેમ છે. જો સોનાના ભાવ ઘટીને ૩૦૦૦ ડૉલર સુધી પહોંચે તો રોકાણલક્ષી માગ પ્રબળ રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

બીજિંગ અમેરિકાની ટેરિફ અંગેની ઓફરની ચકાસણી કરી રહ્યું છે અને વાટાઘાટો માટે તૈયાર પણ છે, પરંતુ કોઈપણ પ્રકારની બળજબરીને સાંખી લેવામાં નહીં આવે એવી ચેતવણી ચીનનાં વાણિજ્ય મંત્રાલયે આપી છે. નોંધનીય બાબત એ છે કે ટ્રેડ વૉરની વૈશ્વિક બજાર પર માઠી અસર પડવાની ભીતિ હેઠળ સોનામાં સલામતી માટેની માગને ટેકે ગત બાવીસમી એપ્રિલના રોજ ભાવ વધીને ઔંસદીઠ ૩૫૦૦.૦૫ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા.

હવે બજારની નજર ફેડરલ રિઝર્વનાં રેટ કટનાં નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ છે. જોકે, એપ્રિલ મહિનામાં નોન ફાર્મ પે રૉલ ડેટામાં રોજગારોની સંખ્યામાં ૧,૩૦,૦૦૦નો ઉમેરો થવાની ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. નોંધનીય બાબત એ છે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની બજારો તા.૧થી ૫ મે સુધી લેબર ડે નિમિત્તે બંધ રહેનાર છે.

# ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૭૧ પૈસા વધીને અંતે સાત પૈસા વધ્યો

મુંબઈઃ ગત એપ્રિલ મહિનામાં જીએસટીનું કલેક્શન વિક્રમ સપાટીએ પહોંચ્યું હોવાના અહેવાલ ઉપરાંત આજે જાહેર થયેલો ગત એપ્રિલ મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો પર્ચેઝિંગ મેન્યુફેક્ચરિંગ ઈન્ડેક્સ જૂન, ૨૦૨૪ પછીથી સૌથી ઝડપી ગતિએ વધીને આગલા માર્ચ મહિનાના ૫૮.૧ સામે વધીને ૫૮.૨ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગત બુધવારે પણ ઈક્વિટીમાં રૂ. ૫૦.૫૭ કરોડની ચોખ્ખી લેવાલી જળવાઈ રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો એક તક્કે ૭૧ પૈસા મજબૂત થઈને ૮૪ની અંદર ઊતરીને ૮૩.૭૬ સુધી ક્વૉટ થયા બાદ ખાસ કરીને ભારત-પાક વચ્ચેનાં ભૂરાજકીય તણાવ વધવાની ભીતિને ધ્યાનમાં લેતા સત્રના અંતે રૂપિયો સાધારણ સાત પૈસાના સુધારા સાથે ૮૪.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૮૪.૫૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૯૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૫૮ અને ઉપરમાં ૮૩.૭૬ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ સાત પૈસાના સુધારા સાથે ૮૪.૪૭ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત બુધવારે ડૉલર સામે રૂપિયામાં ૪૨ પૈસાનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે મહારાષ્ટ્ર દિન નિમિત્તે બજાર સત્તાવાર ધોરણે બંધ રહી હતી. એકંદરે ગત એપ્રિલ મહિનામાં જીએસટીની વસૂલી ૧૨.૬૧ ટકા વધીને રૂ. ૨.૩૭ લાખ કરોડની વિક્રમ સપાટીએ રહ્યું હોવાના અહેવાલ ઉપરાંત ગત એપ્રિલ મહિનાનો ઔદ્યોગિક ઉત્પાદનનો આંક દસ મહિનાની ઝડપી ગતિએ વધીને આગલા માર્ચ મહિનાના ૫૮.૧ સામે વધીને ૫૮.૨ની સપાટીએ રહ્યો હોવાથી તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી જળવાઈ રહેવાની સાથે વિદેશી બૅન્કોની ડૉલરમાં વેચવાલી રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૩.૭૦થી ૮૪.૫૦ની રેન્જમાં રહે તેમ જણાય છે.

# વૈશ્વિક મિશ્ર અહેવાલ અને પાંખાં કામકાજે ખાદ્યતેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૮ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૧ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ એકંદરે આજે વૈશ્વિક બજારનાં મિશ્ર અહેવાલ ઉપરાંત હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલમાં આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. ગઈકાલે મોડી સાંજે સરકારે આયાત માટેનાં વિનિમય દર જે ૮૬.૪૦ હતા તે ઘટાડીને ૮૫.૫૫ નિર્ધારિત કર્યા હોવાથી સ્થાનિકમાં આયાતી તેલની અસરકારક જકાતમાં ઘટાડો આવ્યો હતો, જેમાં ટનદીઠ ક્રૂડ પામતેલની જકાત રૂ. ૨૪૫ ઘટીને રૂ. ૨૪,૬૭૯, આરબીડી પામોલિનની જકાત રૂ. ૩૩૮ ઘટીને રૂ. ૩૪,૦૦૯ અને સોયાબીન ડિગમની જકાત રૂ. ૨૫૮ ઘટીને રૂ. ૨૫,૯૪૯ના મથાળે રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૮૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૬૦માં અને રાજકોટ મથકે ૪૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૫૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગોલ્ડન એગ્રી, રૂચી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૧૩, રૂ. ૧૨૨૦થી ૧૨૨૫ અને રૂ. ૧૨૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હતા. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, સિંગતેલના રૂ. ૧૩૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સરસવના રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા.

# ઉત્તન-વિરાર સી-લિંકનું કામ ફાસ્ટ ટ્રેક પર

## એમએમઆરડીએની પહેલા તબક્કાને મંજૂરીઃ વિરાર-પાલઘર વચ્ચેના બીજા તબક્કા સંબંધી અભ્યાસ થઈ રહ્યો છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોસ્ટલ રોડ એક્સટેન્શન એવા ઉત્તન (ભાયંદર)થી વિરાર વચ્ચેના સી-લિંકના નિર્માણકાર્યનો અમલ ફાસ્ટ ટ્રેક કરવાનો નિર્ણય મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી(એમએમઆરડીએ) દ્વારા લેવાયો છે. એમએમઆરડીએની શુક્રવારે યોજાયેલી બેઠકમાં ઉત્તન-વિરાર સી લિંકના પહેલા તબક્કાનાં સુધારિત પ્લાનને મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે બીજા તબક્કામાં વિરારથી પાલઘર વચ્ચેના કોસ્ટલ રોડ માટે હાલ ફિઝિબિલિટી સ્ટડી ચાલી રહી હોવાથી તેને અમલમાં મૂકવામાં સમય લાગવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ માટે જાપાન ઈન્ટરનેશનલ કૉર્પોરેશન એજન્સી તરફથી ૭૨ ટકા અને ૨૮ ટકા ફંડ મહારાષ્ટ્ર સરકાર અને એમએમઆરડીએનું રહેશે.

ભાયંદરથી પાલઘર વચ્ચે કોસ્ટલ રોડ બનાવવાની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. અગાઉ આ પ્રોજેક્ટ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન અમલમાં મુકાવાની હતી પણ ઓક્ટોબર ૨૦૨૨માં તેને એમએમઆરડીએને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ફેઝ-ટૂમાં વિરારથી પાલઘર વચ્ચે કોસ્ટલ રોડ બનશે. શુક્રવારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં એમએમઆરડીએની બેઠક યોજાઈ હતી, જેમાં ઉત્તનથી વિરાર વચ્ચેના સી-લિંકના કામને તાત્કાલિક અમલમાં મૂકવા માટે મંજૂરી આપવામાં આવી હતી. મુંબઈ મહાનગરપાલિકાના ઉત્તર કોસ્ટલ રોડ પ્રોજેક્ટ વર્સોવાથી આગળ દહિસર અને ભાંયદર સુધી જવાનો છે, તેથી એમએમઆરડીએએ હાલ

(જુઓ પાનું ૪) ▶▶

# નવી મુંબઈની એડ્યુસિટીમાં ૧૫૦૦ કરોડના ખર્ચે યુકે અને ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીઓ કેમ્પસ સ્થાપશે

મુંબઈઃ ઓસ્ટ્રેલિયા અને યુનાઇટેડ કિંગડમની બે અગ્રણી યુનિવર્સિટીઓએ શુક્રવારે નવી મુંબઈમાં તેમના કેમ્પસ સ્થાપવા માટે મહારાષ્ટ્ર સરકાર સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હોવાનું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

નવી મુંબઈમાં ચાલી રહેલી વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઇનમેન્ટ સમિટ (વેવ્ઝ)માં ફડણવીસે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ હેઠળ દરેક કેમ્પસમાં રૂ.૧,૫૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના છે.

નવી મુંબઈમાં સિટી એન્ડ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓફ મહારાષ્ટ્ર દ્વારા શરૂ કરવામાં આવેલા મેગા એજ્યુકેશન હબ એડ્યુસિટી ખાતે આ કેમ્પસ શરૂ કરવામાં આવશે એમ જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે એડ્યુસિટીમાં વિશ્વની ટોપ ૧૦૦માં સ્થાન ધરાવતી વિશ્વની ૧૦થી ૧૨ ટોચની યુનિવર્સિટીઓના કેમ્પસ હશે.

શુક્રવારે યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા અને યુનિવર્સિટી ઓફ યોર્ક સાથે એડ્યુસિટીમાં તેમના કેમ્પસ સ્થાપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

એડ્યુસિટીમાં કેમ્પસ સ્થાપવા માટે વધુ ત્રણ યુનિવર્સિટીઓ સાથે વાટાઘાટોને આખરી ઓપ આપવામાં આવ્યો છે. અન્ય પાંચ વિદેશી યુનિવર્સિટીઓ સાથે ચર્ચા ચાલી રહી છે.

ફડણવીસે એવીજીસી (એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ) સેક્ટરની ૪૩ મીડિયા અને એન્ટરટેઇનમેન્ટ કંપનીઓ પર નજર રાખતા નિફ્ટી વેવ્ઝ ઇન્ડેક્સ લોન્ચ કરવા બદલ એનએસઇની પ્રશંસા કરી હતી. (પીટીઆઈ) ■



# સંસ્કૃતિના જનક ભારતનો સમય ફરી આવી ગયો છેઃ નીતા અંબાણી

મુંબઈઃ રિલાયન્સ ફાઉન્ડેશનનાં સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણીએ હાલમાં ચાલી રહેલી વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વૅવ્ઝ) ૨૦૨૫ના બીજા દિવસે 'ભારતીય સંસ્કૃતિને વિશ્વમાં લઈ જવા' પર એક વિચારશીલ ભાષણ આપ્યું હતું. મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર (જેડબલ્યુસીસી)માં ખીચોખીચ ભરેલા ઓડિટોરિયમમાં નીતા અંબાણીએ ભારતમાં 'પવિત્ર પરંપરા' અને 'આધુનિક ગતિશીલતા'ના શક્તિશાળી સંયોજન પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, સૈકાઓ સુધી ભારતે વિશ્વને શાણપણની તેમજ તેની સુંદરતા તથા આત્માની ભેટ આપી છે. સમયાંતરે એનો અવાજ થોડો નરમ પડી ગયો હતો પણ હવે એનો ફરી ઉદય થઈ રહ્યો છે. સંસ્કૃતિના જનક એવા ભારતનો સમય ફરી આવી ગયો છે. નીતા અંબાણીએ જણાવ્યું હતું કે 'આપણો દેશ સભ્યતાથી સમૃદ્ધ છે, પરંતુ સાથે સાથે વિશ્વમાં યુવા વર્ગની સૌથી વધુ વસ્તી ધરાવતો આપણો દેશ ઊર્જાથી ધબકે છે. એક એવો દેશ છે

(જુઓ પાનું ૪) ▶▶

# વધુ થિયેટરો બનાવવા માટે રોકાણ કરવાની જરૂર છેઃ આમિર ખાન



મુંબઈઃ સુપરસ્ટાર આમિર ખાને શુક્રવારે કહ્યું કે ભારત એક ફિલ્મ પ્રેમી દેશ છે પરંતુ તેના મોટાભાગના લોકો સિનેમાઘરો સુધી પહોંચતા નથી.

અહીં પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વૅવ્ઝ)ના બીજા દિવસે, ૬૦ વર્ષીય અભિનેતાએ ''સ્ટુડિયો ઓફ ધ ફ્યુચરઃ પુટિંગ ઈન્ડિયા ઓન વર્લ્ડ સ્ટુડિયો મેપ'' શીર્ષકવાળા સત્રમાં ભાગ લીધો.

આમિરે કહ્યું કે ઉદ્યોગના વિકાસને વેગ આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણની ગંભીર જરૂર છે.

મારું માનવું છે કે ભારતમાં ઘણા બધા થિયેટર અને વિવિધ પ્રકારના થિયેટર હોવા જોઈએ. દેશમાં એવા જિલ્લાઓ અને વિશાળ વિસ્તારો છે જ્યાં એક પણ થિયેટર નથી, એમ તેમણે જણાવ્યું હતું. ■

# લોકલ ટ્રેન ઊથલાવવાનો કારસો?

## મીરા રોડ સ્ટેશનના ટ્રેક પરથી લાકડાનાં બૉક્સ મળ્યાંઃ તપાસ શરૂ કરાઈ

મુંબઈઃ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલાને પગલે શહેરમાં પોલીસને અલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે ત્યારે મુંબઈ નજીકના મીરા રોડ સ્ટેશન નજીક રેલવેના પાટા પરથી લાકડાનાં બૉક્સ મળી આવતાં પોલીસ તપાસમાં લાગી હતી. ભાંગફોડિયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોએ ટ્રેનને ઊથલાવી પાડી મોટી દુર્ઘટનાને અંજામ આપવાનો કારસો ઘડ્યો હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ બુધવારની રાતે નવ વાગ્યાની આસપાસ લાકડાની બે પેટી મળી આવી હતી. ટ્રેક ઈન્સ્પેક્શન ટીમની નજર મીરા રોડ અને ભાયંદર સ્ટેશન વચ્ચેના પાટા પર મુકાયેલાં આ બન્ને બૉક્સ પર પડી હતી. મુંબઈ આવતી ફાસ્ટ લોકલના ટ્રેક પર આ બૉક્સ મુકાયાં હતાં, એવું અધિકારીએ જણાવ્યું હતું.

ટ્રેનના પ્રવાસીઓના જીવને જોખમમાં મૂકવાના આ કથિત કાવતરા પ્રકરણે વસઈ ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫(એ), ૧૨૬(૨) અને ૩૨૯(૩) તેમ જ ઈન્ડિયન રેલવે ઍક્ટની કલમ ૧૫૨ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

આ પ્રકરણે મીરા રોડના સ્ટેશન માસ્ટરે ફરિયાદ નોંધાવી હતી. ટ્રેનને પાટા પરથી ઊથલાવી પાડવા અથવા પ્રવાસીઓના જીવને જોખમમાં મૂકવાને ઇરાદે અજાણી વ્યક્તિએ આવું કૃત્ય કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

શકમંદને ઓળખી કાઢવા માટે પોલીસ રેલવે સ્ટેશન અને ટ્રેક નજીકના પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. ■

# એઆઇના નૈતિક ઉપયોગના નિયમો રચવા સરકારો પ્રયાસ કરેઃ અશ્વિની વૈષ્ણવ

મુંબઈઃ આર્ટિફિશિયલ ઇન્ટલિજન્સ (એઆઇ)ના નૈતિક ઉપયોગ માટે સ્પષ્ટ નિયમો અને ધોરણો માટે સરકારો તરફથી સંયુક્ત પ્રયાસ કરવાની જોરદાર રજૂઆત માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે કરી હતી.

અહીં વર્લ્ડ ઓડિયો, વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવ્ઝ) ખાતે ગ્લોબલ મીડિયા ડાયલોગને સંબોધતા, તેમણે કહ્યું કે સ્થાનિક વાર્તાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતા સરકાર, ઉદ્યોગ અને સર્જકો વચ્ચે જોડાણ અનિવાર્ય બની ગયું છે. ''સરકાર તરીકે, આપણે દરેકને પોતાની વાર્તા વિશ્વ સમક્ષ રજૂ કરવાની વાજબી તક પૂરી પાડવી જોઈએ. આપણે લોકલ કન્ટેન્ટ પ્રમોશનને પ્રોત્સાહન આપવું

(જુઓ પાનું ૪) ▶▶

# ઉત્તર ભારતની લાર્જર ધેન લાઇફ હીરો જોવાની તમન્નાને લીધે જ 'પુષ્પા'-'કેજીએફ' સફળ થઈઃ નાગાર્જુન

મુંબઈઃ દક્ષિણના સુપરસ્ટાર નાગાર્જુને શુક્રવારે કહ્યું કે 'પુષ્પા' અને 'કેજીએફ' જેવી ફિલ્મોએ ઉત્તર ભારતમાં વધુ સારું પ્રદર્શન કર્યું છે કારણ કે ત્યાંના લોકો લાર્જર ધેન લાઇફ હીરોને જોવા માગતા હતા.

'પુષ્પા' માંથી અલ્લુ અર્જુનનું મજૂરમાંથી દાણચોર બનેલા પુષ્પરાજ જેવું પાત્ર બિહાર, પંજાબ અને ઉત્તર પ્રદેશ જેવા સ્થળોએ દર્શકો માટે તાજી હવાના તરીકે આવ્યું હતું અને તેથી જ ફિલ્મે મૂળ સંસ્કરણ કરતાં હિન્દી ભાષામાં વધુ કમાણી કરી હતી, એમ નાગાર્જુને કહ્યું હતું.

'પુષ્પા' બંને ફિલ્મોએ તેલુગુ કરતાં ઉત્તરમાં વધુ કમાણી કરી. 'પુષ્પા' પહેલા અમે તેલુગુમાં સમાન પ્રકારની વાર્તાઓ જોઈ છે અને તે અમારા માટે કંઈ નવું નહોતું. જ્યારે ઉત્તરમાં, બિહાર, પંજાબ અને યુપીમાં, તેઓ 'કેજીએફ' અથવા 'બાહુબલી' માંથી પુષ્પા અથવા યશની ફિલ્મ રોકી

(જુઓ પાનું ૪) ▶▶

# ફળોનાં કન્સાઈન્મેન્ટમાં ડ્રગ્સની તસ્કરી

## એપીએમસી માર્કેટમાં શોધાશોધ, ૧૫૦ તાબામાં

મુંબઈઃ આયાતી ફળોનાં કન્સાઈન્મેન્ટ સાથે ડ્રગ્સની તસ્કરી કરવામાં આવતી હોવાના આક્ષેપોને પગલે નવી મુંબઈ પોલીસે વાશીની એપીએમસી માર્કેટમાં મોટું સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. દિવસ દરમિયાન પોલીસની ટીમે લગભગ ૧૫૦ લોકોને તાબામાં લઈ પૂછપરછ હાથ ધરી હતી.

નવી મુંબઈ પોલીસે હાલમાં જ કસ્ટમ્સના ઉચ્ચ અધિકારી અને પોલીસ કોન્સ્ટેબલોની 'મહેરબાની'થી ચાલતા ડ્રગ્સ રૅકેટનો પર્દાફાશ કર્યો હતો.

થાઈલૅન્ડથી હવાઈ માર્ગે લવાતા ડ્રગ્સને ઍરપોર્ટથી બહાર કાઢી શહેરમાં ઘુસાડવામાં કસ્ટમ્સ અને પોલીસની ભૂમિકાના ખુલાસાથી ખળભળાટ મચી ગયો હતો. હવે વાશીની એપીએમસી માર્કેટમાં આયાતી ફળોનાં કન્સાઈન્મેન્ટમાં સંતાડીને ડ્રગ્સ લાવવામાં લાવતું હોવાની માહિતી પોલીસને મળી હતી.

એપીએમસી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અજય શિંદેએ જણાવ્યું હતું કે શુક્રવારે આ ઑપરેશન હાથ ધરાયું હતું. સવારથી હાથ ધરાયેલી કાર્યવાહીમાં ૩૦ અધિકારી અને ૧૦૦થી વધુ પોલીસ કર્મચારી સામેલ હતા. મોડી સાંજ સુધી આ કાર્યવાહી ચાલી હતી.

માથાડી યુનિયનના નેતા નરેન્દ્ર પાટીલે દાવો કર્યો હતો કે એપીએમસીમાં ડ્રગ્સની તસ્કરી થાય છે.

આ માહિતીની ખાતરી કરવા શુક્રવારે પોલીસ ઍક્શન મોડમાં આવી ગઈ હતી. માર્કેટ પરિસરમાંથી તપાસ દરમિયાન ૧૫૦થી વધુ લોકોને તાબામાં લેવાયા હતા. તાબામાં લેવાયેલાઓના નાગરિકત્વના પુરાવા સહિત અન્ય દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે.

સર્ચ ઑપરેશન દરમિયાન પોલીસે આઠ કૉલ્ડ સ્ટોરેજ, અનેક ગોદામ અને આખા માર્કેટ પરિસરને કોર્ડન કરી લીધો હતો. ડ્રગ્સની તપાસ માટે સ્નિફર ડૉગ્સ અને ફોરેન્સિકની ટીમને પણ બોલાવવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# અનેકાંતવાદનું ગળું ઘોટાયું, પરંપરાને અવાજ આપવાની જરૂરઃ જયશંકર

મુંબઈઃ વિશ્વમાં લોકશાહી તંત્ર મજબૂત બને એ માટે પરંપરા, સંસ્કૃતિ અને વિચારધારાને અવાજ મળે એ જરૂરી છે એમ વિદેશ પ્રધાન એસ. જયશંકરે શુક્રવારે જણાવી ભૂતકાળમાં મહાસત્તા અને સંસ્થાનવાદ દ્વારા અનેકાંતવાદનું ગળું ઘોંટવાની કોશિશ કરવામાં આવી હતી એનો ઉલ્લેખ કર્યો હતો.

મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઇનમેન્ટ સમિટ (વૅવ્ઝ)માં માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવ સાથે ગ્લોબલ મીડિયા ડાયલોગને સંબોધતા તેમણે મજબૂત સર્જનાત્મકતામાં યોગદાન આપવા પ્રતિભા માટે સરળ ગતિશીલતા માટે પણ પ્રભાવીપણે રજૂઆત કરી હતી.

જયશંકરે આર્ટિફિશ્યલ ઇન્ટલિજન્સ (એઆઈ)ના યુગમાં રહેલી પ્રચંડ સંભાવનાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ટેક્નોલોજી અને પરંપરા હાથમાં હાથ મિલાવી આગળ વધવી જોઈએ. આર્ટિફિશ્યલ ઇન્ટલિજન્સના વધતા પ્રભાવ વચ્ચે વિદેશ મંત્રીએ ચેતવણી આપી હતી કે ઉભરતી ટેક્નોલોજીના વપરાશમાં ખબરદારી રાખવી જરૂરી છે. કોઈ પણ ક્ષેત્રમાં વિકાસ કે પ્રગતિ થાય ત્યારે સમસ્યાઓ એની સંગાથે આવે જ અને આર્ટિફિશ્યલ ઈન્ટલિજન્સ ક્ષેત્રે પણ એવું થાય એ સ્વાભાવિક છે. જયશંકરે એમ પણ જણાવ્યું હતું કે આ યુગનું રાજકારણ સત્યતા જાળવવા ઝઝૂમશે, પણ વ્યવસાય ક્ષેત્રમાં નવા બૌદ્ધિક સંપત્તિ પડકારોનો સામનો કરવો પડશે કારણ કે બિઝનેસમાં સર્જનાત્મકતા અને નવી વિચારધારાને પોષણ મળે છે. ઊભરતી ટેક્નોલોજીનો જવાબદાર ઉપયોગ વિશે સતર્ક રહેવું પડશે. પૂર્વગ્રહમાં ઘટાડો કરવો, કન્ટેન્ટનું લોકશાહીકરણ કરવું અને તેના નીતિશાસ્ત્રને પ્રાધાન્ય આપવું એ ઉભરતા પ્રવાહનો એક ભાગ છે. (પીટીઆઈ) ■

# 'થ્રી ઈડિયટ્સ' ગમી હોવાનું ખુદ સ્પીલબર્ગે મને કહ્યું હતુંઃ કરીના



મુંબઈ : ભારતીય સિનેમા માત્ર ભારતના જ નહીં પણ હોલિવૂડ સહિત દુનિયાભરના લોકો જૂએ છે અને વખાણે છે. કરીના કપૂરે ૨૦૦૯ના એક સંવાદને અભિનેત્રી કરીના કપૂરે યાદ કરતાં જણાવ્યું હતું કે, હોલિવૂડના દંતકથારૂપ ફિલ્મસર્જક સ્ટીવન સ્પીલબર્ગે પોતાને કહ્યું હતું કે તેમણે 'થ્રી ઈડિયટ્સ' જોઈ છે એ તેમને એ તેમને ગમી પણ છે.

વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વૅવ્ઝ)માં, અભિનેત્રીએ રાજકુમાર હિરાની દ્વારા દિગ્દર્શિત અને આમિર ખાન સાથેની 'થ્રી ઈડિયટ્સ'ની રિલીઝ પછી તરત જ એક વિદેશી રેસ્ટોરાંમાં સ્પીલબર્ગને મળવાની વાર્તા સંભળાવી હતી.

''સ્ટીવન સ્પીલબર્ગ પણ આજે આપણી હિન્દી ફિલ્મો જોઈ રહ્યો છે... હું ક્યાંક મુસાફરી કરી રહ્યો હતો અને એક રેસ્ટોરાંમાં, સ્ટીવન સ્પીલબર્ગ પણ ત્યાં હતો. આ ઘણા ચાંદ પહેલાની વાત છે, 'થ્રી ઈડિયટ્સ' હમણાં જ રિલીઝ થઈ હતી. અને તે મારી પાસે આવ્યો અને પૂછ્યું, શું તમે જ એ પ્રખ્યાત ભારતીય ફિલ્મમાં હતા

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# એજાઝ ખાનનો અશ્લીલ રિયાલિટી શો ઉલ્લુ ઍપ પરથી હટાવી લેવાયો

મુંબઈઃ અભિનેતા એજાઝ ખાનના રિયાલિટી શો હાઉસ અરેસ્ટ ને તેના અશ્લીલ જાતીય સામગ્રી પર ભારે વિવાદ બાદ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ ઉલ્લુ પરથી દૂર કરવામાં આવ્યો છે. આ શોને લીધે ભારે વિવાદ થયો હતો.

શોની એક ટૂંકી વીડિયો ક્લિપથી આક્રોશ ફેલાયો હતો અને રાજકીય નેતાઓ અને સોશ્યલ મીડિયા પર અન્ય લોકો તરફથી ઉગ્ર પ્રતિક્રિયાઓ આવી તે પછી આ વાત સામે આવી છે.

ક્લિપમાં ખાન મહિલા સ્પર્ધકો પર કેમેરા પર ઘનિષ્ઠ કૃત્યો કરવા માટે દબાણ કરતો જોવા મળે છે. વાતચીતમાં કેટલાક સહભાગીઓને અશ્લીલતાની સરહદે તપાસ, વ્યક્તિગત પ્રશ્નોથી અસ્વસ્થતા અનુભવાતી હોય તેવું પણ લાગે છે.

રાષ્ટ્રીય મહિલા આયોગે વિવાદની આપમેળે નોંધ લેતા અને તેની સામગ્રી પર સખત નિંદા વ્યક્ત કર્યા પછી ઉલ્લુના સીઈઓ વિભુ અગ્રવાલ અને બિગ બોસના ભૂતપૂર્વ સ્પર્ધક એજાઝ ખાનને સમન્સ પાઠવ્યા છે.

''વાયરલ ક્લિપ્સમાં મહિલાઓને કેમેરા પર બીભત્સ કૃત્યો માટે દબાણ કરવામાં આવતું બતાવવામાં આવ્યું છે. આયોગ અશ્લીલતાને પ્રોત્સાહન આપવા બદલ પ્લેટફોર્મની નિંદા કરે છે,'' એમ એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

શિવસેના (યુબીટી)નાં રાજ્યસભાનાં સભ્ય પ્રિયંકા ચતુર્વેદીએ ગુરુવારે તેમના એક્સ હેન્ડલ પર શોની એક ક્લિપ શેર કરી અને પૂછ્યું કે આવી ''અશ્લીલ સામગ્રી'' દેખાડતી સામગ્રીનો એપ પર પ્રતિબંધ કેમ નથી.

મહારાષ્ટ્ર ભાજપના વિધાન સભ્ય ચિત્રા વાઘે પણ માંગ કરી હતી કે આ શો પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં આવે. (પીટીઆઈ) ■

# વાહન ભાડે આપવાની સ્કીમમાં ૧,૩૭૫ રોકાણકાર સાથે ૨૦ કરોડની છેતરપિંડી

## ૨૪૬ વાહન જપ્તઃ મહિને પંચાવનથી ૭૫ હજારની આવકની લાલચઃ મુખ્ય આરોપી વિરુદ્ધ ગુજરાત-મહારાષ્ટ્રમાં અનેક ગુના

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ વાહનો ભાડે આપવાની સ્કીમ હેઠળ મોટું રૅકેટ ચલાવનારા મુખ્ય આરોપી સહિત બે જણની ધરપકડ કરી પોલીસે ૨૪૬ વાહન જપ્ત કર્યાં હતાં. રોકાણકારોને નામે લોન પર લીધેલાં વાહનો ઍરપોર્ટ અને જેએનપીટી ખાતે ભાડે ચલાવીને મહિને પંચાવનથી ૭૫ લાખ રૂપિયાની આવકની લાલચ આપનારા આરોપીએ ૧,૩૭૫ રોકાણકાર સાથે ૨૦ કરોડથી વધુ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. આરોપી વિરુદ્ધ ગુજરાત અને મહારાષ્ટ્રમાં અનેક ગુના નોંધાયેલા છે.

કાશીમીરા પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ સંદીપ સુરેશ કાંદળકર ઉર્ફે રાજુ રાજીવ જોશી અને તેના સાથી સચિન સુનીલ તેટગુરે તરીકે થઈ હતી. આ કેસમાં વધુ સાત શકમંદની સંડોવણીની શક્યતાને પગલે પોલીસ તેમની તપાસ કરી રહી છે.

મીરા રોડમાં રહેતા ભાવેશ અંબવણેએ ૨૦ એપ્રિલે નોંધાવેલી ફરિયાદ બાદ કાશીમીરા પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મુખ્ય આરોપી તરીકે કાંદળકરનું નામ સામે આવ્યું હતું. લોન પર લીધેલાં ફોર વ્હીલર્સ ભાડે આપવાની સ્કીમ હેઠળ આરોપી મોટું રૅકેટ ચલાવતો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું.

રાજુ જોશી નામે પોતાની ખોટી ઓળખ આપનારો આરોપી રોકાણકારને લોન પર વાહન ખરીદવાનું કહેતો

(જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.